આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૧ ● અંક : ૧
સળંગ અંક : ૯૭૩
માર્ચ-૨૦૨૧



## વિશ્વ વન દિવસ



# પદ્મશ્રી ડો. રઘુભાઈ નાયક

**૧૫ ઓગસ્ટ-૧૯૦૭ ● ૩૧ માર્ચ-૨૦૦૫**

કેળવણીનું ક્ષેત્ર ઉપદેશ કે ઉપાલંભના સાધન ઉપર પોતાની સફળતા માટે મદાર બાંધતું નથી. એ ક્ષેત્રમાં પડનાર શિક્ષક તો પોતાના જીવનમાં અને તેની સાથે જ અનેકવિધ વિકાસપોષક પ્રવૃત્તિઓથી ભણનારાના જીવનમાં પલટો આણવાનો પ્રયત્ન કરે છે. અહીં બાળપણમાં જે મૂળ નંખાય છે તે પછી ફાલેફૂલે છે અને વિવેકીવર્તન માત્ર વાણીમાં નથી રહેતું. જીવનમાં પણ ઊતરે છે.

●

ભણનાર બાળકને કેવળ સ્વાતંત્ર્ય આપીને સંતોષ માનવામાં નવી આવતો. અહીં તો સ્વાતંત્ર્યની સાથે સાથે નાની મોટી જવાબદારીઓ પણ સોંપવામાં આવે છે અને સ્વાતંત્ર્ય તથા જવાબદારીનો સુમેળ સંધાય છે ત્યારે એમાંથી જીવનનો વિવેક આપોઆપ જન્મ લે છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૦

સળંગ અંક : ૯૭૩ | માર્ચ - ૨૦૨૧



સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જશીબહેન નાયક, જ્યોતીન્દ્રભાઈ દવે, સજુભા ઝાલા

પરામર્શ : મૃદુલાબહેન ત્રિવેદી, અમીતાબહેન પાલખીવાલા, અશોકભાઈ સોમપુરા, હેતલબહેન શાસ્ત્રી

ડિઝાઈન : મનીષ પટેલ


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


ગાંધીગીરી — ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર / ૬

શિક્ષણ : કોની જવાબદારી ? — પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયક / ૧૩

ખંખોળિયું — બાબુ નાયક / ૧૪

વિશ્વવિખ્યાત કૃષિવૈજ્ઞાનિક જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર — ગુલાબભાઈ જાની / ૧૫

અપેક્ષા અને આકાંક્ષાઓનું ઘોડાપુર — રણછોડ શાહ / ૧૮

પરબીડિયું — રવજી ગાબાણી / ૨૦

શિક્ષકની ચેતના — ડૉ. અરુણ જે. કક્કડ / ૨૨

નાસાનું "લગે-રહો" મંગળ-યાન : પર્સીવિઅરન્સ — રાજેન્દ્ર દવે / ૨૫

કહેવતોમાં 'મા' — ઈશ્વરભાઈ વાઘેલા / ૨૮

"પૂણ્યો ફળ્યા ભારતની પ્રજાના !" — પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૧

વિશ્વ વન દિવસે આપણે શું કરી શકીએ... — નટવર હેડાઉ 'વનવિહારી' / ૩૭

૨૨મી એપ્રિલ એટલે 'પૃથ્વીદિવસ' સર્વ જીવોના આધારરૂપ પૃથ્વીનું આપણે જતન કરીએ — પ્રો. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ / ૩૯

રાષ્ટ્રીય પ્રવેશ પરીક્ષામાં પ્રાદેશિક ભાષાઓ — રસેશ શાહ / ૪૨



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# ગાંધીગીરી

ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના

૩૦૨, યશ ઍક્વા કૉમ્પ્લેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિદ્યાદાનમાં ભણવા આવતો વિપુલ નામનો એક છોકરો એક દિવસ અચાનક ખૂબ અકડાઈ ગયો. ભણવા આવ્યો ત્યારે ખૂબ ગુસ્સામાં હતો. આવતાંની સાથે તેણે પોતાનું દફતર ફેંક્યું. બેસવાનું આસનીયું પણ લાવીને ફેંક્યું. બધાંને ખબર પડી ગઈ કે વિપુલ ગુસ્સામાં છે.

ઋતુએ તેને પોતાની પાસે બોલાવ્યો. વાતો કરતાં ખબર પડી કે આગલી રાતે વિપુલના ઘરના ચારે ચાર પુરૂષો દારૂ પીને આવ્યા હતા. વિપુલના ઘરમાં તેના પપ્પા, કાકા, કાકા-દાદા અને દાદા એમ કુલ ચાર પુરૂષો રહેતા હતા. કોઈ લગ્ન પ્રસંગે ચારેચાર પુરુષો ચિક્કાર દારૂ પીને આવ્યા હતા. રાત્રે તેમણે વિપુલ, તેના મમ્મી અને ભાઈ-બહેનોને ઘરની બહાર કાઢી મૂક્યા હતા. તેઓ ખુલ્લામાં સૂતાં એટલે તેમને આખી રાત માંકડ અને મચ્છરોએ ખૂબ હેરાન કર્યાં હતાં. આખી રાત ઊંઘ આવી નહોતી. વિપુલને મનમાં ફફડાટ હતો કે જેવા મારા પિતા સવારે ઉઠશે એટલે પોતાની મમ્મીને ખૂબ મારશે. આ બધાને કારણે તે ગુસ્સામાં હતો.

ઋતુ અને તેમની ટીમને થયું કે આ સ્થિતિ યોગ્ય ન કહેવાય. તેમને થયું કે આપણે વિપુલના ઘરે જવું જોઈએ. ઋતુ અને અન્ય ત્રણ સ્વયંસેવકો વિપુલના ઘરે ગયા. દસેક વાગ્યા હતા તો પણ રાત્રે દારૂ પીને આવેલા ચારે ચાર પુરૂષો હજી સૂતા હતા. ઋતુએ રાહ જોવાનું નક્કી કર્યું. તેઓ એકાદ કલાક બેસી રહ્યાં. વિપુલના પિતા ઊઠ્યા એટલે તેમણે રાડારાડ શરૂ કરી. તેઓ એકસાથે અનેક વસ્તુઓ માગવા લાગ્યા. જો કે, વિદ્યાદાનની ટીમને જોઈને શરમમાં પડ્યા અને પછીથી ચૂપ પણ થયા.

વિદ્યાદાનની ટીમે તેમને ખૂબ સમજાવ્યા. પ્રારંભમાં તો તેમણે કહ્યું કે આ અમારો અંગત મામલો છે. તમારે વચ્ચે ના બોલવું જોઈએ. જ્યારે તેમને એવું કહેવામાં આવ્યું કે અમે તમારા બાળકોને ભણાવવાનું બંધ કરીશું ત્યારે તેમને ફડક પડી. એવું થાય તે તેમને મંજૂર નહોતું. એ પછી તો તેમણે કહ્યું કે અમે દારૂ નહીં પીએ. ઋતુએ વિપુલ અને તેના મમ્મીને કહ્યું કે તેઓ જ્યારે પણ દારૂ પીને આવે ત્યારે તમારે કોઈ પણ સ્થિતિમાં નહીં જમવાનું. ઉપવાસ કરીને વિરોધ કરવાનો. આ એક નવું શસ્ત્ર હતું. ચાલશે કે નહીં તેની ખબર નહોતી. જોકે,ચાલ્યું. જે દિવસે વિપુલના પિતા દારૂ પીને આવતા તે દિવસે વિપુલ અને તેના મમ્મી મોંમાં અનાજનો એક પણ દાણો નાખતાં નહીં. અવાર-નવાર આવું બનવા લાગ્યું એટલે વિપુલના પિતાએ દારૂ પીવાનું છોડી દીધું. એ પછી તો તેમણે પોતે પણ ઉપવાસનું આ શસ્ત્ર વાપરવા માંડ્યું. પોતાના ભાઈ કે પિતા દારૂ પીને આવતા ત્યારે તેઓ પણ ઉપવાસ કરતા. તેની અસર થઈ અને તેમણે પણ દારૂ પીવાનું ઓછું કર્યું.

મહાત્મા ગાંધીએ ઉપવાસનો ઉપયોગ અહિંસક રીતે વિરોધ કરવા માટે કરેલો. વિપુલના પરિવારે તેનો અસરકારક ઉપયોગ કર્યો અને સુખના પ્રદેશ તરફ ગતિ કરી.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## ખવાઈ જતા પાયા

**ગાંધીવાદી અને ગુજરાતના જાણીતા કેળવણીકાર શ્રી જુગતરામ દવે એ વર્ષો પહેલા વ્યક્ત કરેલી તેમની શિક્ષણ અને કેળવણી અંગેની ચિંતા અને વ્યથા આજે પણ એટલી જ પ્રસ્તુત છે. - તંત્રી**

દેશનાં કરોડો બાળકોમાંથી થોડા લાખ એકડા-બગડા ઘૂંટતાં શીખે, તેમાંથી ચળાઈને પાંચ-દસ ટકા 'માટલી ફોડે', તેમાંથી ઝટકાઈને થોડા હજાર 'બી.એ.' અને તેમાંથી ઊડીને વળી થોડાએક સો કંઈક મોટું ભણતર ભણે અને પ્રોફેસર કે દાકતર કે ઈજનેર બને કે સરકારી નોકરીમાં પેસી આપણા હાકેમો બને, અને એ થોડ સો દેવો દુનિયાના છેડા ઉપર ક્યાંય નથી મળતા તેટલા મોટા પગાર અથવા ફી અથવા નફા કમાતા થાય - ભણતરને નામે ચાલતા આ ધંધાથી કેમ સંતોષ થાય ?

જે કરોડો બાળકો અને બાળાઓને આપણા એકડા-બગડા પહોંચે છે તે બધાંની નજર મોટા પગારવાળા મહાનુભાવોના ધ્રુવલક્ષ્ય તરફ તાકતી અચૂક થઈ જાય છે. તેઓ મનથી માણસ મટી જાય છે, ટાઢ-તડકો અને મહેનતના જીવનને ધિક્કારતાં થાય છે, મોટા પગાર મેળવી આરામનું જીવન ગુજારવાનાં અશક્ય સ્વપ્નાં સેવનાર 'ઊજળિયાત' દેવોની ન્યાતમાં મનથી ભળી જાય છે. આપણે ત્યાં શિક્ષણને નામે ચાલતું ચક્ર તેનાં બીજાં બધાં ધ્યેયોમાં નિષ્ફળ નીવડ્યું હોય તોપણ તેનું આ પરિણામ તો પૂર્ણપણે અચૂક છે : પ્રજાચારિત્ર્યના મૂળ પાયાઓ ખોદી કાઢવામાં તે સોએ સો ટકા સફળ થયું છે.

પ્રજા આપ-મતલબી થઈ ગઈ છે. પગાર, નફા અને આરામને ધ્યેય કરીને વર્તવા લાગી છે. તે ધ્યેયને ખાતર સત્ય, નીતિ, સંયમ, સ્વદેશી, રાષ્ટ્રભક્તિ વગેરે માનવધર્મો છોડવા માંડ્યા છે. એ બધું હોશિયારીથી છોડવું એ ભણેલાના ભણતરની નિશાની ગણાય છે : આ ટેવો માત્ર ઉપદેશથી બદલી ન શકાય. બાળકોની કેળવણી એવી રીતે યોજો કે જાતમહેનત, સ્વાવલંબન અને સેવાજીવનનો તેમને સ્વાદ લાગી જાય; તેમને પોતાના દેશબંધુઓ ઉપર ઊંડો અંતરનો પ્રેમ જન્મે; તેમની અંદર ભળવાની, તેમને ખાતર ઘસાવાની લગની લાગે.

પ્રજા દિવસે દિવસે ઠોઠ, બેઠાડું અને જડ બનવા લાગી છે : બાળપણથી કેળવણી એવી યોજો કે વૈજ્ઞાનિક રીતે વિચારો કરવાની અને તેનું જીવન જીવવાની બાળકોને લઢણ લાગી જાય.

પ્રજા-ચારિત્ર્ય ના ખવાઈ જતા પાયાઓ પાયાની કેળવણી મારફત ફરીથી મજબૂત કરવાની રાષ્ટ્રપિતાની કલ્પના છે. જીર્ણ થઈ જતું અને સડી જતું જીવન નીરોગી બનાવી દેવાની એ કલ્પના છે.

**- શ્રી જુગતરામ દવે**

# શિક્ષણના સિતારા

**ડૉ. ઈશ્વર પરમાર**
દેવભૂમિ દ્વારકા.

***વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે “શિક્ષણના સિતારા” પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે “શિક્ષણના સિતારા”ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.***

## થયા શિક્ષક રહ્યા શિક્ષક
## હરેશભાઈ ધોળકિયા

ન્યૂ મિન્ટ રોડ, ભૂજ - ૩૭૦ ૦૦૧, જિ. કચ્છ.

વકીલાતની પરીક્ષા પાસ કરીને એમણે ન તો સ્વતંત્ર વકીલ થવાનું પસંદ કર્યું કે ન થયા એ બડા અમલદાર. એમણે તો શિક્ષક થવાનું પસંદ કર્યું. સગાં કે સંબંધી કોઈને ય આ પસંદગી ગમી નહીં. એક મિત્રે કહ્યું, “વકીલાત કે અમલદારીમાં તો કલદાર અને કીર્તિ બંને મળે; તમે તો શાળાના એક મામૂલી શિક્ષક થયા !”

“તમે તમારી રીતે સાચા હશો; મારી રીતે હું સાચો છું.”

“કઈ રીતે ?”

“વકીલાતના ધંધામાં ડગલે ને પગલે સત્યનું ખૂન કરવું પડે તે મને રુચે નહીં.”

“ઠીક છે, પરંતુ શિક્ષકની નોકરી તો મામૂલી ગણાય.”

“એક નોકરી મામૂલી નહીં, મહામૂલી છે. એમાં તો ભોળાં બાળકોનાં જીવન-ઘડતર માટે પોતે મેળવેલી વિદ્યાની વહેંચણી કરવાની તક મળે છે.”

“તેના બદલામાં પગાર તો રૂપરડી ત્રીસ જ ને ? એટલેમાંથી બચત કેટલી થાય ?”

“મરતી વેળા હું કશી બચત ન ધરાવતો હોઉં તેથી શું ? કદાચ કફન જેટલાય રૂપિયા મારી પાસે ન હોય તો તેની ઉપાધિ મારે શા માટે કરવી જોઈએ ? શહેરની સુધરાઈ મારા શબને કાંઈ પડ્યું તો નહીં રહેવા દે ને ? અંતિમ સંસ્કાર કરવાની જવાબદારી સુધરાઈની છે; પછી બચતની ફિકર હું શા માટે કરું ?”

આમ કહેનાર ભારતના એ લોકમાન્ય નેતા તો સ્વદેશને સ્વતંત્રતા મળ્યા પછી પ્રધાનમંત્રી નહીં, ગણિતના શિક્ષક જ થવા ઈચ્છતા હતા !

બાળગંગાધર ટિળકના જીવનચરિત્રમાં આવું વાંચીને કચ્છી કિશોર હરેશના ચિત્તમાં મોટા થઈને શિક્ષક થવાનો થોડો થનગનવા માંડ્યો હતો. આગળ જતાં એમણે એક થનગનતા શિક્ષક તરીકે અનેક વિદ્યાર્થીઓ અને વાલીઓના તેમજ અધ્યાત્મ, આરોગ્ય, શિક્ષણ અને સાહિત્યપ્રેમીઓનાં પ્રેમ અને આદર મેળવ્યા; શાળામાં કેવળ પચીસ વર્ષ (૧૯૬૬-’૯૧) નોકરી કરીને પિસ્તાળીસ વર્ષની વયે નિવૃત્તિ સ્વીકારનાર વાચનવીર હરેશભાઈ ચમનભાઈ ધોળકિયા કહે છે : “હું શિક્ષક થવા જન્મ્યો એમ વિશ્વાસપૂર્વક કહું છું !” ખરી વાત છે. કોઈ કેટલાં વરસ શાળામાં રહ્યું તે નહીં, કેવી રીતે રહ્યું તે બાબત શિક્ષકની અસલ ઓળખ માટે જરૂરી ગણાય; હરેશભાઈ તો સવેતન શાળા-શિક્ષક મટીને, અવેતન લોક-શિક્ષક


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

તરીકે આજેય અનૌપચારિક શિક્ષણમાં મસ્ત !

એ રીતે અનન્ય ઠરતા હરેશભાઈનો જન્મ કચ્છ જિલ્લાના ભૂજ શહેરમાં તા. ૩૦-૬-'૪૬ના દિને વાચન-રસિયા પરિવેશમાં થયો હતો. પિતા ચમનલાલ અને માતા રસિકબાળાને ફાનસને અજવાળે મોડી રાત લગી પુસ્તક વાંચતાં જોઈ જોઈને બાળક હરેશની વાંચનરુચિ પાંચ વરસની વયથી કેળવાતી રહી. વહાલાં નાનીમાની સદાચાર શીખને પ્રતાપે તેની વાચન-સામગ્રી શિષ્ટ જ રહેતી. મામા ક્રાંતિપ્રસાદ અંતાણી તો એવા વાચનપ્રેમી અને લોક-આગેવાન કે મહાત્મા ગાંધીજીને કચ્છ-યાત્રા માટે એમણે નોતરેલા અને તે દરમિયાન વિચિત્ર અનુભવો વખતે તેમની સાથે પણ રહેલા. પડોશી મોતીભાઈ એવા હરેશપ્રેમી કે પોતાની પુત્રી માટે આણેલી ચોપડી પહેલાં હરેશને વાંચવા આપે ! મામા મહેશભાઈ પોતાના પુત્ર અશોક માટે જે જે સામયિકો મંગાવતા તે પણ પહેલાં તો વાચન-ભૂખ્યા હરેશ પાસે જ હાજર કરાતા : 'બાલજીવન', 'ચાંદામામા', 'ઝગમગ'ને 'બાલસંદેશ' ! આ પરિવેશમાં હરેશનો વાચન-શોખ ગાંડા બાવળની જેમ વધતો રહ્યો.

સ્વભાવે શરમાળ અને ભણતરમાં સાધારણ ગણાતા હરેશે પ્રાથમિક શિક્ષણ ભૂજની વાણિયાવાડ શાળા અને ગંગાબા મિડલ સ્કૂલમાં લીધું. શાળાના કોઈ કાર્યક્રમની એ રોકાય નહીં. હા, શાળા-પુસ્તકાલયની વ્યવસ્થામાં રસ લે જેથી ધાર્યું પુસ્તક તરત ઝડપી શકાય. કિશોરકાળમાં વિજયરાજજી પુસ્તકાલય અને લોહાણ લાઈબ્રેરીના સભ્ય થયેલા હરેશનું વાચન-ઝનૂન એવું કે રોજની એક ચોપડી તો વાંચે જ વાંચે.

ભૂજની ઑલફ્રેડ હાઈસ્કૂલના નવમા ધોરણના વિદ્યાર્થી હરેશને પ્રથમવાર એવો વિચાર ઝબક્યો તે મોટા થઈને નોકરી એવી લેવી કે જેમાં ખૂબ વાંચી શકાય. એવી નોકરી બે : ગ્રંથપાલ અને શિક્ષક, શું થવું ? — થોડીવાર પછી જવાબ મળે — સંન્યાસી ! હા, 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણી લિખિત ચરિત્ર 'દયાનંદ સરસ્વતી' વાંચીને સંન્યાસી થવાના વિચાર ઘૂમરાયા; ત્યાં વળી સ્વામી રામતીર્થનું ચરિત્ર વાંચતા ખ્યાલ આવ્યો કે તેઓ અધ્યાપક હતા; ગાંધીજીનું 'સત્યના પ્રયોગો' વાંચીને જીવનમાં જાગતા રહેવાનો બોધ તારવ્યો ને લોકમાન્ય બાળગંગાધર ટિળકના ચરિત્રે તેના તરુણ મનને સમાધાન કરાવી આપ્યું કે થવું તો શિક્ષક !

ભૂજની લાલન કૉલેજના સહપાઠી જયંત પરમારે પણ હરેશ ધોળકિયાની સાથે નક્કી કરેલું કે આપણે નોકરી તો શિક્ષક તરીકેની કરવી અને તેમાં નિવૃત્તિ પછી ખેતી કરીશું. સહપાઠીને તો અભ્યાસ અધૂરો છોડીને જંગલ ખાતામાં જોડાઈ જવું પડ્યું સંજોગવશ, ને હરેશે વધતા વાચન સાથે ખેતી કરવા માંડી-વિચારોની ! કૉલેજમાં ભણવા દરમિયાન પિતાજીને ટેકો કરવાના ઇરાદાથી ઓગણીસ વર્ષની ઉંમરે (૧૯૬૫) રોજગાર વિનિમય કચેરીમાં નામ નોંધાવ્યું તે પછી ઇન્ટરવ્યૂ-કૉલ પણ આવતા થયા.

બૅન્કમાં નોકરી કરતા મોટાભાઈ અને કેટલાક મિત્રોને લીધે બૅન્કોની નોકરીમાં જોડાઈ જવાની દરખાસ્ત મળવા માંડી પણ હરેશભાઈને ત્યાં જવા મન ન થાય. પિતાજી આ તાલ જોયા કરે. મૂંગા રહે. પુત્રને તેની ધૂન મુજબ વર્તવાની છૂટ આપે. હરેશભાઈ બી.એ. થયા.(૧૯૬૬) તે જ વરસે પિતાજીએ જીવનવન અતિવેગે વટાવ્યું. તે કમનસીબ બીના પછી લૌકિક વ્યવહારે આવેલ સંબંધીઓ પૈકી એકે કહ્યું, "હરેશભાઈ, અમારી બૅન્કમાં જગા પડી છે. સાહેબ મેળમાં છે, આવી જાવ."

હરેશભાઈનો નતમસ્તકે ટૂંકો જવાબ : "મને બૅન્કમાં નોકરી કરવી નહીં ગમે."

શિક્ષક જ થવા ઇચ્છતા હરેશભાઈને છેવટે ભૂજની સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં નિમણૂક-પત્ર મળ્યો; (૧૯૬૬) તે ખિસ્સામાં મૂકીને સૂચના મુજબ વર્ગમાં ગયા. બસ, તે ઘડીએથી વિદ્યાર્થીઓ સાથે આત્મીયતાનો દોર

વણાવો શરૂ થઈ ગયો. એમનું હાથવગું નહીં, હૈયાવગું શૈક્ષણિક સાધન હતું પ્રેમ. ગમે તેવા તોફાની વિદ્યાર્થીને તેઓ અભ્યાસમાં રસ લેતો કરી શકતા.

પોતાના વિશાળ વાચન અને વિષય પ્રભુત્વને લીધે વર્ગમાં હરેશભાઈનું શિક્ષણ રસભરપૂર રહેતું. તેઓ વર્ગ સમક્ષ આદર્શ વિભૂતિઓના જીવન-પ્રસંગો મૂકીને તેમના વિશે વધુ જાણવા પુસ્તકો સૂચવતા; માહિતીનો ધોધ વહાવે તે વખતે પણ શિક્ષણ-પ્રક્રિયા જડ ન બનતાં તેમાં ભાવ-સભરતા જળવાઈ રહે તે માટે કાળજી લેતા. રજૂઆતની ભાષા વર્ગના "સીમાન્ત" વિદ્યાર્થીને સમજાય તેવી પ્રયોજતા.

શીખવવામાં સફળતા હાંસલ કરવા માટેનો ઉત્સાહ એવો કે પોતે સફળ શિક્ષકોના શૈક્ષણિક વ્યવહારોનું અવલોકન કરતા; તેવા શિક્ષકોની પ્રતિભા સ્વીકારે-સન્માને ખરા પણ લઘુતા મન અનુભવે. મનોમન સ્પર્ધા કરીને તેમના જેવા થવાનો સક્રિય થવાનો સંકલ્પ કરતા; જાગૃત રહીને પોતાના શિક્ષકત્વને ઘાટ આપવા મથતા. આ મથામણની માન્યતા મેળવવાની - બી.એડ્. થવાની - જરૂરિયાત ઊભી થતાં એમણે અલીઅબાડા મુકામેનું દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય પસંદ કર્યું ત્યારે ત્યાંના પ્રિન્સિપાલ હતા સિદ્ધ શિક્ષણકાર ડૉ. ગોરીભાઈ ભટ્ટ.

સને ૧૯૬૯-'૭૦ના વર્ષના પહેલા દિવસે કૉલેજમાં પરિચયવિધિ કાર્યક્રમ થયો તેમાં જાતે પરિચય આપતી વખતે હરેશભાઈએ ઉમેર્યું... "સાંભળ્યું છે કે આ સંસ્થા ગાંધીવિચારને વરેલી છે, તે છે કે નહીં તે જોવા, જાણવા આવ્યો છું." આ સાંભળીને આચાર્ય ગૌરીભાઈને મનમાં વસ્યું કે આ કચ્છી માડું, ઉધારી આંખે જોવાની વૃત્તિવાળા તો નથી જ !

હરેશભાઈ કૉલેજમાં 'પ્રખર પૃચ્છક' (પ્રશ્ન કરનાર) તરીકે પંકાયા. ગૌરીભાઈને કે વિદ્વાન મહેમાનોને પ્રશ્ન પૂછવાની તક જતી કરે તો એ હ.ચ. ધોળકિયા શાના ? કવિ ને ચિંતક 'સુંદરમ્'ને પણ એમણે ઓઝપાયા વગર પ્રશ્નો અને પેટાપ્રશ્નો પૂછ્યા હતા. ચોક્કસ વૈજ્ઞાનિક ભૂમિકા વગર શ્રી અરવિંદ અંગે પ્રશ્નો પણ ક્યાં પૂછી શકાય છે !

બી.એડ્. અભ્યાસ દરમિયાન વિધિવત્ આપવાના થતા પાઠો વખતે હરેશભાઈ ભાગ્યે જ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતાં. તેમના મતે શિક્ષક સ્વયં એકમાત્ર મહત્ત્વનું શૈક્ષણિક સાધન છે. એમણે વાર્ષિક પાઠ પણ શૈક્ષણિક સાધન વગર આપ્યો. એમણે તારવી બતાવ્યું કે વિદ્યાર્થીને રસ પડે અને સમજાય એ રીતની ભાષા વાપરીને શીખવો એટલે તે પાઠ સફળ !

હરેશભાઈ સ્થૂળ વિચારોના આધારે કશું માનવા કે સ્વીકારવા કે વર્તનમાં ઉતારવા તૈયાર જ નહીં; સને ૧૯૬૯માં ગાંધીશતાબ્દી વર્ષ નિમિત્તે કૉલેજ તરફથી જૂનાગઢ લગીની પદયાત્રાનું આયોજન થયેલું. ગાંધીવિચારમંડળના મંત્રી હરેશભાઈ હતા તેથી તેમની એક પદયાત્રી તરીકે પસંદગી થઈ. પદયાત્રી ખાદીધારી જ હોય તેવો આગ્રહ રાખતાં એમણે કહી દીધું, "મારી પાસે ખાદીનાં કપડાં નથી ને નવાં લેવા ઇચ્છતો નથી."

"પણ વાંધો શો છે નવાં લેવામાં ?"

હરેશભાઈને બીજાની નજરે ચડતી સ્થૂળ ખાદી પહેરીને ગાંધીપ્રેમી દેખાવું ન જ રુચ્યું. પદયાત્રામાં ન જોડાયા. એ જ હરેશભાઈને એક ગાંધીશિબિર સમયે ગૌરીભાઈએ પ્રેમભીના અવાજે કહ્યું, ધોળકિયા, આજે મારી ખાતર ખાદી પહેરીને આવો." ને હરેશભાઈએ બીજા પાસેથી પ્રસંગ પૂરતી ખાદી પહેરી; પણ નવી તો ન જ ખરીદી !

બી.એડ્.ની પદવી મેળવીને (૧૯૭૦) પુનઃ સ્વામિનારાયણ હાઈસ્કૂલ ભૂજમાં હરેશભાઈ હાજર થઈ ગયેલા. હરેશભાઈના ઘરના દરવાજા વિદ્યાર્થીઓ માટે સદા ખુલ્લા જ રહે. એમને સાંભળે, પુસ્તકો બતાવે, વાંચવા આપે. વાલીઓ પણ અવારનવાર એમને ત્યાં જાય, કેટલાક તો અકારણ. આથી કોઈ સ્વજન કહી બેસે, "હરેશભાઈ,


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

તમે આવા માણસને શા માટે કોઠું આપો છો ? તમારા સમયની પણ કિંમત તો ખરી ને !"

હરેશભાઈનો જવાબ : "એમને સાંભળનાર બીજું કોઈ નહીં હોય ત્યારે આવેલ હશે ને ? સૌને સાંભળનારની જરૂર તો ખરી જ ને ?"

શૈક્ષણિક જ નહીં, આર્થિક-સામાજિક બાબતે મૂંઝાયેલા વિદ્યાર્થીને કેમ સહાય કરી શકાય તે અંગે હરેશભાઈ વિચારતા જ રહે; અને શક્ય સહાય કરે કે અપાવે પણ એવી રીતે કે જે વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ કેળવાય અને પોતે સહાયક તરીકે તો લગભગ દેખાય પણ નહીં !

બોર્ડની પરીક્ષા શરૂ થતાં અગાઉ પોતાના વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવા અને પરિણામ જાહેર થયેલી તેમને આશ્વાસન કે અભિનંદન પાઠવવા માટે દૂર દૂરના વિસ્તારમાં પણ હરેશભાઈ જઈ પહોંચતા.

એ રીતે ઊંચી ટકાવારી સાથે પાસ થયેલા એક ગરીબ વિદ્યાર્થીને અભિનંદન અપવા જતી વખતે તેને આગળ ભણવા માટે સહાયભૂત થવાનો શિક્ષક હરેશભાઈએ નિર્ણય કર્યો. તે વિદ્યાર્થીને અનિચ્છા અને લાચારી છતાં અંતરંગ મિત્ર પાસેથી નાણાં મેળવીને પેલા વિદ્યાર્થીને અનિચ્છા અને લાચારી છતાં અંતરંગ મિત્રો પાસેથી નાણાં મેળવીને પેલા વિદ્યાર્થીને જાતે સાથે લઈ જઈને અમદાવાદની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ કરાવ્યો; ત્યાંના અધ્યાપક ને પ્રસિદ્ધ ચિંતક ફાધર વાલેસ સાથે તેને પરિચય કરાવી આપ્યો; અને પછી ચો સ્થાનિક સગાંઓની પણ સહાય ભળી. તે વિદ્યાર્થી મૅડિકલ-કૉલેજમાં ભણ્યો. દાક્તરી પદવી મેળવીને જ્યારે તે તેના આત્મિય શિક્ષક હરેશભાઈને નમ્યો ત્યારે તેને ખભે હાથ મૂકીને એમણે કહ્યું, "લૂંટજે, પણ કોને લૂંટવું કે ધ્યાન રાખજે. ગરીબને જોતાં તારો ભૂતકાળ યાદ રાખજે."

સને ૧૯૭૧થી દૈનિક 'કચ્છમિત્ર'ની સાપ્તાહિક પૂર્તિમાં હરેશભાઈની કટાર પ્રકાશિત થવા માંડી. શરૂઆત 'પરિશીલન'થી થઈ; પછી 'ઘડીક સંગ' અને 'ચેતનાની ચિનગારી' એમ બે કટાર ચાલે છે – વચ્ચે 'દિલ્હીથી દોલતાબાદ' હાસ્યકટાર પણ અજમાવેલી. આ કટારના માધ્યમ દ્વારા અનેકવિધ બાબતો અંગે સમજણ આપતા હરેશભાઈએ જાતીય-જીવન અંગે પણ તંદુરસ્ત અભિગમની જરૂરિયાત પર ભાર મૂકેલો.

કચ્છ-ગઢસીસાની હાઈસ્કૂલના પ્રગતિશીલ આચાર્ય રમેશભાઈ દવેને પણ તરુણોને જાતીય શિક્ષણ આપવાનું જરૂરી લાગ્યું. આ માટે એમણે હરેશભાઈ ધોળકિયાનો સંપર્ક કરીને સહકાર માંગ્યો. પરિણામે ગઢસીસા મુકામે હાઈસ્કૂલના ઉચ્ચ વર્ગના તરુણ-તરુણીઓ સમક્ષ તેમની વય-કક્ષાને અનુરૂપ જાણકારી હરેશભાઈએ આપી. શ્રોતા તરુણ-તરુણીઓએ પૂરી શિષ્ટતાથી જાતીયજીવન અંગે પૂરક પ્રશ્નો પૂછ્યા. હરેશભાઈએ જોયું કે બહારથી સ્વસ્થ જણાતા તરુણો આ બાબતે ઘણી ગેરસમજ ધરાવતા હોય છે.

વિદ્યાર્થીઓના મિત્ર અને માર્ગદર્શક હરેશભાઈએ ભૂજમાંનાં પોતાના તરુણ-તરુણી વિદ્યાર્થીઓને પણ જાતીય બાબતે નિઃસંકોચ પ્રશ્નો કરવા પેર્યા. જાતીય બાબતે કોઈ શિક્ષિત હવસખોરનો ભોગ બનતાં માંડ બચેલ એક તેજસ્વી વિદ્યાર્થિનીઓ નિખાલસપણે હરેશભાઈની સહાનુભૂતિપૂર્વકની સમજ મેળવીને માંડ માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કરી હતી. આગળ જતાં તરુણો ઉપરાંત યુવાનો-પ્રૌઢો પણ હરેશભાઈ સમક્ષ પોતાની જાતીય સમસ્યાઓ રજૂ કરીને માર્ગદર્શન મેળવતા થયા.

જેમને શ્રેષ્ઠ જિજ્ઞાસુ કહી શકાય તેવા શિક્ષક હરેશભાઈએ પોતાની જ્ઞાન-તૃષા પરિતોષલા અનેકવિધ શિબિરોમાં ભાગ લેવાનું રાખ્યું. વિચારશિબિરમાં ગુણવંત શાહ અને ઉપેન્દ્ર પાઠક સહિત અનેક ચિંતક-લેખકોના સંપર્કમાં આવ્યા. હરેશભાઈના વાચન-ઉત્સાહથી તેઓનો પ્રેમ અને આદર સંપાદિત કરી શક્યા.

પેટલાદના પ્રાચાર્ય ઉપેન્દ્રભાઈ પાઠક પાસેથી અનેક

દેશોની એલચી કચેરીનાં સરનામાં મેળવીને તેમનો સંપર્ક કરીને હરેશભાઈએ મબલખ સંદર્ભ-સામગ્રી એકત્રિત કરી અને તેના દ્વારા એક ઉપયોગી ને આકર્ષક ભૌગોલિક પ્રકલ્પ પાર પાડ્યો હતો.

સ્વામિનારાયણ હાઈસ્કૂલ, ભૂજની આગલી સિદ્ધિઓને લીધે પંજાબમાં ફિરોઝપુર ખાતેથી રાષ્ટ્રીય એકતા શિબિરમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાની તક તેમને આપવામાં આવી. આ અન્વયે શાળાના પાંચ પંસદિત વિદ્યાર્થીઓ સાથે શિક્ષણનેતા તરીકે હરેશભાઈને મોકલવામાં આવ્યા. આ શિબિરમાં હરેશભાઈએ એકત્ર વિદ્યાર્થીઓ-શિક્ષકો સાથે એવો તો પ્રેમાળ નાતો બાંધ્યો કે શિબિર પછી તેમની સાથે પત્રવ્યવહાર ચાલતો રહ્યો. બંગાળના બે વિદ્યાર્થીઓ તો એ તંતુના આધારેકચ્છ-ભૂજની મુલાકાતે આવીને હરેશભાઈની મહેમાનગતિ માણી ગયા.

પ્રવાસ સ્કાઉટ, શિબિર, સર્વેક્ષણ કારકિર્દી-માર્ગદર્શન જેવી પ્રવૃત્તિઓમાં સદા સક્રિય હરેશભાઈ વિદ્યાર્થીઓને સદા યાદ રહ્યા છે — વિશેષ તો તેમની શાળા-પ્રાર્થના પ્રવૃત્તિના સંચાલનને લીધે. સંગીતમઢી આ સભામાં વિભૂતિવંદના, ઘટના, પુસ્તક પરિચય વિચારવિશેષ - આમ કેટલીય બાબતો તેઓ વણી લેતા હતા.

વિદ્યાર્થીનું હીર પારખીને તેનું સમાર્જન કરતા હરેશભાઈને જે તે વિદ્યાર્થીના પ્રયત્ન-પુરુષાર્થમાં જરા જેટલી શિથિલતા દેખાય તો ગમે તેટલા પ્રિય વિદ્યાર્થીની ધૂળ કાઢી નાખતાં ખચકાય નહીં; વળી, એ વિદ્યાર્થી જ્યારે કોઈ બાબતે સિદ્ધિ હાંસલ કરે ત્યારે તેનો આનંદ શિક્ષક હરેશભાઈને અપાર થાય; પરંતુ એ આનંદથી ઊછળી પડે તેવું જોવા ન મળે. ક્યારેક તો આનંદના ભાવ તેમના ચહેરા પર જોવાય ન મળે ને સામાને તેઓ લાગણીશૂન્ય લાગે. આમ નાળિયેર જેવા કઠોર જણાતા હરેશભાઈની કોપરાં જેવી કોમળ મીઠાશ તો તેમના વિદ્યાર્થીઓ જ જાણે ને માણે.

સ્વત્વને ઓગાળવાનો સ્વધર્મ એમણે એક જીવનસાધનકની અદાથી સ્વીકાર્યો છે. બાળક ફટાકડાની વાટને સળગતી અગરબત્તી સાવધાનીથી અડકાડીને દૂર ખસી જાય તેમ બીજાનું કલ્યાણ-કામ કરીને દૂર ખસી જવું એ હરેશભાઈની હંમેશની કાર્યશૈલી જ રહી છે. આથી જ બેસ્ટ ટીચર ઍવોર્ડ અંગેનું ફૉર્મ ભરવા અને ફાઈલ તૈયાર કરવાની કડાકૂટમાંથી તેઓ વેગળા જ રહ્યા !

સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં બે દાયકા (૧૯૬૬-'૮૬) યશસ્વી શિક્ષક તરીકે પૂરા કર્યા તે ગાળામાં 'ન માગે દોડતું આવે'ના ન્યાયે ભૂજની વી. ડી. હાઈસ્કૂલનું આચાર્યપદ સ્નેહ અને સન્માનભેર તેમને દરખાસ્ત થયું. (૧૯૮૬) એ પદ સ્વીકારવા ટાંકણે એમના સ્નેહી ને ચિંતક ગુણવંતભાઈ શાહે સંદેશો મોકલ્યો - 'બગીચાનો માળી બનજે'. શાળાના આચાર્યખંડમાં પ્રવેશતાં પહેલાં શાળા-પરિવારને હરેશભાઈએ કહ્યું, "મારા કામથી પ્રેમ, શાંતિ ને આનંદ વધવાં જોઈએ — આ જ મારી ખેવના છે."

આચાર્ય હરેશભાઈ ધોળકિયા ભાગ્યે જ આચાર્યખંડમાં જોવા મળે ! કાં તો કોમનરૂમમાં શિક્ષકો કોઈ ને કોઈ કાર્યક્રમ અંગેની ચર્ચામાં ગૂંથાયા હોય કે ગેરહાજર શિક્ષકની અવેજી (પ્રૉક્સી)માં કોઈ વર્ગમાં ગયા હોય; ને જરૂર પડ્યે હારમોનિયમ પણ બજાવતા હોય ! એમણે પોતાના વિશાળ સંપર્કોને પ્રતાપે કચ્છ બહારથી અનેક વિદ્વાનો, સર્જકો કે કલાકારોને આમંત્રીને શાળાને તેમના વ્યાખ્યાનોનો લાભ અપાવ્યો; શાળાનું ગૌરવ વધાર્યું.

આચાર્ય તરીકે જ નહીં, પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન હરેશભાઈને માટે બધા મારગ હંમેશાં હાઈ-વે રહ્યા નથી, વિરોધ, ઉપહાસ, ઉપેક્ષાના કાંકરા-કાંટા પણ હાજરાહજૂર રહ્યા કર્યા; પરંતુ બુદ્ધિશક્તિ, હાસ્યવૃત્તિ અને સૌથી ઉપર પોતાની પ્રેમશક્તિથી તેઓ પોતાના મારગે આગળ ધપતા રહ્યા છે.

એકવાર તો એવું બન્યું કે શાળાના બે વિદ્યાર્થીઓ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ઝઘડ્યા ને તેમાં એકે બીજાનું ખૂન કરી નાંખ્યું ! આ અંગે કાનૂની કાર્યવાહી ચાલતી હતી તે ગાળામાં એક પક્ષે આચાર્ય હરેશભાઈને અમુક પ્રકારનું પ્રમાણપત્ર આપવાનો દુરાગ્રહ કરવા માંડ્યો; ને પછી તો મારની ને છેવટે ખૂનની ધમકી ! એ કાર્યક્રમ વખતે એ ધમકીધારી શખ્સને હરેશભાઈએ શાંતિથી કહ્યું, "તારે મારું ખૂન કરવું છે ને ? લે, આ ઊભો તારી સામે, ચલાવ છરી."

સામેનો શખ્સ સ્તબ્ધ થઈ ગયો. હાજર હિતેચ્છુઓએ તેને વાર્યો; સમજાવ્યો અને મામલો થાળે પડ્યો. હરેશભાઈએ અનાયાસ દર્શાવી આપ્યું કે આચાર્ય જો નિર્ભય ન બને તો પોતાના વિદ્યાર્થીઓમાં નિર્ભયતાનું સૂચન ક્યાંથી કરી શકે ?

પોતે શિક્ષક હોવાનો સંતોષ અને ગૌરવ અનુભવતા રહેતા હરેશભાઈ ધોળકિયાએ શિક્ષણક્ષેત્રે નોકરીની શરૂઆત કરતી વખતે જ ચાળીસ વર્ષની ઉંમરે તેમાંથી મુક્ત થઈ જવાનું મનોમન આયોજ્યું હતું. શિક્ષણપ્રેમીઓના દબાણને વશ થઈને વધુ પાંચ વર્ષ સેવા આપીને પિસ્તાળીસ વર્ષની ઉંમરે એમણે વી.ડી. હાઈસ્કૂલના આચાર્યપદેથી રાજીનામું આપ્યું. (૧૯૯૧)

એમને વ્યથા સાથે અનુભવતું રહ્યું કે સમગ્ર શિક્ષણવ્યવસ્થામાં શિક્ષણ ગૌણ બનતું જાય છે અને વ્યવસ્થાની બળજબરાઈ વધતી ચાલી છે. મારો સ્વધર્મ હવે તો 'શિક્ષણ' શબ્દની અર્થચ્છાયા વિસ્તારવા સૂચવે છે... મારે હવે શાળા-શિક્ષક નહીં યથાશક્તિ લોક-શિક્ષક તરીકે જીવવા પ્રયત્ન કરવો જોઈએ; લોકોને આરોગ્ય અને અધ્યાત્મ અંગેની જે કંઈ કેટીઓ અભ્યાસ અને અનુભૂતિને લીધે હાથ લાગી છે; તે ચીંધવી જોઈએ અને સાક્ષીભાવે સૃષ્ટિને નીરખતાં શીખવું જોઈએ.

આમ છતાં અપૌચારિક શિક્ષણક્ષેત્ર સાથે નાતો રાખવા ખાતર ભૂજમાં વિકસતી એક શિક્ષણ-સંસ્થાના પરામર્શક તરીકે સેવા અને સમય આપવાનું હરેશભાઈએ સ્વીકાર્યું (૧૯૯૩-'૯૫) અને મઝાની વાત એ છે સ્વયં એક નાની સંસ્થા-સ્વરૂપે અનાયાસ વિકસી રહ્યા છે.

એમણે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથેના સંપર્કો જાળવી રહ્યા છે; 'કચ્છમિત્ર' દૈનિકની પૂર્તિમાં 'ઘડીક સંગ' અને 'ચેતનાની ચિનગારી' દ્વારા વાચકને જીવન સાર્થક કરવાની પ્રેરણા મળે તેવી વિચાર-પરબ જ એમણે માંડી છે. તેમાં ગાંધીજી, વિવેકાનંદ, વિનોબા, રામકૃષ્ણ, દયાનંદ, રવીન્દ્રનાથ, બુદ્ધ, મહાવીર, રજનીશ વગેરે વિભૂતિઓના જીવનવિચારની ઝલક ઉપરાંત ઉપનિષદ, વેદ, રામાયણ, ગીતાની પ્રસાદી ઉપરાંત...નો અંત થોડા લેખશીર્ષકોથી સંતોષ લઈએ : 'શ્રીકૃષ્ણ અને ગાંધીજી', 'સેવા કરીને માનની અપેક્ષા શા માટે ?', 'સલામ, તસલિમાને', 'જીવન દુશ્મન નથી, મિત્ર છે.'

તેમના પ્રસિદ્ધ થયેલા પુસ્તકોમાં પ્રસિદ્ધ લેખક વિમલમિત્રની સાત અને કામતાનાથની એક નવલકથાના અનુવાદો છે; એમના મૌલિક પુસ્તકો છે : 'મૌનની અટારી' (૧૯૮૩); 'તઘલખનો પુનર્જન્મ' (૧૯૮૬); 'ગેખ કબીરા રોયા' (૧૯૮૮); 'કલ્પવૃક્ષની છાયામાં' (૧૯૯૨); 'આકાશને પેલે પાર' (૧૯૯૪); 'ગાંધીજીનું ઘડતર' (૧૯૯૫). ઉપરાંત કચ્છનાં ઇતિહાસ અંગેનાં અને આરોગ્યવિષયક સંપાદનો તેમને ઉત્સાહી શબ્દસાધક ઠેરવે છે. એમનાં પ્રકાશનો માટે જો જ્યારે આર્થિક સહયોગ જરૂરી હોય તો તેમના વિદ્યાર્થીઓ તે માટે તત્પરતા દાખવતા રહે છે... — શિક્ષકની આ અક્ષર મૂડી !

વાચન અને લેખન ઉપરાંત હરેશભાઈ ધોળકિયા કુદરતી ઉપચાર અંગેની પ્રવૃત્તિમાં સહયોગ આપે છે અને 'આરોગ્ય' નામના સામયિકોનું સંપાદન કરે છે; મનોવૈજ્ઞાનિક માર્ગદર્શનનું કેન્દ્ર ચલાવી જોયું. શિવામ્બુ શિબિરોમાં સંબોધનો અને સારવાર પણ સૂચવે છે; આકાશવાણી માટે હસ્તપ્રતો સરજતા રહે છે - આ બધું એક અવેતન લોક-શિક્ષકને નાતે છે ને માણસ મસ્તમૌલા ?

એમને મળતાંવેંત પૂછવાનું મન થાય : "હરેશભાઈ

આપનો વાચનશોખ જાણતાં જિજ્ઞાસા થાય છે કે આપની પાસે અંગત પુસ્તકાલયમાં કેટલાં પુસ્તકો છે ?"

"એક હજારથી વધુ હશે; વચ્ચેવચાળે મિત્રોને આપતો પણ રહું."

"આપના વાચનક્ષેત્રના વિષયો કયા ગણાવી શકાય ?"

"તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, શિક્ષણ આરોગ્ય, સંગીત, ચિત્ર ને જીવનમાં જરૂરી લાગે તેવા બીજા વિષયો પણ ખરા..."

"શાળામાં જાતીય શિક્ષણ આપવાના પ્રયોગ અંગે કેવા પ્રતિભાવો મળ્યા ?"

"શરૂઆતમાં બહુ જ પ્રતિકૂળ. આડકતરો ઠપકો પણ મળેલો. એક વાલીએ આચાર્યને ફરિયાદ પણ કરેલી; પરંતુ વિદ્યાર્થીઓએ જિજ્ઞાસા દર્શાવી. કેટલાક વિદ્યાર્થીઓ તો વખત જતાં લગ્ન પૂર્વે કે લગ્ન બાદ પણ માર્ગદર્શન મેળવવા આવતા."

"હરેશભાઈ, સાંપ્રત શિક્ષણમાં શું ખૂટે છે ?"

"અભ્યાસ અને નિષ્ઠા."

"શિક્ષણ-સુધારણાનો એક જ ઉપાય શો સૂચવો છો ?"

"શિક્ષક થનાર વ્યક્તિમાં શિક્ષકત્વનું વલણ જન્મે તેવી તેને કેળવણી મળવી જોઈએ."

"શિક્ષકમિત્રોને આપનો સંદેશ ?"

"બાળક કુદરતની અણમોલ ભેટ છે; તેનું ઘડતર એ અણમોલો અવસર છે. બાળકને પ્રથમ પ્રેમ આપવાનો છે પછી જ્ઞાન. આ અવસર અને કાર્ય કોઈ સદ્ભાગીને જ મળે છે. શિક્ષક આવી સદ્ભાગી વ્યક્તિ છે. આ વ્યવસાયમાં ઘડિયાળ સામે જોવાનું નથી; નહીં તો 'અવસર'નો 'આનંદ' ચૂકી જવાશે. શિક્ષકત્વ એ તો ભાવદશા છે."

"આપ હવે તો શિક્ષક રહ્યા નથી ને ?"

"ઈશ્વરભાઈ, મને એમ થયેલું કે હવે હું શિક્ષક તરીકે મૃત્યુ પામ્યો છું; પરંતુ હાલની પ્રવૃત્તિઓ શંકા જન્માવે છે કે મર્યો છું ખરો ? અને ખોટું નહીં કહું ગમે તે અર્થ કે ક્ષેત્રમાં શિક્ષક હોવાનું ગમે છે તેવું અનુભવાય પણ છે; આઈ'મ બેઝિકલી એ ટીચર. આઈ લવ ચિલ્ડ્રન. આઈ એન્જોય ધેર કંપની !

"વી ઓલ્સો એન્જોય્ડ યોર કંપની - હરેશભાઈ, તમારા તમારા વાચનપ્રેમને સલામ ! એ પ્રેમને પ્રતાપે વિકસતા-વિસ્તરતા તમારા શિક્ષકત્વને સલામ !


**ધી રજિસ્ટ્રેશન ઓફ અન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૮૬૫ અન્વયે પત્ર અંગેની માહિતી ફોર્મ (સ.ના.૯ જુઓ)**

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૨. | પ્રસિદ્ધિનો ગાળો : | માસિક |
| ૩. | મુદ્રકનું નામ : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| ૪. | રાષ્ટ્રિયતા : | ભારતીય |
| | સરનામું : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૫. | પ્રકાશકનું નામ : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| | રાષ્ટ્રિયતા : | ભારતીય |
| | સરનામું : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| | સામયિક માલિકી ધરાવનાર : | **સરસ્વતી વિદ્યામંડળ (ટ્રસ્ટ),** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |

વ્યક્તિઓના તથા કુલ મૂડીના એક ટકાથી વધુ શેર ધરાવનારાઓનાં નામ તથા સરનામાંમાં સરસ્વતી વિદ્યામંડળ ટ્રસ્ટ, અમદાવાદ.

હું જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે જાહેર કરું છું કે ઉપર જણાવેલ હકીકત મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

**તા. ૧૫-૩-૨૦૨૧** **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે**
**પ્રકાશકની સહી**

# શિક્ષણ : કોની જવાબદારી ?

પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયક

**સરસ્વતી વિદ્યામંડળના સ્થાપક અને વડીલ મુ. શ્રી રઘુભાઈની પુણ્યતિથિ નિમિત્તે શિક્ષણની જવાબદારી અંગેનું ચિંતન આપણે યાદ કરીએ, વિચારીએ અને પ્રવૃત્ત થઈએ તેવી અપેક્ષા સાથે રજૂ કરીએ છીએ. - તંત્રી**

વાલીઓ-માબાપો બાળકોને શાળામાં દાખલ કરાવે છે; તે પછી તે બાળક પોતાના કુટુંબ અને દેશને આજે જરૂરનું એવું શિક્ષણ મેળવે છે કે નહિ એનો વિચાર કોણે કરવો જોઈએ ? મા-બાપ એમ માનતાં જણાય છે કે આ જવાબદારી શિક્ષકોની છે. શિક્ષકો જાગૃતઅજાગૃતપણે માનતા જણાય છે કે આ જવાબદારી શાળાતંત્ર અને કેળવણીખાતાની છે. જ્યારે વહીવટીતંત્ર એમ માનેછે કે શિક્ષણનું કાર્ય જાહેર જનતાના સહકાર વગર કદી સંતોષકારક બનવાનું નથી. આ સ્થિતિમાં જરા ઊંડા ઊતરીએ તે જરૂરનું છે.

બાળકોના વાલી તરીકે માબાપોને શિક્ષણમાં સૌથી વધારે રસ હોવો જોઈએ. રસ અને સમજ ન હોય તો તે કેળવવાં જોઈએ, પરંતુ દુર્ભાગ્યે આજે તો વાલીઓ જાહેર આગેવાનો પણ આ જવાબદારી બીજા ઉપર ઢોળી દઈ પોતે છૂટી જવા માગતા હોય તેમ દેખાય છે. આજના શિક્ષણ ઉપર પ્રસંગોપાત ટીકાઓની ઝડીઓ વરસાવી દેવાથી શિક્ષણ કે શાળા સુધરી જવાનાં નથી. ખુદ ધારાસભામાં જઈને બેઠેલા આપણા પ્રતિનિધિઓએ પણ આ વિષયમાં અભ્યાસપૂર્ણ કે ક્રિયાત્મક રસ કેળવ્યો નથી. પરિણામે એ આવ્યું છે કે આપણીશિક્ષણ પ્રવૃત્તિ જૂની ઢબે ચાલતી નોકરશાહીમાં જકડાઈ રહી છે. એટલું જ નહિ, આ નોકરશાહી તંત્ર વધુને વધુ એક હથ્થુ બની રહ્યું છે. કેળવાયેલા પ્રજામતને અભાવે એ એક રીતે (Handmaid of politics) બનવા લાગ્યું છે. હૈદરાબાદમાં આપેલા એક વ્યાખ્યાનમાં હમણાં જ વિનોબાજીએ સ્પષ્ટ ભાષામાં જણાવ્યું છે કે શિક્ષણની જવાબદારી વહીવટી તંત્રના હાથમાં રહે તેના કરતાં તે પ્રજાના હાથમાં રહે તેમાં જ ભાવિ પેઢીના ઘડતરની સલામતી વધારે છે. આજનો સત્તાધારી રાજકીય પણ એ પ્રજામતનો સાચો પ્રતિનિધિ છે એમ માનીએ તો પણ આજે શિક્ષણ સંબંધે પ્રજાપક્ષે જે નિષ્ક્રિયતા દેખાય છે તે તંદુરસ્ત નિશાની નથી. રાજકીય સત્તા ધરાવનાર પક્ષ તો દરેક લોકશાહીમાં બદલાતો રહે છે. તેની સાથે સંકળાયેલ વહીવટીતંત્ર શિક્ષણમાં દરેક વખતે ફેરફાર કર્યા કરે તો શિક્ષણની શી વલે થાય એ વિચારવું ઘટે છે. જુદા જુદા દેશોનો શિક્ષણનો ઈતિહાસ જોઈશું તો જણાશે કે વહીવટીતંત્ર ગમે એવું કાર્યક્ષમ હોય તો પણ રાજ્યગ્રાહી વિષય છે; તેના મધ્યમાં જીવતા જાગતા માનવીનું ઘડતર રહેલુંછે. ઓરડાની ચાર દિવાલોમાં અને નક્કી કરેલા સમયપત્રકમાં ભાડે રાખેલા કારીગરો મારફતે તે સફળ થઈ શકે તેમ હોય તો તે કાર્ય નોકરશાહીને કે કોઈ સફળ ઉદ્યોગપતિને સોંપી દઈ શકાય; પરંતુ માનવી એ નિર્જીવ વસ્તુ નથી, વળી તેની જરૂરિયાતો હંમેશાં બદલાતી રહે છે. રોજિંદા જીવનમાં બનતા બનાવોના આઘાત પ્રત્યાઘાતો સમાજમાં જીવતા નાગરિકો અને બાળકો ઉપર સતત પડ્યા કરે છે. એટલે સમાજરૂપી મહાશાળામાં જ આ ઊગતા નાગરિકોનું મોટા ભાગનું ઘડતર થતું રહે છે. તેથી ઊગતી પેઢીના ઘડતરને માટે ઘરનું અને સમાજનું વાતાવરણ ઊગતી પેઢીના ઘડતરને અનુકૂળ બનાવવાનું કામ દરેક વાલીનું માતાપિતાનું છે. ઘર અને સમાજનું વાતાવરણ જો સારું નહિ હોય તો એકલી શાળા કે તેના શિક્ષકો સારા હશે તો ય તેના પ્રયત્નોમાં કંઈ બરકત આવવાની નથી.

હવે શાળા અને તેના શિક્ષકોની પ્રવૃત્તિ તરફ નજર કરીએ. સ્વરાજ મળ્યા પછી નવી સરકારે શાળાઓ

સુધારવા અનેક નવી યોજનાઓ કરી છે. અભ્યાસક્રમના વિષયોમાં જરૂરી ઉમેરો કર્યો છે. અભ્યાસક્રમ સુધારવામાં આવ્યો છે.

હવે શાળા અને તેના શિક્ષકોની પ્રવૃત્તિ તરફ નજર કરીએ. સ્વરાજ મળ્યા પછી નવી સરકારે શાળાઓ સુધારવા અનેક નવી યોજનાઓ કરી છે. અભ્યાસના વિષયોમાં જરૂરી ઉમેરો કર્યો છે. વધારે સારાં એવાં પાઠ્યપુસ્તકો પણ તૈયાર કરાવ્યાં છે. શિક્ષકોના કામમાં વધારે ચોકસાઈ અને પદ્ધતિ વધે તેવા ઉપાયો યોજાવા લાગ્યા છે. કશી અતિશયોક્તિ વિના કરી શકીએ કે નિશાળોમાં થોડું ચેતન આવ્યું છે, અને તે છતાં ય હજી શિક્ષણનો રથ આગળ ધપતો જણાતો નથી, કારણ તપાસતાં જણાશે કે આ બધું છતાં આપણે ભૂલી ગયા છીએ કે રથને ચાર ચક્રો હોય છે. અને એ ચારમાં મહત્ત્વનું ચક્ર વાલીઓ-માબાપો પોતે છે, તેમના સક્રિય સાથ વગર શિક્ષણ સુધારણાનું કામ વેગ પકડવાનું નથી.

આજે શાળાઓ જે મુશ્કેલીમાં કામ કરે છે તે બધી મુશ્કેલીઓ સરકાર એટલી ટાળી શકે તેમ નથી. એ મુશ્કેલીઓ સમજવા માટે વાલીઓએ વારંવાર શાળાના સંચાલકો અને શિક્ષકો સાથે નિરાંતે બેસીની વાતો કરવી પડશે. આજે તો બહુ ઓછા વાલીઓ આવા કામ માટે વખત બચાવે છે. ફીઝના પૈસા નિયમિત મોકલી દઈએ એટલું બસ નથી. શાળામાં વિદ્યાર્થી નિયમિત પહોંચે છે કે નહિ, શિક્ષકોએ આપેલી દોરવણી મુજબ ઘરે આવી વાચન લેખન કરે છે કે નહિ કે ઘરે આવી ચોપડીઓ એક ખૂણે ફગાવી દઈ છોકરાંઓ સાથે રખડ્યા જ કરે છે કેમ. પોતાનાં બાળકો કોની સાથે હરેફરે છે, કેવી જગાએ રખડે છે, સવારસાંજ કેવી બાબતોમાં પોતાનો વખત ગાળે છે, તે નિયમિત ખાય છે કેમ; જે ખાવું જોઈએ તે ખાય છે કે પછી શરીરને નુકસાન કરે તેવો જ ખોરાક ખાવાની ટેવ રાખે છે; એ બાબતોનો વિચાર વાલીએ કરવો જ જોઈએ.

ઘડતર : ૧૫-૮-૧૯૫૭

# ખંખોળિયું

**બાબુ નાયક**
એ-૨૦૧, પાર્શ્વનાથ રોયલ રેસીડેન્સી,
અડાલજ, જિ. ગાંધીનગર.
મો. ૯૩૨૭૦૮૪૭૪૩

મા મારે ખાવું છે આજેય ખંખોળિયું,
એવો હોય ભાવ અને એવો સ્વભાવ,
ક્યાં ખોળું હું એવુંયે ખોળિયું ?
મા મારે ખાવું છે...

ન્હાવું તો રોજ મારે માથાનો વાઢ,
એથી લાગું હું એદી અવધૂત;
લુગડાંના લીરા ને ઝટિયાંની જૂટ,
મા કહેતી તું બાબરિયો ભૂત,
કેવાય બળાપા મા બડબડતી હોય,
જાણે તારું મેં સપનું કોઈ રોળિયું.
મા મારે ખાવું છે...

વાડે નાવણિયાની આડે એ ખાટલાની,
ઓથે સંતાડતી'તી ડોલ;
હડિયો કાઢીને એવી હાંફે ને તોય,
તારા હૈયામાં હેતનો હિલ્લોળ,
જેવો અઘોરી અંગ ચોળે ભભૂત,
ડીલ મારુંયે રેતે રગદોળિયું.
મા મારે ખાવું છે...

ધીમે રહીને મા કહેતી તું કાનમાં,
આવ બેટા ખંખોળિયું ખાવા;
મનમાં તો એમ હશે મેવા મીઠાઈ
પણ બ્હાનું તો કરવાની વા વા,
કૈલાશી શીખર શો પથ્થર મૂકીને,
શિર એવું તો ગંગાજળ ઢોળિયું.
મા મારે ખાવું છે...


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# વિશ્વવિખ્યાત કૃષિવૈજ્ઞાનિક જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર

ગુલાબભાઈ જાની
સંસ્થાપક, સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ,
૩, બાલમુકુન્દ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૭.

વિશ્વના વિખ્યાત કૃષિવૈજ્ઞાનિક જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરનું જીવન એ સહુ કોઈને પ્રેરણા આપે તેવું છે. કાર્વર એ અમેરિકાવાસી હબસી છે. ગુલામ માતાપિતાનું સંતાન, સાવ નાનપણમાં પિતાનું અવસાન અને માતાનું અપહરણ થતાં અનાથ આ સૂકલકડી-માંદલા બાળકને જર્મન-ખેડૂત કાવર અને તેની પત્ની સુઝને અનુકંપાથી પ્રેરાઈને ઉછેર્યો. નાનપણથી જ તેમને ખુલ્લાં ખેતરો, વિવિધ વનસ્પતિઓ અને બગીચામાં ખૂબ રસ પડતો. કામની જરાય આળસ નહીં. વનસ્પતિ ઉછેરવાની વાત આવે કે તેમને ખૂબ રસ પડવા માંડતો. આજુબાજુના લોકો તેમને વનસ્પતિ વૈદ્ય તરીકે ઓળખવા મંડ્યા. એમનો હાથ પડ્યો તે કોઈ છોડ ન ઊગે તેવું બને નહીં. કાર્વર દંપતીએ તેમને દૂર એક હબસી બાળકો માટેની નિશાળમાં દાખલ કર્યા. આ શાળામાં તેમને સારું ગોઠી ગયું. પળેપળનો તે ઉપયોગ કરતા. જે કોઈ પુસ્તક હાથ પડે તેન અક્ષરેઅક્ષર તે એકાગ્રચિત્તે વાંચી જતા. તેમની સ્મૃતિ તેજ હતી. આમ માધ્યમિક શિક્ષણ કામ કરતાં-કરતાં પૂરું કર્યું.

હવે તેમના માટે કૉલેજનાં દ્વાર ખૂલી ગયાં હતાં. હાઈલૅન્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે અરજી કરી. ટપાલમાં પ્રવેશ મળ્યાનો પત્ર મળ્યો. જ્યૉર્જના આનંદનો પાર ન હતો, પરંતુ કૉલેજમાં રૂબરૂ ગયા તો કહેવામાં આવ્યું કે કાળા લોકોને પ્રવેશ નથી આપતા. ખૂબ હતાશ થઈ કૉલેજનાં પગથિયાં ઊતરી ગયાં. તે અરસામાં મીલહોલેન્ડ દંપતીનો પરિચય થયો. જ્યૉર્જને તેમણે આયોવાની સીમ્પસન કૉલેજમાં પ્રવેશ મેળવી આપ્યો. થોડા સમય પછી સીમ્પસન કૉલેજ છોડી એઈમ્સમાંની આયોવા સ્ટેટ કૉલેજમાં દાખલ થયા. ખેતીવિજ્ઞાન અને વનસ્પતિશાસ્ત્રના શિક્ષણ માટે આ વિદ્યાલય ઉત્તમ ગણાતું હતું. અહીંયાં પણ કાળો વિદ્યાર્થી હોવાથી છાત્રાલય તથા ભોજનાલયમાં તેમના પ્રત્યે ભેદભાવ રાખવામાં આવતો હતો, પરંતુ કૃષિપ્રયોગકેન્દ્રના વડા જેમ્સ વિલ્સનને આ તેજસ્વી યુવાન પ્રત્યે લાગણી હતી. તેમણે તેમની ઑફિસમાં રહેવાની વ્યવસ્થા કરી આપી. કૉલેજમાં સફાઈકામ કરી પોતાના ખર્ચની રકમ મેળવી લેતા હતા. કોઈની પાસેથી મફતની એક પાઈ પણ ન લેવી કે વધારે વળતર ન લેવું – એ સિદ્ધાંતનું બરાબર પાલન કરતા હતા. ૧૮૯૪માં જ્યૉર્જ વિજ્ઞાનના સ્નાતક થઈ ગયા. કોલંબિયાના વિશ્વપ્રદર્શનમાં તેમનાં ચાર ચિત્રોને પસંદગી મળી હતી. આયોવા કૉલેજના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓમાં તેમની ગણના થતી હતી. પ્રોફેસર વિલ્સને આયોવા કૉલેજમાં અધ્યાપકની નોકરી આપી. આ પદે નિમાનાર તે પ્રથમ હબસી હતા. નાનપણમાં જ્યૉર્જને વનસ્પતિવૈદ્યનું નામ મળ્યું હતું. આજે તે ખરેખર વૈજ્ઞાનિક અર્થમાં વનસ્પતિવૈદ્ય બની રહ્યા હતા.

રંગભેદના પ્રશ્નને કાર્વર ભાગ્યે જ સ્પર્શતા. તે પોતાની જાતિ વિજ્ઞાનની ઉપાસના દ્વારા પોતાના અધિકારો આપોઆપ મેળવે તેમ માનતા હતા.

દિવસે-દિવસે કાર્વરની પ્રતિષ્ઠા વધતી જતી હતી. સારામાં સારા વનસ્પતિશાસ્ત્રી તરીકે તેમનું કામ પંકાતું હતું. ઈ.સ. ૧૮૯૫માં મીસીપીસીની એગ્રીકલ્ચર અને મિકેનિકલ કૉલેજ તરફથી કાર્વરની માગણી આવી, પરંતુ આયોવા કૉલેજ તેમને ગુમાવવા માગતી ન હતી. થોડા વખત પછી રાજ્યના ખેતીવાડીખાતાને સંભાળવાનું નિમંત્રણ આવ્યું. કૉલેજ તેમને છોડવા માગતી ન હતી, પણ આવડું મોટું પદ મળતું હોવાથી તેમના હિતચિંતકોને નાછૂટકે રજા આપી. પરંતુ ત્યાં એક પત્ર મળ્યો. તેમના જેવા જ એક પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી બૂકર ટી. વૉશિંગ્ટન

ટસ્કેજી આલાબામામાં ગરીબ હબસી બાળકો માટે કાર્ય કરતા હતા. તેમણે પત્રમાં લખ્યું હતું, "ઉઘાડે પગે માઈલો ખૂંદીને બાળકો અહીં આવે છે. નાગાં, અર્ધભૂખ્યાં, દૂબળાં, પાતળાં - તમને કદાચ આ કંગાલિયતની કલ્પના નહીં આવે. આ બધાંને ખેડતાં, વાવતાં કે લણતાં કંઈ આવડતું નથી. હું તેમને લખતાં-વાંચતાં શીખવું છું, પણ તેઓને પૂરતું ખાવાનું આપી શકતો નથી અને તેઓ ભૂખે મરે છે." છેલ્લા ફકરામાં લખ્યું, "ધન, પ્રતિષ્ઠા અને મોભો છોડીને તમને વૈતરું... કાળી મજૂરી કરવા આમંત્રણ આપું છું — કચડાયેલી, તરછોડાયેલી, ભાંગી પડેલી પ્રજાને બેઠી કરવા." આ વાંચી તેઓ હલી ગયા. પોતાની નોંધપોથીમાંથી એક ચબરખી ફાડી ત્રણ શબ્દો લખ્યા, "હું આવીશ." ટસ્કેજીમાં બૂકર ટી. વૉશિંગ્ટનને પત્ર મળ્યો. તેઓ પત્ર વાંચી આનંદવિભોર બની ગયા.

આયોવા કૉલેજના પ્રોફેસર વિલ્સનને જ્યૉર્જે વાત કરી. તેમને છોડવા કોઈ તૈયાર ન હતા, પરંતુ ગરીબ બાળકોની સેવા કરવાના તેમના ભાવને સમજી પ્રમુખે જ્યૉર્જનો હાથ લઈ સજળ આંખે કહ્યું, "જા, જરૂર જા. ઈશ્વરના તારા પર આશીર્વાદ છે !" ડૉ. પમેલ ઊભા થયા અને ધીમેથી બોલ્યા, "આ યુગમાં આપણે જીવનની સાચી મહત્તા તરફ આંખમિચામણાં કરવા ટેવાઈ ગયા છીએ. આ માણસ તમને ધન, પ્રતિષ્ઠા અને મોભો છોડવા લખે છે, પણ તેને બદલે આપે છે અમરત્વ, જીવનની સાચી ચરિતાર્થતા."

૧૮૯૬ની સાલના આખરના દિવસોમાં જ્યૉર્જ ટસ્કેજી આવી પહોંચ્યા. તેમને આવકારતાં બૂકર ટી. વૉશિંગ્ટને કહ્યું કે "હું તમને ફક્ત વેરાન જમીન જ આપી શકું તેમ છું. બુદ્ધિ તો તમારી પાસે છે જ." અહીં નહોતો બગીચો, નહોતી પ્રયોગશાળા કે નહોતું રોપ-ઉછેર-ઘર, પરંતુ તેનું દુ:ખ તેના અંતરમાં કદીયે થયું નહીં.

દિલ દઈને વિદ્યાર્થીઓને ભણાવવાનું શરૂ કર્યું. આસપાસના લોકોને કૃષિનું જ્ઞાન આપવા માંડ્યું. દૂરદૂરથી લોકો અનેક જાતના રોગોની ચિકિત્સા કરાવવા તેમની પાસે આવવા લાગ્યા. મોટા ભાગે રોગમાં વિટામીનનાં તત્ત્વો ખૂટે છે એમ કાર્વરને લાગ્યું અને તેમણે વિટામીનથી ભરપૂર એવી વનસ્પતિ દવા તરીકે આપવા માંડી. તેમણે પ્રયોગો કરીને માટીમાંથી રંગો બનવવા માંડ્યા.

સંસ્થા વિસ્તરતી જતી હતી. ૧૯૧૫માં વૉશિંગ્ટન બૂકરનું અવસાન થયું. સંસ્થાની બધી જવાબદારી કાર્વર પર આવી પડી. પહેલાંની પ્રાથમિક શાળામાંથી માધ્યમિક શાળા તથા મહાવિદ્યાલય શરૂ થયાં હતાં. વિજ્ઞાનની અનેક શાખાના સ્નાતકો અહીં તૈયાર થતા હતા.

એવામાં હેન્રી ફોર્ડ સાથે તેમનો ભેટો થઈ ગયો. કાળા અને ગોરાનું મિલન અત્યંત લાભદાયી નીવડ્યું. બંને જિગરજાન મિત્રો બની ગયા. ફોર્ડના નિમંત્રણથી ડીઅરબોર્ન ગયા. સોયાબીન્સ અંગે ઘણા પ્રયોગો કર્યા. થોડા જ વખતમાં તેમણે તેમાંથી 'પ્લાસ્ટિક' શોધી કાઢ્યું. ફોર્ડે તેનો ઉપયોગ કારમાં કર્યો.

હવે વૃદ્ધાવસ્થાની અસર દેખાતી હતી, છતાં પ્રયોગશાળામાં કામ કર્યા જ કરતા હતા. તેમણે પોતાની બધી બચતને જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર ફાઉન્ડેશન સ્થાપી તેને સેવાકાર્ય માટે અર્પણ કરી દીધી.

શૂન્યમાંથી સમૃદ્ધિની છોળો રેલાવવા પાછળ તેમણે જીવન ખર્ચ્યું હતું. ચૈતન્યના વિકાસ પાછળ તેમણે પોતાની કળા સમર્પી હતી. પતિત પ્રજાને બેઠી કરી માનવતાનો સંચાર કરવાનું બૂકર ટી. વૉશિંગ્ટનને આપેલું વચન તેમણે પાળ્યું હતું.

ઈ.સ. ૧૯૪૩માં તેમણે આ વિશ્વમાંથી ચિરવિદાય લીધી. દેવળના પાદરીએ અંજલિ આપતાં કહ્યું, "જગત માટે ઈશ્વરને એટલી ચાહના છે કે માનવી સુખશાંતિમાં જીવી શકે તે માટે પોતાના ઉત્તમ પુત્રને આપણે ચરણે ધરે


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

છે.'' તેમનાં અસંખ્ય સંશોધનોમાં એક પણ વિનાશક સાધન ન હતું. જીવનનો નાશ તેમના સર્જનમાં ન હતો.

કાર્વરની જીવનકથા વાંચતાં પૌરાણિક કલ્પદ્રુમોનું સ્મરણ થાય છે. પુરાણોમાં કલ્પદ્રુમની વાત આવે છે. એમાં કહેવાયું છે કે સતયુગમાં એવાં ઝાડ હતાં કે કોઈ પણ માણસ એ ઝાડ નીચે જઈ ઈચ્છે તે મેળવી શકતો. ખાવાની કે પીવાની, ઓઢવાની કે પહેરવાની કોઈપણ વસ્તુ માગી કે તરત જ તે વૃક્ષો નીચે હાજર. માણસ આશ્રય માટે ચાહે તો મકાન પણ તૈયાર. આ રીતે સતયુગનાં આવાં વૃક્ષોને કલ્પદ્રુમ કહી પુરાણકારોએ વર્ણવ્યાં છે.

કાર્વરે તેમના જીવનમાં જે અકલ્પ્ય અને અસાધારણ ઉત્ક્રાંતિ સાધી છે તેના મૂળમાં સતયુગનાં કલ્પવૃક્ષોનું નવી રીતે પ્રગટ થતું તત્ત્વ છે. કાર્વરને કોઈ એવી આત્મશ્રદ્ધા અને ઈશ્વરશ્રદ્ધા લાધી કે તેના બળે તે ઝાડ-પાંદડાંમાંથી ધાર્યું પેદા કરી લેવા લાગ્યા. તેમને લોકો વનસ્પતિવૈદ્ય તરીકે ઓળખાવતા, પણ ખરી રીતે તેઓ જેમ વનસ્પતિઓ દ્વારા ઈતર પ્રાણીજગતના વૈદ્ય હતા તેવી જ રીતે તેઓ વનસ્પતિમાં રહેલા પ્રચ્છન્ન તત્ત્વોનો સાક્ષાત્કાર કરનાર ઋષિ પણ હતા.

જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર સાચા અર્થમાં દેવદૂત હતા.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

# અપેક્ષા અને આકાંક્ષાઓનું ઘોડાપુર


રણછોડ શાહ

મૅનેજિંગ ટ્રસ્ટી, ઍમિટી સ્કૂલ, ભરૂચ.

સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧




*"જીવનની રાતમાં ઉત્કર્ષના ચમકારા લાગે છે,*
*મગર હદમાં રહે તો જ એ શણગાર લાગે છે,*
*વધુ પડતી ચમકની પણ મહત્તા કંઈ નથી હોતી,*
*ગગન પણ ખેરવે છે જે સિતારા ભાર લાગે છે."*

— બરકત વીરાણી 'બેફામ'

વીસમી સદીના ઉત્તરાર્ધ અને એકવીસમી સદીના પૂર્વાર્ધમાં અનેક અકલ્પનીય પરિવર્તનો આવ્યા. જીવન વ્યવહારની રીત રસમ બદલાઈ ગઈ. વ્યવસાયિક ક્ષેત્રે આધુનિકીકરણ અને ટેકનોલોજીના પ્રવેશ થકી પ્રગતિની હરણફાળ ભરાઈ ગઈ હોવાનો વહેમ ઘર કરી ગયો. સુખના અનેક પ્રકારના સાધનો વધ્યાં. માનવીય ઈચ્છાઓ, આશાઓ અને અપેક્ષાઓ કૂદકે અને ભૂસકે વધવા માંડી. શારીરિક શ્રમનું પલ્લું સાવ ભોંયતળિયે બેસી ગયું. એક ગામથી બીજે ગામ પગે ચાલીને જવાની ઘટનાનો સદંતર લોપ થઈ ગયો. શરૂ–શરૂમાં તો સાઈકલનો વપરાશ થતાં પગના સ્નાયુઓને પણ કસરત મળતી પરંતુ પછી તો પેટ્રોલ અને ડીઝલને સહારે ચાલતા વાહનો આવી જતાં નાનકડો શ્રમ પણ અદૃશ્ય થઈ ગયો.

સાદા, નાના અને લાકડાના ઘરોને બદલે સિમેન્ટ કોંક્રીટથી બનતા વિશાળ મકાનોમાં રહેવા છતાં હજુ વધુ સારા મકાન (ઘર નહીં)ની ઈચ્છાઓ કયારેય સંતોષાવાનું નામ લેતી નથી. એક ઓસરી, વચ્ચે સૂવાનો ઓરડો અને અંતે રસોડાને બદલે વિશાળ બેઠકરૂમ, એક કરતાં વધુ સૂવાના ઓરડાઓ, રસોડાની સાથે ટેબલ ઉપર બેસીને જમવાની વ્યવસ્થા પણ ઓછી પડતાં ધનિકોએ ફાર્મ હાઉસ બનાવ્યા. સપ્તાહના અંતે ત્યાં જઈ સ્વર્ગીય આનંદ મેળવવાનો પ્રયત્ન થવા લાગ્યો. વ્યકિતદીઠ પ્રસાધનો આવી ગયા. રૂમની સાથે તેને જોડવામાં આવ્યા.

*"મહોબ્બત ને જગત વચ્ચે કબરનું સ્થળ વિચારું છું,*
*મને ત્યારે તમારા ઘરનો ઉંબર યાદ આવે છે,*
*જ્યાં કાંટા જોઉં છું ત્યાં યાદ આવે છે મને મંઝિલ,*
*મગર જ્યારે ફૂલો દેખાય છે, ઘર યાદ આવે છે."*

— બરકત વીરાણી 'બેફામ'

અગાઉ કપડાં–લત્તાં માત્ર લોખંડના પટારામાં રહેતા. ધીમે–ધીમે લોખંડના કબાટોમાં કપડાંઓએ સ્થાન જમાવ્યું. થપ્પી બંધ કપડાં મૂકતાં લોકો આનંદ વિભોર બની જવા માંડયા. આજે તો વ્યકિતદીઠ લાકડાના કબાટોમાં કપડાં 'રાજાશાહી'થી રહેવા લાગ્યા. મમ્મી–પપ્પાના અલગ તો સંતાનોના તો તેમનાથી પણ અલગ કપડાંની થપ્પીઓ નહીં થપ્પાઓ થવા લાગ્યાં. જાણે નાનકડી તૈયાર કપડાની દુકાન !

અગાઉ વ્યકિતઓની સંખ્યા હોય તેનાં કરતાં પગરખાંની સંખ્યા ઓછી હોય. કયારેક ઉઘાડા પગે પણ શાળાએ, ફળિયામાં અથવા કયાંક જવાનું બને. આજે તો ગૃહિણી શાક લેવા જાય ત્યારે પણ અલગ પ્રકારના ચંપલ પહેરીને જાય છે ! પહેલાંના સમયમાં ઘરના ઓટલા ઉપર પડી રહેતાં પગરખાં માટે હવે આધુનિક 'શૂ–રેક'માં રહેવા લાગ્યા. કુટુંબની વ્યકિતઓની સંખ્યા કરતાં બૂટ–ચંપલની સંખ્યા ત્રણ–ચાર ગણી ન હોય તો જ નવાઈ ! ઘરમાં પહેરવાનાં સ્લીપર, બહાર ફરવા જવાના ચંપલ, ઓફિસે જવાના બૂટ–સેન્ડલ, ચાલવા (Walking) જવા માટે વિશિષ્ટ પ્રકારના બૂટ અને કોઈ સારા પ્રસંગ માટે મોજડી તો જોઈએ જ ને !

શરૂઆતમાં ઘરમાં એકાદ ટેબલફેન હોય તો હોય ! ગરમીના દિવસોમાં જમીન ઉપર સૂઈ જાય અને ફરતો પંખો રાખી સૌ ઠંડા પવનનો આનંદ માણવામાં ગૌરવ અનુભવતા. ધીમે ધીમે રૂમ દીઠ સિલીંગ ફેન આવી ગયા. હજુ તે ઠરી ઠામ થાય તે પહેલાં તો દરેક રૂમમાં એ.સી. આવી ગયા. રાત્રે એક પંખા નીચે બેસીને જમવાનો આનંદ માણતું કુટુંબ આજે પોતપોતાના રૂમમાં નાસ્તા કે ભોજનની મજા માણે છે. વીંજણો પંખો તો જીવનમાંથી તદ્દન અદ્રશ્ય થઈ ગયો. બાળકોને તો આવા કોઈ શબ્દનું અસ્તિત્વ છે કે કેમ તે પણ ખબર નહીં હોય.

જીવન શૈલીની આ તમામ બાબતો પ્રગતિ અને વિકાસ તરીકે પોંખાઈ. ઉપરોકત જેવી સુવિધાઓ જે જે કુટુંબોમાં નથી તે વિકસીત નથી તેમ સમજાવા લાગ્યું. ઉપરોકત રીતે રહેવાની વ્યવસ્થાથી જ જીવન સુખી બને છે તેવી માન્યતા ઘર કરી ગઈ. તેમાં એકાદ વસ્તુ પણ ઓછી હોય તો તે ચલાવી લેવાય નહીં તેમ સૌ માનવા અને વર્તવા લાગ્યા. હવે બધાને અભાવનો અજંપો રહ્યા કરે છે.

જીવનમાં સંતોષ હોવો જોઈએ તેવી સમજ જ અદ્રશ્ય થઈ ગઈ. વધુને વધુ ભૂખ ઊઘડવા લાગી. પોતાના કરતાં વધુ સવલતો વાળી વ્યકિત ઉપર નજર પડતાં તે સુખ સગવડો પોતાની પાસે પણ અનિવાર્યપણે હોવી જ જોઈએ તેવું મંતવ્ય દ્રઢ થઈ ગયું. યુવાનો અને બાળકો આ બિમારીનો મોટા પ્રમાણમાં ભોગ બનવા માંડયા. ઈચ્છાઓ રાજાના દિકરાની જેમ ઢદિવસે ન વધે, તેટલી રાતે વધે' જેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ. સેંકડો રૂપિયાની આવકમાંથી હજારો રૂપિયાની આવક પ્રાપ્ત કરવા કયારે ચાલી નીકળ્યા તે સમજાયું જ નહીં. હજારોની આવક થઈ પરંતુ હવે લાખો અને કરોડોની આવક કયારે થશે તેની અપેક્ષાઓમાં સુખ, શાંતિ, કૌટુંબિક જીવન, મૈત્રી, સંબંધ, લાગણીઓ અને પ્રેમની હોળી થઈ ગઈ. લાખોપતિ, કરોડપતિ બનવા માટે તમામ દાવપેચ લગાવવા માંડયા. ગમે તેવા કાવાદાવા કરીને સંપત્તિ પ્રાપ્ત કરવા સૌ મંડી પડયા છે. યેન, કેન પ્રકારણે ધનવાન થવામાં જ શ્રેય છે તેવું સૌ નકકી કરી બેઠા. ઢપૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ' જેવી સ્થિતિ બની ગઈ.

આકાંક્ષા અમર્યાદ બની ગઈ. ગણિતની ભાષામાં કહીએ તો આ દુનિયામાં કોઈ આંકડો મોટામાં મોટો હોતો જ નથી. કારણ કે તમે ધારેલા આંકડામાં માત્ર એકનો ઉમેરો કરો તો તમારો ધારેલો આંકડો નાનો થઈ જ જવાનો છે. સુખ, સગવડો, સવલતોનો કયારેય અંત આવવાનો જ નથી. વ્યાવસાયિકો તેના વ્યવસાયનો વિકાસ કરવા નવા—નવા સાધનો સાથે બજારમાં આવવાના છે. તેઓ અવનવી આકર્ષક જાહેરાતો સાથે પોતાની ચીજ—વસ્તુઓ ખરીદવા માટે ગ્રાહકોને લલચાવવાના જ છે. વ્યકિતએ પોતે નકકી કરવું પડશે કે મારે કયાં રોકાવું.

અપેક્ષાઓની અતિશયોકિતએ તો માનવને માનવ રહેવા દેવાને બદલે દાનવ બનાવી દીધો. અનંતનો અંત નથી. તો પછી અપેક્ષાઓને મર્યાદિત બનાવી દેવામાં શો વાંધો છે? તેનો અર્થ એવો સહેજપણ નથી કે પાયાની જરૂરિયાતોથી વંચિત રહેવું. આવશ્યક સાધનો તો હોવા જ જોઈએ. તે પ્રાપ્ત કરવામાં કાંઈ ખોટું નથી. પરંતુ 'આવશ્યક'ની વ્યાખ્યા કોણ નકકી કરશે? પર્યાપ્ત જરૂરિયાતો અને આવશ્યક જરૂરિયાતો વચ્ચેનો ભેદ સમજવો અત્યંત જરૂરી છે. અપેક્ષા અને આકાંક્ષા વચ્ચેનો ભેદ માણસે જાતે શાંતચિત્તે બેસી પોતાની આવડત, જ્ઞાન અને શકિતને આધારે નકકી કરી લેવાં જોઈએ. કોઈનો મહેલ જોઈને પોતાનું ઝૂંપડી તોડી પાડવામાં સહેજપણ શાણપણ નથી. હાલમાં તો 'અપેક્ષા'ઓએ રોગનું સ્વરૂપ લઈ લીધું છે. નિરોગી બનવું શું પોતાના જ હાથમાં નથી?

*"જીવન અખૂટ છે તે જાણવા માટે*
*હું ફરી ફરીને મૃત્યુ પામીશ."*

**— અનુ. નગીનદાસ પારેખ**

# પરબીડિયું

**રવજી ગાબાણી**
ગુજરાત રાજયના કેબીનેટ મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાના
અંગત મદદનીશ અને ડેપ્યુટી કલેકટર
ઈમેલ : balvichar2011@gmail.com



દસમું ધોરણ પાસ કર્યા પછી એક છોકરી મને દયદ્રાવક પત્ર લખે છે. એ પત્ર વાંચ્યા પછી જે લાગણીસભર પ્રસંગ બને છે, એ પ્રસંગની ભીતર ભીનું કરતી સત્યઘટના આપની સામે મૂકું છું.આશા છે, આપ આ લાગણીભીના પ્રસંગમાં ભીંજાશો.

વર્ષ ૨૦૧૨ની આ વાત છે.ત્યારે હું બરવાળા ખાતે તાલુકા વિકાસ અધિકારી હતો.રોજિંદા ક્રમ મુજબ હું મારા ટેબલ પર મૂકાયેલી ટપાલો(સરકારી પત્રો, અરજદારની રજૂઆતો, પરિપત્રો વગેરે ) જોઈ રહ્યો હતો.અગત્યની ટપાલો વાંચી એની ઉપર વહીવટી ભાષામાં નોંધ કરી રહ્યો હતો, જેથી લાગતા વળગતા કર્મચારી એના આધારે કાર્યવાહી આરંભી શકે.હું ટપાલો જોવાના કામમાં વ્યસ્ત હતો ત્યાં મારા અનુભવી ક્લાર્ક દશરથભાઈ મારી ચેમ્બરમાં આવ્યા. એમના હાથમાં એક પરબીડિયું હતું. મારી સામે એ પરબીડિયું ધરતા તેઓ બોલ્યા.

'સાહેબ!આ આપની ટપાલ છે.'

''અરે ! એને ખોલી નાંખો. ખોલીને એને ટપાલ ભેગી જ મૂકી દેવાયને ! કેમ એને ખોલી નથી? ખોલી નાંખો.''

'સાહેબ! ખાનગી ટપાલ છે. મારે એમ ના ખોલાયને!'

''પણ, એમાં ક્યાંય ખાનગી ટપાલ છે એવું તો લખ્યું નથી?'' હું પ્રશ્ન કરી એની સામું જોઈ રહ્યો.

'સાહેબ! આપના નામ જોગ ટપાલ છે એટલે એ ખાનગી કહેવાય. હોદ્દા જોગ નથી એટલે અમારાથી ના ખોલાય.જેટલી હોદ્દા જોગ ટપાલો છે એ બધી ખોલીને આપના વંચાણે મૂકી દીધી છે. આ ટપાલ આપના નામ જોગ હતી એટલે આપને રૂબરૂ હાથોહાથ આપી.'

દશરથભાઈ મને સમજાવીને ચાલતા થયા. મને વહીવટી ફરજ દરમ્યાન પહેલી વખત જાણવા મળ્યું કે, બંધ કવરની ટપાલોના સરનામામાં જો વ્યક્તિનું નામ લખાયેલું હોય, તો એ ટપાલ વ્યક્તિગત અને ખાનગી ગણાય.

ટપાલ ખોલતા પહેલા મારી નજર મોકલનારના નામ સરનામા ઉપર પડી. ટપાલ મોકલનારમાં કોઈ છોકરીનું નામ હતું. અજાણ્યું નામ વાંચી ને મને ભારે અચરજ થયું.હું વિચારમાં પડી ગયો.

મેં ધીરેથી કવર ખોલી ટપાલ વાંચવાનું શરુ કર્યું. ટપાલ જેમ જેમ વાંચતો ગયો એમ એમ મારામાં સ્નિગ્ધતા વ્યાપી ગઈ. વચમાં એક લીટી વાંચતા તો રીતસર મારા હાથ ધ્રુજી ગયા..હું સ્તબ્ધ બની ગયો. ટપાલનું લખાણ કંઈક આવું હતું.

*આદરણીય,*

*રવજી સર.*

*નમસ્તે.*

*સર ! હમણાં જ મેં ધોરણ દસની પરીક્ષા ૮૦%માર્ક્સ સાથે પાસ કરી છે. મને આગળ ભણવું છે. મેં અગિયાર-બાર માટે કેમેસ્ટ્રી અને ફિજીક્સનું ટ્યૂશન રખાવ્યું છે. મારે ટ્યૂશન ફીના રૂપિયા વીસ હજાર આ અઠવાડીએ ભરવાના છે. તમે મને મદદ કરો તો હું ભણી શકીશ. મને નટુભાઈ દરજી(દરજી નથી, પણ સિલાઈ કામનો વ્યવસાય છે. એમની અટક યાદવ છે.) એ તમારું નામ આપી કીધું હતું કે તું સાહેબને ટપાલ લખ. એ તને મદદ કરશે. હું પણ સાહેબને વાત કરીશ. એટલે મેં આપને ટપાલ લખી છે.*

*ઘરમાં મમ્મી,એક નાનો ભાઈ અને હું ત્રણ જણ ભાડાના મકાનમાં રહીએ છીએ. ભાઈ આઠમું ભણે છે.*


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

*મમ્મી સિલાઈ કામ કરી ઘર ચલાવે છે પણ પહોંચી નથી વળાતું.*

*મારા પપ્પા નાનકડી બીમારી પછી હમણાં બે મહિના પહેલા ગુજરી ગયા છે એટલે ઘરની પરિસ્થિતિ ખૂબ ખરાબ છે. પપ્પા નથી એની સાબિતી માટે પપ્પાના મરણનો દાખલો ટપાલમાં સાથે જોડેલો છે.દસમાં ધોરણની માર્કશીટ પણ છે. તમે મને ભણવા માટે મદદ કરશો તો હું મોટી થઈ ને કમાઈને પણ તમને પૈસા પાછા આપી દઈશ.*

*સર ! મારે ભણવું છે.તમે મદદ કરશો?*

*લિ. રીનલ મોજીદ્રા*

ઘડીભાર હું સ્તબ્ધ બની ગયો. વળી વળી ને એક લીટી પર મારી આંખો મંડાતી હતી.

"પપ્પા નથી એની સાબિતી માટે પપ્પાના મરણનો દાખલો ટપાલમાં સાથે જોડેલો છે." આ લીટીએ મને અંદરથી હચમચાવી નાંખ્યો. પપ્પા નથીની સાબિતી માટે મરણનો દાખલો સામેલ છે એવું લખતી વખતે શું વીત્યું હશે એક બાપ વિનાની પંદર વરસની દીકરીના માથે. એના હાથ અને કલમ કેટલા કંપ્યા હશે!! એની આંખો કેટલું રડી હશે!! હું આ વિચારમાત્રથી ધ્રુજી રહ્યો હતો.

ધીમે ધીમે ગમે તેમ કરી ને હું સ્વસ્થ થયો અને કામમાં પરોવાયો. આજે મને કાંઈ ચેન પડતું નહોતું. જેમ તેમ કરી ને મેં સાંજ પાડી. જેટલું જલદી બને એમ મારે બોટાદ પેલી દીકરીના ઘેર જવું હતું. હું ઓફિસથી ઘેર જવા નીકળ્યો.રસ્તામાં મેં નટુભાઈ દરજીને ફોન કર્યો.

'નટુભાઈ ! નાગલપરના દરવાજે હું અડધા કલાક પછી આવું છું. તમે ત્યાં ઊભા રહેજો. આપણે રીનલના ઘેર જવું છે.'

નટુભાઈ વાતને પામી ગયા હતા એટલે એમણે 'ઓકે સાહેબ!'નો ટૂંકો જવાબ આપી ફોન રાખી દીધો.

નટુભાઈ ખૂબ જ વિનમ્ર અને સેવાભાવી વ્યક્તિ તરીકે આખા બોટાદ પંથકમાં નામના ધરાવે છે. કોઈપણ વ્યક્તિનું દવાખાનું હોય અને એમને ખબર મળે એટલે સેવા માટે અડધી રાતે પણ પહોંચી જાય. ખર્ચની પોતાની મર્યાદા આવે એટલે ગમે તેની પાસે બીજા માટે ટહેલ નાંખે. કોઈ એને ના પણ ન પાડે.દર્દી કે જરૂરિયાતમંદનું કામ સચવાઈ જાય.

વિચારોના ચકરાવા વચ્ચે હું નગલપર દરવાજે પહોંચી ગયો. નટુભાઈ ત્યાં ઊભા હતા. અમે બન્ને રીનલના ઘેર ગયા. નાનકડું ભાડાનું મકાન હતું. રીનલ ટ્યૂશન ગઈ હતી. એનો ભાઈ અને મમ્મી હીરાબેન ઘેર હતા. એમણે અમને આવકારો આપી પાણી આપ્યું. અમે બેઠાં. થોડી વાતો થઈ.

હું મનોમન વિચારી રહ્યો હતો કે કુદરત કેમ કોઈની આટલી બધી કસોટી કરતો હશે.

થોડીવારમાં રીનલ આવી. મેં એની પાસેથી એના સરનો નંબર લઈ ફોન જોડ્યો.એમની આખા વરસની બે વિષયની ફી વીસ હજાર રૂપિયા છે એ ફોનમાં એમણે જણાવ્યું.

મેં એમને કીધું કે, 'રીનલના ઘરની સ્થિતિ નબળી છે અને ફી મારે ભરવાની છે.તમે કેટલા ઓછા લેશો?'

એમણે મને બે હજાર ઓછા આપજો એવું કીધું એટલે મેં કાલે ફીના અઢાર હજાર મળી જશે એમ કહી વાત પૂરી કરી.

રીનલ અને એના મમ્મી આખો ઘટનાક્રમ અવાક બની જોઈ રહ્યાં હતાં. એમની કલ્પનામાં ન હોય એવું બધું થઈ રહ્યું હતું.સામે બેસેલા નટુભાઈના ચહેરા ઉપર રોનક ફરી વળી રહી હતી.

મેં એક મિત્રને ફોન કરી બે દિવસ માટે રૂપિયા ઉછીના જોઈએ છે એવું કહીને વીસ હજાર રૂપિયા મંગાવી લીધા. વીસ મિનિટમાં પૈસા આવી ગયા એટલે મેં ફીના અઢાર હજાર રૂપિયા હીરાબેનના હાથમાં આપ્યા.પૈસા લેતી વખતે તેઓ અત્યંત ભાવુક બની ગયા હતા. મારા માટે પણ આ

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ ઉપર)

# શિક્ષકની ચેતના

**ડૉ. અરુણ જે. કક્કડ**
બી-૪૦૩, મોતીપેલેસ પ્લસ, વંથલી રોડ,
ટીંબાવાડી, મુ. જૂનાગઢ.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

## દયપાટી પર ચિરાંકિત ઘેડિયા

વિદ્યાર્થી અને શિક્ષક તરીકેના અનુભવોની આનંદયાત્રા રૂપે લખાયેલ શ્રી દુષ્યંત પંડ્યાના પુસ્તક 'ઘેડિયા ન ભૂંસાતા'માં દયપાટી પર ચિરાંકિત અનુભવ અને પ્રેમનાં ઘેડિયા વાંચી શકાય છે. ચાર વર્ષથી પણ નાની વયે લેખક દુષ્યંતભાઈના પિતાનું અવસાન થયેલું. બેસણામાં આવેલા એક વડીલ ઓધવજીભાઈએ લેખકના તોફાન શાંત પાડવા, હાથમાં પાટી-પેન પકડાવી દીધા ! ઓધવજીભાઈ શિક્ષક ન હોવા છતાં પણ તેમણે ઘૂંટાવેલો એકડો લેખકની દયપાટી પર ચિરાંકિત થઈ ગયો છે. જાણે કે પાટીમાં પડેલો ઘેડિયો. પાટી પર વતરણાથી લખેલું ભૂંસી શકાય છે પણ, વતરણામાં આવી ગયેલી સાવ ઝીણી કાંકરી પાટીના સ્પર્શમાં આવે છે ત્યારે આપણું દય કંપી ઊઠે એવો અવાજ પેદા કરે છે અને પાટીના દેહ પર એ નિશાન મૂકી જાય છે, જે પાટી ફૂટે તો પણ પાટી પરથી જતું નથી – એ ઘેડિયો કે ઘસરડો.

વિદ્યાર્થીજીવનમાં તથા શિક્ષક તરીકેની કારકિર્દીમાં લેખરની હૈયાપાટી પર જે ઘેડિયા પડ્યા તેની આ કથા છે. લેખકે નોંધ્યું છે, 'શિક્ષક તરીકેની કારકિર્દીના પહેલા દહાડાનો લગભગ પહેલો જ અનુભવ મારી સ્મૃતિપાટી પર અને મારી હૈયાપાટી પર એવો જ ઘેડિયો મૂકી ગયેલ છે. જુદી જુદી શાળાઓમાં અને કૉલેજમાં ભણ્યો છું. ત્યાં શિક્ષકની, અધ્યાપકોની સબળતાઓ તેમજ નિર્બળતાઓ બંને મારા અનુભવોમાં આવેલ છે.' લેખકના વિદ્યાર્થી તરીકેનાં સ્મરણો-અનુભવો તથા શિક્ષક તરીકેનાં સ્મરણો-અનુભવો : એમ બે પ્રકારની આ સ્મરણ-અનુભવકથા છે.

'ઘેડિયા ન ભૂંસાતા' પુસ્તકમાં આવતી વાતો કેટલાંક અંગત અનુભવોની તથા એ અનુભવો દ્વારા લેખકને પ્રાપ્ત થયેલાં આનંદની છે. છતાં લેખક આ પુસ્તકને આત્મકથા ગણાવતા નથી. તેઓ તેને 'અનુભવોની માંડણી' ગણાવે છે. શીખતા બાળકોને, કિશોર-કિશોરીઓને, યુવક-યુવતીઓને સહાયરૂપ થતા મેળવેલા આનંદનો અનુભવ વહેંચવાનો પ્રયત્ન અહીં છે. તેથી આનંદયાત્રા છે. 'ઉદ્દેશ' માસિકમાં હપતાવાર પ્રગટ થયેલી આ શિક્ષણના અનુભવોની કથા એક શિક્ષકની આનંદયાત્રા બની રહે છે. આ પુસ્તકમાં લેખરના પોતાના શિક્ષક તરીકેના અનુભવો નોંધાયા છે. સાથોસાથ વેખકના વિદ્યાર્થીજીવનના અંગત અનુભવો-પ્રસંગો પણ નિરૂપાયા છે. એટલે કે અહીં એક શિક્ષકના શિક્ષક તરીકેના અને વિદ્યાર્થી તરીકેના અનુભવો પણ નિરૂપાયા છે. લેખકના કેટલાક નિરીક્ષણો વિચાર કરતા કરી મૂકે છે :

- આપણા મોટાભાગના વિદ્યાર્થીઓનું વાંચન ગાઈડો અને શિક્ષક-અધ્યાપકે ઉતરાવેલી નોટ્સની આગળ વધતું નથી. કારણ સ્પષ્ટ છે : પરીક્ષા પસાર કરવા માટે એ જરૂરી નથી. સંદર્ભગ્રંથ જોતાં કેટલાં વિદ્યાર્થીઓને આવડે છે ?
- આજે આપણી યુનિવર્સિટીઓમાં પરીક્ષકોને અમુક કેન્દ્રો પર બોલાવવામાં આવે છે ને ત્યાં સામુદાયિક ધોરણે ઉત્તરવહીઓ તપાસવાનું કામ થાય છે. 'નિરીક્ષક'માંના એક પ્રાધ્યાપકના લેખ પ્રમાણે, કેટલાક 'કુશળ' પ્રાધ્યાપકો આઠ કલાકનું કામ ત્રણ કલાકમાં કરી નાખે છે. પરીક્ષણકાર્યમાં આનંદ છે, ચૅક લેવાનો, પેપરો તપાસવાનો નહિ.

- કેટલાક શિક્ષકોને વિદ્યાર્થીઓ સમક્ષ બડાશ મારવાની ટેવ હોય છે.

- ઉત્તમ શિક્ષકોની સંખ્યા મર્યાદિત જ હોવાની.

- વિદ્યાર્થીમિત્રોની પ્રીતિનો ઘેડિયો અદૃશ્ય ભલે હોય પણ એ પ્રેમનો આંકો છે. એ પ્રેમાંકને જીવનની આધિ-વ્યાધિને સહન કરવામાં સહાય કરી છે.

વીસામી સદીના ત્રીજા દાયકાના આરંભે જામનગરમાં ધૂળી નિશાળની ઢબની બે પ્રાથમિક શાળાઓ હતી; લાધા દડિયાની અને ભવાન માસ્તરની. લધા દડિયાની શાળા એક વાડામાં બેસતી અને ભવાન માસ્તરની શાળા રસ્તા પરના ઓટલા પર. ભવાન માસ્તરના મુખની ગાળો, પગ કે હાથના પ્રહારો, લાકડીના પ્રહારો વચ્ચે વિદ્યાર્થી વતરણા વડે પાટીમાં આંક લખવા મંડી જતો. લેખકને પાંચ વર્ષ પૂરા થયા અને છઠ્ઠું વર્ષ બેઠું ત્યારે ખોજાને નાકે આવેલી રાજ્યની પાંચ નંબરની શાળામાં બેસાડવામાં આવેલા. ચાર ધોરણ પછી અંગ્રેજી ફર્સ્ટ સ્ટાન્ડર્ડમાં પ્રવેશ મળતો. લેખક ખંભાળિયા નાકા બહાર આવેલી ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં દાખલ થયા. અંગ્રેજી શિક્ષણનો પાયો નંખાયો. ત્યારબાદ નવાનગર હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૯૩૩માં મેટ્રિક થયા. જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં અભ્યાસ આરંભ્યો. ઈન્ટરની પરીક્ષા પાસ કરી સુરતની એમ.ટી.બી. કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ઈ.સ. ૧૯૩૫થી નાસિકની કૉલેજમાં અભ્યાસ કર્યો.

ઈ.સ. ૧૯૩૯માં કરાંચી નાનું શહેર હતું. ત્યાંનો ગુજરાતી સમાજ પણ નાનો હતો. ત્યાંના વેપારીવર્ગ દ્વારા સંચાલિત 'શારદા મંદિર'માં લેખક શિક્ષક તરીકે જોડાયા. મહાત્મા ગાંધીના અનુરોધે ઈ.સ. ૧૯૨૦-૨૧માં મનસુખરામ જોબનપુત્રા દ્વારા સ્થપાયેલી આ સંસ્થામાં ડોલરરાય માંકડ શિક્ષક તરીકે હતા. જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, સરોજિની નાયડુ, મૌલાના આઝાદ વગેરે મહાનુભાવોના હાથે રોપાયેલા વીસ-પચીસ વૃક્ષો 'શારદા મંદિર'ના પ્રાંગણમાં ઝૂમી રહ્યાં હતાં. ઈ.સ. ૧૯૩૮માં વિશ્વનાથ મ. ભટ્ટ પણ શિક્ષક તરીકે હતા. લેખકે તત્કાલીન કરાંચી શહેર અને ત્યાં વસતા ગુજરાતીઓ વિશે વિગતે માહિતી આપી છે, જે આજે ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. રેતાળ પ્રદેશ સિંધના દરિયાકાંઠે અંગ્રેજ ખલાસીઓ પોતાનું વહાણ લાવ્યા. દરિયાકાંઠાના કોઈ માછીમારને અંગ્રેજીમાં ગામનું પૂછ્યું. માછીમાર અંગ્રેજી જાણે નહીં ને સામે બોલ્યો, 'કુરો ચેતો ?' (શું કહે છે ?) અંગ્રેજ ખલાસી ગામનું નામ સમજ્યા. 'કરાંચી'. આ પ્રકારની લોકવાયકા પ્રચલિત છે જે લેખકે અહીં આપી છે.

કરાંચી રેલમાર્ગે પંજાબ, બલૂચિસ્તાન અને રાજસ્થાન સાથે જોડાયેલું હતું. સુએઝની નહેરના કારણે યુરોપથી ભારતનું એ સૌથી નજીકનું બંદર બની ગયું. તેથી કરાંચીનો ખૂબ વિકાસ થયો. માનવશક્તિના દૃષ્ટિબિંદુથી જોતાં કરાંચીના વિકાસમાં મોટો ફાળો કચ્છ-સૌરાષ્ટ્રના સાહસિકોનો હતો. વાયરો અનુકૂળ હોય તો કચ્છી કોટિયો જોડિયાથી ચોવીસ કલાકમાં કરાંચીને બારે લાંગરે. સલાયાથી અને માંડવીથી તો વળી એથીયે ઓછો સમય લાગે. કરાંચીની અગત્યની એક બજાર 'જોડિયા બજાર' નામે ઓળખાતી. ઈ.સ. ૧૯૩૭માં સિંધ સ્વતંત્ર પ્રાંત બન્યું ત્યાં સુધી કરાંચી મુંબઈ ઈલાકાનો એક ભાગ હતું. ગુજરાત વિદ્યાલય અને કારિયા હાઈસ્કૂલ પણ અસ્તિત્વમાં હતા. ચાળીસેક જેટલી ગુજરાતી પ્રાથમિક શાળાઓ હતી. ઈન્દુલાલ ગાંધી, ચંદ્રશંકર બૂચ, કરસનદાસ માણેક, કવિ દેવજી મોઢા, જયાનંદ દવે વગેરે પણ કરાંચીમાં હતા. કરાંચીનો ગુજરાતી સમાજ જ્ઞાતિઓમાં પૂરો વિભક્ત હતો. આ જ્ઞાતિવાદમાં પાછી પ્રાદેશિકતા ભળતી, એટલે કચ્છી લોહાણા અને હાલાઈ લોહાણા જુદા પડતા. કન્યા કેળવણીનું પ્રમાણ બહુ ઓછું હતું. ત્યાં વસતા ગુજરાતીઓનો ઘણો મોટો ભાગ કચ્છ-

સૌરાષ્ટ્રવાસીઓનો હતો. સખ્ખરનો બંધ બંધાયા પછી કપાસનો વેપાર ચાલુ થયો. થોડાક સુરતી કુટુંબો મુંબઈ વાટે ત્યાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર અને કચ્છના અર્થતંત્રને સિંધ સમૃદ્ધ કરતું. કરાંચી ઉપરાંત હૈદરાબાદમાં પણ ગુજરાતીઓ વસતા ઈ.સ. ૧૯૪૨ પછી સિંધમાં અસલામતી લાગતાં અડધાથીયે વધારે કુટુંબોએ કરાંચી છોડ્યું. શાળાઓ પર આ ઉચાળાની અસર પડી. વિદ્યાર્થીસંખ્યા ઘટી ગઈ. 'શારદા મંદિર'માં આઠસો જેટલી વિદ્યાર્થીસંખ્યા હતી તે ઘટીને બસો-અઢીસો જેટલી થઈ ગઈ. ગુજરાત વિદ્યાલયમાં અને કારિયા હાઈસ્કૂલમાં પણ એ જ સ્થિતિ હતી.

ઈ.સ. ૧૯૧૬માં લેખકનો જન્મ થયો હતો. બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરીને, નોકરી માટે મુંબઈમાં ફાંફાં માર્યા પછી, ઈ.સ. ૧૯૩૯માં કરાંચીમાં નોકરીએ લાગ્યા. 'શારદા મંદિર'માં જોડાયા ત્યારે માસિક ૫૫ રૂપિયાનો પગાર મળતો હતો. સોનું ત્યારે વીસ-એકવીસ રૂપિયે તોલો મળતું. લેખક નોંધે છે કે, 'રોટલો ભલે મને કરાંચી લઈ ગયો પણ ડોલરભાઈ પાસે ભણવાનો લોભ હતો.' એમના જ્ઞાનસિંધુમાંથી લેખકની જ્ઞાનતૃષો છિપાઈ છે. શ્રી ગુરુદયાળજી મલ્લિક અને સ્વામી રંગનાથનંદજી એ બે વિભૂતિઓએ લેખકના  દયની ક્ષિતીજો વિસ્તારી હતી. આ બંનેના સંસર્ગે લેખકના અધ્યાપનકાર્યને નવું પરિણામ આપ્યું. પરીક્ષાલક્ષી જ રહેવાને બદલે જીવનલક્ષી બનવામાં સહાય કરી. 'શારદા મંદિર'માં શારીરિક શિક્ષાને સદંતર દેશવટો હતો.૧૯૪૨ની 'હિન્દ છોડો'ની ચળવળ શરૂ થઈ. 'શારદા મંદિર' શાળાની ઑફિસોને તથા પ્રયોગશાળાને સરકારે સીલ માર્યાં. ત્રણેક મહિના પછી શાળાકાર્ય પૂર્વવત્ થયું. કોલ્હાપુરમાં નવ-દસ મહિના રહી બી.ટી.નો અભ્યાસ પૂરો કરી ઈ.સ. ૧૯૪૪માં લેખક પુનઃકરાંચી આવે છે. ઈ.સ. ૧૯૪૬ના જુલાઈની ૩૦ તારીખે લેખક કાયમી ધોરણે કરાંચી છોડે છે અને મુંબઈની શાળામાં જોડાય છે.

શાળામાં નોકરી અને ટ્યુશનો કરતા; કોલ્હાપુર અને મુંબઈ એમ ત્રણ નગરો બદલતા આ લેખક વિભાજનની સીધી અસરોમાંથી બચી ગયા. આ રીતે લેખકને જીવન દરમિયાન પૂર્વપ્રાથમિક એટલે બાલમંદિરથી માંડીને એમ.એ.અને બી.એડ્. કક્ષાઓ સુધી અધ્યાપનકાર્ય કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. એક વરસ અમેરિકાની એક હાઈસ્કૂલમાં પણ શીખવવાની તક સાંપડી હતી. લેખક નોંધે છે કે, 'શિક્ષણના આ દરેક તબક્કે કામ કરતા મને આનંદ જ આવ્યો છે. પરંતુ બાલમંદિરનાં બાળકો પાસેથી જે નિર્વ્યાજ પ્રેમ મને સાંપડ્યો છે. તેણે મારા અંતરને અનન્ય પ્રસન્નતાથી ભરી દીધું છે.' (પૃ. ૧૪૭) ઈ.સ. ૧૯૩૯થી આરંભાયેલી શ્રી દુષ્યંતભાઈ પંડ્યાની અધ્યાપનયાત્રા ઈ.સ. ૧૯૯૨માં વિરામ પામી. આ ગાળા દરમિયાન વિખ્યાત બાળકેળવણીકાર માદામ મોન્તેસોરીના કાર્યમાં બે વાર સહાયરૂપ થવાની તક  લેખકને સાંપડી હતી. ઈ.સ. ૧૯૩૯માં આરંભાયેલી લેખકની અધ્યયન-અધ્યાપનયાત્રાને 'ઘેડિયા ન ભૂંસાતા'માં મૂકવાનો પ્રયાસ અભિનંદનપાત્ર છે. લેખક નોંધે છે કે, 'બીજો કોઈ વ્યવસાય પસંદ કરવાને બદલે શિક્ષકનો વ્યવસાય મેં સ્વેચ્છાએ પસંદ કર્યો અને એ યાત્રા મારે માટે આનંદયાત્રા જ બની છે.'

**('ઘેડિયા ન ભૂંસાતા', લેખક : દુષ્યંત પંડ્યા. પ્ર.આ. : ૨૦૦૯, ગૂર્જર ગ્રંથરત્ન, અમદાવાદ, પૃષ્ઠ ૨૯૬, કિંમત : રૂ. ૨૦૦)**

**ક્ષમા યાચના**

**'ઘરશાળા' માસિકના ગતાંકોમાં ભાષાની ઘણી બધી ભૂલો રહી જવા પામી હતી તે બદલ અમો દિલગીર છીએ.**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# નાસાનું "લગે-રહો" મંગળ-યાન : પર્સીવિઅરન્સ *(Persevarance)*

રાજેન્દ્ર દવે
પૂર્વ ડેપ્યૂટી ડાયરેક્ટર, સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ઈસરો.
ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ.
ઈમેલ : rajendra1953@gmail.com

મંગળ ગ્રહ પર જીવનની શોધ માનવજાત માટે માનો એક ઘેલછા રહી છે. અત્યાર લગી મંગળ ગ્રહ તરફ મોકલવામાં આવેલા લગભગ દરેક અંતરિક્ષયાનનું મુખ્ય, કહો કે એકમાત્ર લક્ષ જીવનની શોધ રહ્યું છે. આપણું મંગળયાન પણ તેમાં અપવાદ રૂપ નથી. તેના પર રહેલા મીથેન વાયુ શોધવા માટેના ઉપકરણનું ધ્યેય પણ મંગળ પર જીવનની શોધમાં મદદ કરવાનું જ હતું! આવું એક વધુ યાન, અમેરિકાની અંતરિક્ષ સંસ્થા નાસાનું પર્સીવિઅરન્સ (Perseverance) ફેબ્રુઆરી માસમાં મંગળ પર ઊતર્યું.

શરૂઆતના મંગળ મીશન ગ્રહની આસપાસ, તેની કક્ષામાં ઘૂમતા યાન ઓરબીટર (Orbiter) અથવા તો ગ્રહની સપાટી પર ઊતરીને નિરિક્ષણ કરતા લેન્ડર (Lander) હતાં. વર્ષ ૧૯૯૭માં નાસાએ એક નાનીશી, ૧૨ કિલોગ્રામ વજનની બગી (Rover- રોવર) સોજર્નર (Sourjourner) -અર્થાત થોડા સમય માટેનો પ્રવાસી, મહેમાન- મોકલીને મંગળ ગ્રહ પર રોવર યુગનો પ્રારંભ કર્યો. ત્યાર બાદ બીજા બે રોવર સ્પિરિટ (Spirit) અને ઓપર્ચ્યુનિટિ (Opportunity) વર્ષ ૨૦૦૪માં મંગળ પર ઊતર્યા. ઓપર્ચ્યુનિટિ તો વર્ષ ૨૦૧૮ સુધી કામ કરતું રહ્યું!

ત્રણ નાના રોવર મોકલ્યા બાદ નાસાએ એક નાની કાર જેટલું મોટું રોવર મોકલવાનો નિર્ધાર કર્યો, જે મંગળની માટી, ખડક, વાતાવરણ અને આબોહવાનો સઘન અભ્યાસ કરી શકે. આ નિર્ધારના પરિણામ રૂપે વર્ષ ૨૦૧૨ના ઓગસ્ટ માસમાં ક્યુરીઓસીટી (Curiosity) રોવર જે સત્તાવાર રીતે નાસાના "મંગળ વિજ્ઞાન પ્રયોગશાળા" (Mars Science Laboratory- માર્સ સાયન્સ લેબોરેટરી)નો ભાગ છે, સફળતા પૂર્વક મગળ ગ્રહ પર ઊતર્યું (માર્સ સાયન્સ લેબોરેટરીના મુખ્ય વૈજ્ઞાનિક એક ગુજરાતી, ડૉ. અશ્વિન વસાવડા છે.) ક્યુરિયોસિટિ આજે, આઠ વર્ષથી પણ વધુ સમય પછી પણ કાર્યરત છે. ક્યુરીઓસીટીના ઉતરાણ બાદ તુરત જ, ડીસેમ્બર ૨૦૧૨માં નાસાએ તેની નવી, સુધારેલી આવૃત્તિ વર્ષ ૨૦૨૦માં મોકલવાનો નિર્ધાર જાહેર કર્યો. આ સુધારેલા રોવરને મંગળ ગ્રહ પર મોકલવાના મીશનને "મંગળ ૨૦૨૦" (Mars ૨૦૨૦) નામ અપાયું.

વર્ષ ૨૦૨૦ની શરૂઆતમાં, જયારે રોવર લગભગ તૈયાર થઇ ગયું હતું, નાસાએ અમેરિકાની પ્રાથમિક તથા માધ્યમિક શાળાના વિદ્યાર્થી માટે રોવરનું નામકરણ કરવા એક સ્પર્ધાનું આયોજન કર્યુ. આ સ્પર્ધામાં ૭માં ધોરણના વિદ્યાર્થી એલેક્ષ માથેરે રોવર માટે સૂચવેલું નામ પર્સીવિઅરન્સ પસંદ થયું. "પર્સીવિઅરન્સ" શબ્દનો અર્થ ગુજરાતીમાં "ખંત", "ધગશ" થાય, બીજી રીતે કહીએ તો, "લગે રહો"! મંગળ ગ્રહ પર જીવનના ચિન્હની શોધ માટેના માનવ પ્રયત્નની પૃષ્ઠભૂમિ પર આ નામ બરોબર બંધબેસતું લાગે

૩ મીટર લાંબું, ૨.૭મીટર પહોળું અને ૨.૨ મીટર ઊંચું પર્સીવિઅરન્સ રોવર ક્યુરીઓસીટી રોવરની મોટી આવૃત્તિ સમાન છે. ૬ પૈડા વાળા રોવરનું વજન ૧,૦૨૫ કિલોગ્રામ છે. રોવર પર સૌથી વધુ ધ્યાન ખેંચતી ચીજ તેની આગળ રહેલો હાથીની સૂંઢ જેવો રોબોટિક "હાથ" (Arm- આર્મ) છે. હાથના છેડે "પંજા" પર માટીમાં કાણું પાડવાના ડ્રિલ તેમજ બીજા ઉપકરણ લાગેલા છે. ૭ ફૂટ લાંબો થઇ શકતો આ હાથ

તેના "ખભા" તેમજ "કોણી" ઉપરાંત તેના "પંજા"ને વાળી શકે છે. ક્યુરીઓસીટીની માફક પર્સીવિઅરન્સ પર મંગળ ગ્રહની સપાટી પર રહેલી માટી અને પથ્થરનું પૃથક્કરણ કરવા માટેના ના, ડ્રિલ કરીને સપાટીની નીચેથી માટીના નમૂનાનું પૃથ્થકરણ કરવા માટેના અને હવામાનનો અભ્યાસ કરવા માટેના ઉપકરણ બેસાડેલા છે. પર્સીવિઅરન્સ પરનું એક ઉપકરણ "સુપરકેમ" ખાસ ધ્યાન ખેંચે તેવું છે. ઉપકરણમાં એક શક્તિશાળી લેસર લગાવેલું છે, જે સાત મીટર દૂરથી પથ્થરને "ભસ્મ" કરવા જેટલું શક્તિશાળી છે. ભસ્મ થયેલા પથ્થરમાંથી નીકળતા ધૂમાડાનું કેમેરા વડે પૃથક્કરણ કરી પથ્થરનું રાસાયણિક બંધારણ અને ખાસ કરીને ભૂતકાળમાં ગ્રહ પર પાંગરેલા રહેલા જીવનના ચિન્હ શોધવાનું કામ આ ભગવાન શંકરની ત્રીજી આંખ જેવું ઉપકરણ હાલમાં ક્યુરીઓસીટી પર કરી રહ્યું છે અને પર્સીવિઅરન્સ પર પણ કરશે. આ ઉપરાંત પર્સીવિઅરન્સના સુપરકેમમાં એક માઇક્રોફોન બેસાડેલું છે. લેસર જ્યારે પથ્થરને ભસ્મ કરે ત્યારે થતાં "પોપ" અવાજને ઝીલી લઇ, તેનું પૃથક્કરણ કરી આ માઇક પથ્થરના બંધારણના અભ્યાસમાં મદદ કરશે. આ માઇક મંગળ ગ્રહની વિખ્યાત (કે કુખ્યાત?) ધૂળના રજકણનો અભ્યાસ કરવામાં પણ મદદ કરશે.

પરંતુ પર્સીવિઅરન્સનું સૌથી રસપ્રદ કામ તો મંગળ ગ્રહની માટીના નમૂના પૃથ્વી પર પાછા લાવવાના પ્રોજેક્ટને લગતું છે. મંગળ ગ્રહની માટીના નમૂના પૃથ્વી પર લાવવાની અત્યારની યોજના મુજબ આ કાર્યને ત્રણ મીશનમાં વહેંચી દેવાશે. એક યાન નમૂના એકઠા કરી ગ્રહ પરની કોઇ ખાસ જગાએ મૂકી રાખશે. ભવિષ્યમાં બીજું યાન મૂકી રાખેલા નમૂનાને ચાંચીયાના ખજાનાની માફક નકશાની મદદ વડે શોધી તેને મંગળની કક્ષામાં લઇ આવશે અને ત્યાં ભમતા ત્રીજા યાનને સોંપશે, જે આ નમૂનાને પૃથ્વી પર લઇ આવશે. પર્સીવિઅરન્સ આ યોજનાનું પહેલું યાન છે. તે પોતાની સાથે ૪૩ ખાસ બનાવેલી નળી લઇ ગયું છે. દરેક નળીમાં મંગળ ગ્રહની સપાટીનો આશરે ૧૫ ગ્રામ વજનનો નમૂનો સમાઇ શકે છે. યોજના આવી ઓછામાં ઓછી ૨૦ નળીમાં માટીના નમૂના ભેગા કરી ગ્રહ પર ખાસ જગાએ છોડી દેવાની છે.

નમૂના ભેગા કરવા માટે યાનના ત્રણ રૉબોટ કામ કરશે. સૌ પ્રથમ એક રૉબોટ એક પછી એક નળીને યાનની આગળ રાખેલા મોટા રૉબોટિક હાથ ને સોંપશે. રોબોટિક હાથ તેમાં રહેલા ડ્રીલિંગ મશીન મંગળની સપાટી પર ૫ સેં.મી ઊંડું છિદ્ર પાડી માટી/પથ્થરના નમુના આ નળીમાં એકઠા કરશે. અને નળી પાછી પહેલા રૉબોટને આપી દેશે. પહેલો રૉબોટ નમૂના ભરેલી નળીને ત્રીજા રૉબોટને આપશે. આ રૉબોટ નળીમાં એકઠા થયેલા નમૂનાના વજનનો ક્યાસ કાઢશે અને નળીને સીલ કરી સાચવીને રાખી દેશે. નમૂના એકઠા કરવા માટેની નળીની ખૂબ કાળજીપૂર્વક સફાઇ કરવામાં આવી છે, જેથી મંગળની માટી સાથે પૃથ્વી પરની કોઇ અશુદ્ધિ ભળી ન જાય. ઉપરાંત યાનમાં પાંચ નળી એવી રાખવામાં આવી છે, જે નમૂના ભેગા કરતી વખતે ખોલવામાં તો આવશે, પરંતુ તેમાં નમૂના ભેગા કરવામાં નહીં આવે. આવી નળીના અભ્યાસથી બાકીની, નમૂના સાથેની નળીમાં પૃથ્વી પરથી આવેલી અશુદ્ધિનો અંદાજ મેળવવામાં આવશે. આવી નળીને "સાક્ષી" (witness-વિટનેસ) નળી કહે છે. નમૂના એકઠા કર્યા બાદ પર્સીવિઅરન્સ મંગળ ગ્રહ પર ઇજનેરો નક્કી કરે તે જગાએ નમૂના ભરેલી તથા વિટનેસ નળીને છોડી દેશે. આ નમૂના ૭-૮ વર્ષ મંગળ પર પડ્યા રહેશે, કેમ કે અત્યારની યોજના મુજબ નમૂનાને પાછા લાવવા માટેના યાનની તે પહેલાં મંગળ ગ્રહ પર પહોંચવાની કોઇ શક્યતા નથી.


જીવનની શોધ તથા માટીના નમૂના એકઠા કરવાના મુખ્ય કાર્ય ઉપરાંત પર્સીવિઅરન્સ બે બીજા નાના, પણ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ભવિષ્ય માટે ખૂબ મહત્વના એવા પ્રયોગાત્મક સાધન પોતાની સાથે લઇ જઈ રહ્યું છે. વર્ષ ૨૦૧૫માં બનેલી ફિલ્મ "ધ માર્શીયન" (The Martian) માં મંગળ ગ્રહ પર ટકી રહેવા માટેનું એક અગત્યનું ઉપકરણ મંગળ ગ્રહના વાતાવરણમાંથી પ્રાણવાયુ (Oxygen-ઑક્ષીજન) ઉત્પન્ન કરવા માટેનું હતું. પર્સીવિઅરન્સ બરોબર આવા જ એક ઉપકરણની નાની આવૃત્તિ પોતાની સાથે લઇ જઇ રહ્યું છે. 9" X 9"X 12" નું ટચૂકડું "મોક્ષી" (MOXIE) મંગળના વાતાવરણમાં રહેલા અંગારવાયુ (Carbon Dioxide -કાર્બન ડાયોક્ષાઇડ) ને વિદ્યુત-રાસાયણિક (Electro-chemical : ઇલેક્ટ્રો-કેમિકલ) પ્રક્રિયા વડે કલાકના ૧૦ થી ૨૦ ગ્રામના દરથી પ્રાણવાયુમાં ફેરશે. જો આ પ્રયોગ સફળ રહે તો તેની મોટી આવૃત્તિ ભવિષ્યમાં મંગળ ગ્રહ પર ઉતરનાર અંતરિક્ષ-યાત્રી માટે ખૂબ ઉપયોગી થાય.

ભવિષ્યના અંતરિક્ષ-યાત્રી (અને વસાહતી)ને મદદરૂપ થાય તેવી બીજી ટેકનોલોજી છે મંગળ-હેલિકોપ્ટર. મંગળ ગ્રહ પરનું વાતાવરણ ખૂબ જ પાતળું છે. મંગળની સપાટી પર હવાનું દબાણ પૃથ્વીની સપાટી પર હવાના દબાણના આશરે ૧૫૦માં ભાગ જેટલું જ છે. આટલી પાતળી હવામાં ઉડવા માટે વજનમાં ખૂબ હલકું અને મોટા પંખા વાળું હેલિકોપ્ટર જોઇએ. પર્સીવિઅરન્સ પોતાની સાથે આવા હેલિકોપ્ટરનું એક નાનું મોડેલ "ઇન્જન્યુટિ" (Ingenuity) અથવા "ચાતુર્ય", પોતાની સાથે લઇ ગયું છે. ઇજેનરોને આશા છે કે ૧.૮ કિલોગ્રામ વજનનું વીજળી દ્વારા સંચાલિત આ હેલિકોપ્ટર ૯૦ સેકન્ડ માટે મંગળની સપાટીથી ૩-૪ મીટર ઉપર, આશરે ૩૦૦ મીટર દૂર સુધી ઊડી શકશે. કલાકના માત્ર ૧૦ ગ્રામ પ્રાણવાયુ બનાવતા અને માત્ર ૯૦ સેકન્ડ માટે ઉડી શકતા આ ઉપકરણ આપણને નગણ્ય લાગે પરંતુ તેઓ ભવિષ્યની મંગળ વસાહત માટે પાયારૂપ ટેકનોલોજીને ચકાસી જોવાનું પહેલું સોપાન છે.

**પર્સીવિઅરન્સ (છબી સૌજન્યઃ NASA/JPL)**



# કહેવતોમાં 'મા'

ઈશ્વરભાઈ વાઘેલા
૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
વલ્લભવિદ્યાનગર, તા.જિ. આણંદ.

કહેવત એટલે સમાજમાં વારંવાર વપરાઈને કોઈ સત્યને દૃઢ કરતું વાક્ય. કહેવતોમાં નીતિના બોધદાયક વચનો થોડા જ શબ્દોમાં ગાગરમાં સાગરની જેમ બહુ જ સુંદરતાથી વ્યક્ત થાય છે. તેમાં માનવીને ઉપદેશ આપવાની છટા જ નિરાળી હોય છે. કહેવતો માનવીના અંતરતમના રૂપેરી ભાવોને શણગારીને સજીવ બનાવવામાં અને વક્તૃત્વ કળાને ચમકાવવામાં બહુ જ મદદરૂપ થાય છે. જ્ઞાનીઓનું જ્ઞાન અને યુગોનો અનુભવ કહેવતોમાં સ્થાયી બને છે. જીવનભરના સારા-નરસા અનુભવોનું વર્ણન એકાદ વાક્યમાં રજૂ કરે તે કહેવત. આમ કહેવત પૂર્વ પુરુષો-સન્નારીઓના અનુભવ, સત્ય, બોધ, સુવિચારને રજૂ કરે છે. અહીં 'મા' વિશેની કહેવતો સંદર્ભે વર્ણવવાનો પ્રયાસ છે.

'મા'ની સરખામણી કોઈ સાથે થઈ શકતી નથી. 'મા' માટે કોઈ ઉપમા પણ પ્રયોજાતી નથી. 'મા'ની તુલના પણ કોઈ સાથે કરી શકાતી નથી. કારણ 'મા' સમાન આ જગતમાં કશું જ નથી. 'મા'નો અર્થ દુનિયાની બધી જ ભાષાઓમાં 'મા' થાય છે. બોટાદકરે 'જનની' કાવ્ય રચ્યું છે. પણ તેઓ 'મા'ની સરખામણી અન્ય સાથે કરી શક્યા નથી, કારણ 'મા' અન્યથી અદકી છે. તેથી જ કહેવત છે કે, 'મા તે મા, બીજા બધા વગડાના વા.' બોટાદકરે ગાયું છે કે, 'જનનીની જોડ સખી નહિ જડે રેલોલ.' 'જનની' (મા)ની જોડ આ દુનિયામાં જ નહીં, સમગ્ર બ્રહ્માંડમાં મળવી દુર્લભ છે. તેથી જ કહેવત છે કે, 'જેને કોઈ ઉપમા નથી તેમાં.'

'મા' મેહુલા અને મધથી ય મીઠી છે. મા તરફથી મમતાની મીઠાશ મળે છે, તે બીજે ક્યાંય મળતી નથી. માતા જન્મ આપીને દૂર જતી રહેતી નથી, પણ પોતાનામાંથી સર્જાયેલા શિશુને અંર્નગત પ્રેમ આપે છે; નર્યો પ્રેમ, નિર્વ્યાજ પ્રેમ, નિરપેક્ષ પ્રેમ. આ પ્રેમ થકી જ વ્યક્તિ અનેક પ્રકારના સંબંધો સાચવી શકે છે. માનો પ્રેમ સ્વયં શિક્ષણ-વિકાસક પરિબળ છે. એટલે કહેવત છે કે 'મા એટલે મીઠા મેવા' માનાં મીઠામેવા રૂપી પ્રેમથી બાળકના જીવનમાં મીઠાશ પ્રસરી રહે છે. માના પ્રેમની મીઠીશ જ તેને જીવનમાર્ગ દર્શાવે છે. માની મમતા અલૌકિક છે. સંસારની કોઈ શક્તિ તે મમતાની મૂર્તિની તુલનામાં ઉતરી શકતી નથી. સંતાન માની મમતાનો મેરુ છે, પ્રાણ છે. પોતાના સંતાનનું થોડું પણ કષ્ટ મા માટે અસહ્ય હોય છે. મા પોતાના બાળકને પ્રથમ જમાડીને પછી જ જમે છે. ઘણીવાર તો કેટલીક મા ભૂખી રહીને બાળકને જમાડતી હોય છે. તેથી જ કહેવત છે કે, 'મા તે માવા, બાપ બધા પાવા.' મા માવારૂપ છે. સંતાન માટે તે સત્ત્વ છે. તે ગર છે. બાળકનો પ્રથમ ખોરાક માનું દૂધ છે. માના દૂધથી જે શક્તિ મળે છે તે અન્ય કોઈ પદાર્થમાંથી મળતી નથી. માના દૂધથી બાળક વિકસતું જાય છે. માના દૂધમાં જે સત્ત્વ છે તે અન્ય ખોરાકેમાં નથી. મા તો ગળથૂથીમાં જ જ્ઞાન, વૈરાગ્ય, તપસ્યા, મૂલ્યો, ગુણોનું અમૃત પાય છે.

બાળકના ઉછેરમાં સૌથી પ્રથમ બાળકને સ્વચ્છ રાખવું તે છે. બાળક જન્મે ત્યારે તેને કશું જ જ્ઞાન થી. તે તો માના પ્રતાપે-આચરણે જ શીખે છે. મા બાળકનું અજીઠ સાફ કરે છે. શરત કે ઝાડા થાય તો પણ મા જ તેની સફાઈ કરે છે. શરૂઆતમાં બાળક હમે ત્યારે, ગમે ત્યાં, મળ-મૂત્ર કરતું હોય છે. પણ સહેજપણ કંટાળ્યા વિના, કોઈ છોછ વિના, ગુસ્સે થયા વિના મા સફાઈ કરે છે. રાત્રે પથારીમાં બાળક પેશાબ કરે છે, ત્યારે મા તે પેશાબથી લીલું થાય છે તે બાજુ સૂઈને સૂકમાં સુવાડે છે. આ જ પુત્ર મોટો થઈને


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

જ્યારે લગ્ન કરે છે ત્યારે માને ભૂલીને લાડીનો થઈ જાય છે. તેથી જ કહેવત છે કે, 'ગંદા ગોબરા માડીના ને છેલછબીલા લાડીના.'

માની ગોદ સંતાન માટે સુરક્ષિત કિલ્લો છે. કઠોર વાસ્તવિકતા અને ક્રૂરતાની સામે માની ગોદ સુરક્ષા પૂરી પાડે છે. માતા સમાન બીજી કોઈ છાયા નથી. માતાની છત્રછાયામાં જે સુખ મળે છે તે બીજે ક્યાંથી મળતું નથી. એટલે જ કહેવત છે કે, 'માતાની ગોદમાં સ્વર્ગ છે.'

મા બાળકને ખોરાક આપે છે. સ્ત્રી ગૃહની લક્ષ્મી છે. સ્ત્રી જ અન્નદાતા છે. ઘરમાં જે કોઈ ખોરાક તૈયાર થાય છે, તે મોટેભાગે મા દ્વારા તૈયાર થાય છે. મા જ ઘરના તમામ વ્યક્તિઓને ખોરાક આપે છે. પીરસે છે. કહેવત છે કે, 'માગ્યા વિના મા ન પીરસે.' વાસ્તવમાં ઘરમાં એવું બનવાની શક્યતા ઓછી છે. મા તો પોતાના સંતાનને જેટલું ખાવું હોય તેટલું જ નહિ, પણ તેથી વિશેષ પીરસતી હોય છે. આ કહેવત અન્ય પીરસનારના સંદર્ભે, અન્ય કોઈ જગ્યાએ જમતા હોય ત્યારે ઉપયોગી બનનારી છે. એટલે કે જમવું હોય તે વાનગી માંગીને પણ લેવી, તેવી વાત સ્પષ્ટ કરે છે. પણ માના સંદર્ભે બીજી એક કહેવત છે કે, 'મોસાળે જમવાનું ને મા પીરસનારી.' મા પીરસવાની હોય ત્યારે બાળકને જે જમવું હોય તે મળી રહે છે. વળી મોસાળમાં બાળક જાય અને મા સાથે હોય તે મળી રહે છે. વળી મોસાળમાં બાળક જાય અને મા સાથે હોય તો તે વિશેષ વાનગીઓ બનવાની જ હોય ત્યારે જો મા પીરસે તો બાળકને જે ગમે તે વાનગી જેટલી ખાવી હોય તેટલી મળી રહે તેમાં બે મત ન હોય.

માની ચેતનાએ બાળકની ચેતનામાં પ્રેમ થકી અનેક સંસ્કારોનું ઠારણ થાય છે. મા બાળકના જીવનની જ્યોતિ છે. મહેરામણનું મોતી છે. મામાં અદ્ભુત તેજ, પવિત્રતા, સત્ય, અનંત અને અમરપ્રેમ હોય છે. મા થકી જ સંતાનને માનવતાના પાઠ શીખવા મળે છે. સંસ્કૃતિનો માર્ગ મળે છે. મા સંસ્કારદાત્રી છે. મા મૂલ્યોના પાઠ શીખવે છે. મા હાલરડાં ગાઈને વાર્તાઓ કહીને, બાળગીતો સંભળાવીને તેમજ પોતાના આચરણ દ્વારા બાળકોને તેના જીવનનો માર્ગ બતાવે છે. તેથી જ કહેવત છે કે, 'એત સુમાતા સો શિક્ષકની ગરજ સારે છે.'

'બાપ તેવા બેટા, વડ તેવા ટેટા'ના જેવી માના સંદર્ભે પણ કહેવત છે કે, 'મા પ્રમાણે દીકરી, ઘડા પ્રમાણે ઠીકરી.' માના ગુણો દીકરીમાં આવે છે. માની આવડતો, દીકરીની આવડતોનું ઘડતર કરે છે. મા દીકરીને રસોઈકળા શીખવે છે. સાથોસાથ ઘરના તમામ કામકાજ પણ માતા જ શીખવે છે. જ્યારે દીકરી સાસરીમાં કંઈ ભૂલ કરે કે તરત જ સાસરિયા સંભળાવતા હોય છે કે, 'તારી માએ કંઈ શીખવાડ્યું છે કે નહીં?' આમ દીકરીનું ઘડતર મા થકી જ થાય છે. તેવી જ રીતે દીકરામાં પણ સંસ્કારોનું વાવેતર તો મા જ કરતી હોય છે. જરૂર પડે મા કઠોરી બનીને પણ બાળકને આવા માર્ગે દોરી જાય છે. તેથી કહેવત છે કે, 'કડવું ઓસડ મા પાય.' અહીં બે અર્થ થાય છે. એક જ્યારે બાળક બીમાર પડે ત્યારે જે દવા પીવડાવવાની છે તે કડવી હોય તો પણ મા બાળકને શાંતિથી, પ્રેમથી પીવડાવે છે. એટલે બાળક તે પીવે છે અને સાજું થાય છે. તેવી જ રીતે કુલક્ષણો તરફ જતાં બાળકને પણ મા કઠોર વચનોરૂપી ઓસડ પાઈને સુલક્ષણો તરફ દોરી જાય છે. અહીં કઠોરતા સાથે પ્રેમ પણ સમાયેલો હોય છે.

મા પાસેના મહાનગુણ એટલે કે 'કરીને ન બોલવું' તે સંતાન માટે પોતાનાસ જીવનનું ઘણું બધું ત્યાગી દે છે, છતાં કહેતી નથી કે મેં તારા માટે આમ કે તેમ કર્યું.' મા માટે સારું કે નરસું, ઉજળું કે સમું. દેખાવડું કે કદરૂપું સંતાન સમાન હોય છે. મા તો સંતાકનને સુખ આપવામાં જ રાજી રહેતી હોય છે. કહેવત છે કે, 'પુત્ર-કુપુત્ર થાય પણ માતા કુમાતા ન થાય.' પુત્ર કદાચ કેટલાંક સંજોગોને આધીન ખરાબ બને પણ માતા તેના પુત્રને સુધારવા માટે આશાવાદી

હોય છે. આખા સમાજે અને કુટુંબે જે સંતાન માટે હાથ ધોઈ નાખ્યા હોય તે સંતાન માટે મા નિરાશ થયા વિના તે જરૂર સુધરશે એવી શ્રદ્ધાથી તેને સુધારવામાં જ તે પ્રયુક્ત રહે છે. મા કદી ખોટું શીખવતી નથી.

મા કોઈપણ દિવસ સંતાન પાસે કશું જ માગતીનથી. કશી આશા રાખતી નથી. સંતાન ઘરે આવે તે જ તેના માટે મહત્ત્વનું હોય છે કે, 'મા પૂછે આવતો ન બૈરી પૂછે લાવતો.' મા તેનું સંતાન ઘેર આવે એટલે તેને માટે પાણીનો પ્યાલો તૈયાર રાખી આપે છે. થોડી વારમાં ચા-નાસ્તો પણ કરાવે. પછી ધીમે રહીને તેના ખબર-અંતર પૂછે. પણ કદીએ મા તું શું લાવ્યો ? તેમ પૂછે નહિ. તેનું મન તો સંતાન ઘેર આવ્યું એટલે ભયો ભયો. સંતાનની હેમખેમતા જ તેના માટે સર્વસ્વ બની રહેતી હોય છે.

માનવનો હોય કે પછી સંસારના કોઈપણ પ્રાણીનો હોય, જન્મ થતાં વેંત જ જો કોઈ શબ્દ મોંમાંથી નીકળતો હોય તો 'મા' શબ્દ જ નીકળે છે. 'મા' શબ્દ શીખવા માટે કોઈ વિદ્યાલયમાં જવું પડતું નથી. મા શબ્દનો ઉચ્ચાર કરવાની પ્રેરણા લેવા માટે પણ કોઈની પાસે જવું પડતું નથી. માનવજાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ હોય તો તે 'મા' છે. અને સૌથી સુંદર સાદ હોય તો તે સાદ છે. 'મારી મા.' એ એક જ શબ્દ એવો છે કે, જે આશા અને પ્રેમથી ભરેલો છે. એક મધુર અને માયાળુ શબ્દ જે  દયના ઉંડાણમાંથી આવે છે. 'મા' શબ્દ સમસ્ત સંસારના વાત્સલ્યથી સભર છે. તેથી કહેવત છે કે, 'મા કહેતા મોઢું ભરાય.'

આ જગતમાં 'મા' જ સઘળું છે. શોકમાં તે સંતાનનું આશ્વાસન, દુઃખમાં તે આશા અને દુર્બળતામાં તે શક્તિ છે. મા પ્રેમ, કરુણા, સહાનુભૂતિ અને ક્ષમાશીલતાનો ઝરો છે. માતાનું ઋણ એટલું બધું છે કે કોઈ સંતાન ચૂકવી શકે તેમ નથી. એક ........ કહેવત છે કે, ઈશ્વર અદેરે બધે પહોંચી શકે નહિ. માટે એણે માતાનું સર્જન કર્યું.' ખરેખર મા પરમેશ્વર સમાન છે. જે કોઈ માતાની મમતાની રહિતામાં સ્નાન કરતા રહે છે. તેનો આનંદ અનુપમ છે. આ જગતની સઘળી માતાઓને કોટી કોટી વંદન.

---

## પરબીડિયું

ક્ષણો ખૂબ ભાવુક સ્થિતિ લઈ ને આવી હતી.રીનલ અને નટુભાઈ પણ ભાવવિભોર બની ગયા હતાં.

રીનલના ભાઈને ખાસ કશી ગતાગમ ન પડી એટલે એ સામે બેસી રહ્યો હતો. એની સામે મારી નજર ગઈ.મેં હીરાબેનને બે-ચાર મહિના દૂધ લેવામાં મદદ મળી રહે એ માટે પંદરસો રૂપિયા અલગથી આપ્યા.હીરાબેન હાથ જોડી અમને વંદી રહ્યા. રીનલની આંખે ભેજ બાઝેલો જોઈ નટુભાઈની આંખો પણ ભીની થઈ ગઈ.થોડી વાર પછી અમે જવા માટે ઊભા થયા.

અમે જવા માટે જેવા ઊભા થયા કે તરત રીનલ મારા પગમાં પડી.મેં એને ખૂબ ભણવા આશિષ આપ્યા.જયારે જયારે ભણવા માટે પૈસાની જરૂર પડે ત્યારે ત્યારે મને યાદ કરવા કહ્યું.એ અત્યંત લાગણીવશ થઈ રડવા લાગી.

એની આંખમાંથી નીકળતા પવિત્ર આંસુ મારા પગ ઉપર પડી રહ્યા હતા.બરાબર એ સમયે મારો હાથ એના માથા પર છત્ર બનીને ફરી રહ્યો હતો.

નોંધ : ગયા વર્ષે રીનલ મોજીદ્રાએ ડિસ્ટિંક્શન માર્ક્સ સાથે એમ. સી. એ. પૂરું કર્યું છે. રીનલ અત્યારે અમદાવાદની એક પ્રાઈવેટ કંપનીમાં જોબ કરી એની માતાને આર્થિક ટેકો આપી રહી છે. એના ભાઈએ પણ સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. ભણવામાં ખૂબ તેજસ્વી એનો ભાઈ પણ ખૂબ સારા માર્ક્સ સાથે સ્નાતક થયો છે. તા.૪/૩/૨૧ના રોજ 'મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી' રીનલને ગોલ્ડમેડલ આપી સન્માનિત કરવાની છે.

# "પૂણ્યો ફળ્યા ભારતની પ્રજાના !"

**અમીતાબહેન પાલખીવાલા**
પૂર્વ શિક્ષક,
અસારવા વિદ્યાલય,
અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૮.



સંસારના ઈતિહાસમાં જેના અહિંસક સ્વાતંત્ર્ય સંગ્રામની અમરગાથા સુવર્ણાક્ષરોમાં લખાઈ છે. તેવો ભારત દેશ આપણો છે. ક્ષમા, ઉદારતા અને કરુણાનો ત્રિવેણી સંગમ આપણાં દેશમાં સૌ પ્રથમ ઉદ્ભવ્યો હતો. સંયમ, ત્યાગ, અહિંસા અને વિશ્વબંધુત્વની ભાવના એ ભારતીય જીવનના હંમેશાં આદર્શો રહ્યાં છે.

વિશ્વના ઈતિહાસમાં જ્યૉર્જ વૉશિંગ્ટન, અબ્રાહમ લિંકન વગેરે દેશભક્તોનાં નામ સુવર્ણાક્ષરે લખાયા છે. ભારતમાં પણ શિવાજી, રાણા પ્રતાપ, મહારાણી લક્ષ્મીબાઈ, સુભાષચંદ્ર બોઝ, નહેરુ વગેરે દેશભક્તોના નામો ઈતિહાસને પાને પાને જીવે છે. પરંતુ આ સર્વેમાં ભારતની રજી ઑક્ટોબર ૧૮૬૯ના રોજ કાઠિયાવાડ પ્રદેશના પોરબંદર રાજ્યમાં જન્મ આપ્યો અને ત્યારથી જ દેશપ્રેમથી મૂઠી ઊંચેરા એવા માનવપ્રેમની આકાંક્ષાનો ઉદય થયો. તેમના પિતા કરમચંદ કાઠિયાવાડના એક નાનકડા પ્રદેશના દિવાન રહ્યા હતા. એમની ચોથી પત્ની પુતલીબાઈના સૌથી નાના દીકરા એટલે આપણા મહાત્મા. ગાંધીજીનો ઉછેર રૂઢિગત વૈષ્ણધર્મી ધાર્મિકે વિચારો અને સંસ્કારોવાળા ઘરેલું વાતાવરણમાં થયો હતો. વૈષ્ણવધર્મનો મૂળમંત્ર છે. 'અહિંસા.' આથી જ ગાંધીજીએ પોતાના જીવનમાં 'અહિંસા'ને મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું હતું. કારણ કે અહિંસાના સિદ્ધાંતમાં તેમને અપરંપાર શ્રદ્ધા હતી. ગાંધીજીના લગ્ન માત્ર ૧૩મા વર્ષે કસ્તુરબાઈ નામની એક અભણ છોકરી સાથે થયા હતા. છતાં સીતાજી, તારામતી અને દમયંતીની જેમ જ વિશ્વને એક તપસ્વીની પવિત્રતાનો દાખલો તેમણે જ આપ્યો હતો.

બાળપણમાં મંદબુદ્ધિ અને શરમાળ પ્રકૃતિ ધરાવનાર ગાંધીજીનું પ્રારંભિક શિક્ષણ રાજકોટમાં થયું. પરંતુ ૧૮૯૩માં ઈંગ્લૅન્ડમાં બેરિસ્ટરની ડિગ્રી મેળવ્યા બાદ વકીલ તરીકે દક્ષિણ આફ્રિકા ગયા. ત્રીસ-ત્રીસ કરોડ હિંદુવાસીઓને પોતાના અવાજથી પ્રેરણા આપનારા વકીલ ગાંધી તે સમયના મેજિસ્ટ્રેટ પર છાપ પાડી શકે તેવું બોલી પણ શકતા ન હતા. એ નિષ્ફળતાથી જ એક મોટો વળાંક ગાંધીના જીવનમાં આવ્યો. દક્ષિણ આફ્રિકાની ધરતી પર રંગભેદની નીતિ, હિંદુઓના અપમાન અને ભેદભાવભર્યા વર્તનથી આફ્રિકાની ધરતી પર ગાંધીને તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો લાધ્યા. ૧૯૧૫માં ભારત પાછા ફર્યા પછી અમદાવાદમાં સાબરમતીને કિનારે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી. આ ક્રાંતિવીરે તેમની વીરતા, દેશભક્તિ અને બલિદાનની ભાવનાથી લોકોને વિદેશી શાસન દૂર કરવા સતત પ્રેરણા આપી.

વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર તરાપ મારતો 'રોલેટ એક્ટ' – કાળા કાયદાનો વિરોધ કરવા તેમણે દેશભરમાં જાગૃતિ આણી. વિશ્વયુદ્ધમાં બ્રિટિશ સરકારને ખરા દિલથી મદદ કરનાર ભારતીય પ્રજાને જલિયાવાલા બાગના હત્યાકાંડનો બદલો મળ્યો. જેનાથી ખળભળી ઊઠીને ગાંધીજીએ 'અહિંસક અસહકાર' દ્વારા પ્રજાને વિદેશી ચીજોના બહિષ્કારનો આદેશ આપ્યો. મુંબઈમાં ગાંધીજીએ એક જાહેર સભામાં વિદેશી કાપડની હોળી કરવાનો જનતાને આદેશ આપ્યો. ગુજરાત તથા ભારતના લોકોમાં અપૂર્વ જાગૃતિ લાવવા દાંડીકૂચ કરીને દરિયાકાંઠે ચપટી મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો 'સવિનય કાનૂનભંગ' કરી બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં લૂણો લગાડ્યો. એક અહિંસક આદમીના હાથમાંનું એક મૂઠ્ઠીભર મીઠું હિંદના ગૌરવનું પ્રતિક બન્યું. હિંદના ભાવિની ચર્ચા માટે લંડનમાં ગોળમેજી પરિષદમાં તેઓ હાજર રહ્યા હતા. ત્યાં ચાર્લી ચેપ્લીન, જ્યૉર્જ બર્નાર્ડ શૉ, હેરોલ્ડ લાસ્કી વગેરેને ગાંધીજી મળ્યા હતા. મશીનગનને બદલે બકરી લઈને ફરતો તેમજ ઈસુના જેવો જ પ્રેમસંદેશ લઈને આવેલો આ

આદમી લોકો માટે એક અજબ આકર્ષક વ્યક્તિ અને થોડેઘણે અંશે ખળભળાટ પેદા કરનારો માનવી હતો.

ગાંધીજીનું જીવન ખરેખર સ્નેહ, સહનશીલતા, શ્રમ, ત્યાગ અને બલિદાનનું મહાકાવ્ય છે. હિંમત, સાહસ, ધીરજ, શ્રદ્ધા વગેરે ગાંધીજીના સંતાનો હતા. હિંસાથી વાજ આવેલી સદીને તેમણે ક્ષમા, પ્રેમ અને અહિંસાનો મંગળ સંદેશ આપ્યો. તેમનામાં દૃઢ મનોબળ અને પોલાદી સંકલ્પશક્તિ હતા. તેમણે માનવજીવનમાં સંયમ ઉપર ખૂબ જ ભાર મૂક્યો હતો. તેઓ પાવનકારી અને કલ્યાણકારી પ્રાર્થનાને ખૂબ જ મહત્ત્વ આપતા હતા. તેઓ ગામડાના નિરક્ષર લોકોમાં સ્વચ્છતાની ભાવના વિકસાવવા હંમેશાં પ્રયત્ન કરતા. તેઓ કહેતા હિંદના પ્રશ્નોનું નિરાકરણ ગામડાંમાંથી જ મળતું રહેશે, ત્યાં જ ખોજવું પડશે. ગ્રામોદ્યોગના પુનરુત્થાનની ચાવી તેમને રેંટિયામાં દેખાઈ હતી. મહાત્માએ રામ નામના લય સાથે રેંટિયાના સંગીતને જોડી દીધું. ગાંધીનો રેંટિયો શાંત ક્રાંતિનો સૂત્રધાર બની રહ્યો. શાહીવાદના યુગ સામેના પડકારના પ્રતીકારૂપે તેમણે રેંટિયો ધર્યો.

ગાંધીજી કહેતા, "જ્યારે જ્યારે મને મૂંઝવણ થાય છે ત્યારે ત્યારે હું ગીતામાંથી માર્ગદર્શન મેળવું છું." ઉત્તમ પુસ્તકની ઉપકારક મૈત્રીનું આ જ્વલંત ઉદાહરણ છે. તમાચો મારનારને બીજો ગાલ ધરવાની ઈસુની શીખથી ગાંધી ખૂબ જ પ્રભાવિત થયા હતા. અનન્ય શ્રદ્ધાથી એ શીખને ગાંધીએ પોતાના જીવનમાં ઉતારી ગાંધીના ખળભળતા માનસમાં થોરોના 'સવિનય કાનૂનભંગ'ના નિબંધથી નવનીત પ્રગટ્યું. ગાંધીજીએ માનેલા ગુરુઓ જેવા ત્રણ વાંદરાની મૂર્તિ ખરાબ સાંભળતા નહીં, ખરાબ જોતા નહીં, ખરાબ બોલતા નહીં – વાંદરાઓએ પોતાની મુદ્રાથી બતાવેલું સત્ય એ મહાત્માના માનસનું હૂબહૂ પ્રતિબિંબ જ હતું. સૂર્ય ધરતી પર કિરણો પાથરે કે તરત જ ગાંધી લોકસેવાનું કામ શરૂ કરી દેતા. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની કવિતા – 'એકલો જાને રે, એકલો જાને, એકલો જાને રે, તારો સાદ સુણી કોઈ ના આવે તો તું એકલો જાને રે...' એ શબ્દોનું મૂલ્ય સમજી તેમના પગ હિંદના સ્વાતંત્ર્યની મંઝિલ તરફ ચાલતા રહેતા. હિંદના સ્વાતંત્ર્યના ઘડવૈયા પોતાના દેશબાંધવો માટે જાન કુરબાન કરવા હંમેશાં કટિબદ્ધ રહેતા.

ગાંધી... અપરિગ્રહ જેમનો સ્વભાવ હતો. ઋજુતા એમની શોભા હતા અને સહજતા એમનું જીવન હતું. એના મૂઠ્ઠીભર હાડકામાં ગજવેલભર્યું હતું. શસ્ત્રોથી નહીં, ખૂનામરકીથી નહીં... અહિંસાથી... સત્યાગ્રહના પાવક અગ્નિથી યુદ્ધની એક તરાહ તેમણે આપણને અને વિશ્વને શીખવી હતી. આપણને કચડી નાખનાર અને બબ્બે વિશ્વયુદ્ધોના અશ્વમેઘમાં વિજય પતાકા લહેરાવાનાર બ્રિટિશ સલ્તનતને આ નાનકડા માનવીએ, તેની શ્રદ્ધાએ તેના અજોડ બ્રહ્માસ્ત્ર દ્વારા નમાવી. દેશના કરોડો લોકો ગુલામીની બેડીમાંથી મુક્ત થયા. દેશના નેતાઓએ એક અનન્ય રાજકીય સિદ્ધિ હાંસલ કરી હતી. સબળ, બલિષ્ઠ હથિયારથી, સત્યાગ્રહના બ્રહ્માસ્ત્રથી સાત સમંદર પાર વિજય પતાકા લહેરાવતી સલ્તનતની ધૂંસરી તોડી નાંખી હતી. રાજકીય સિદ્ધિની કિંમત તેમણે યુધિષ્ઠિરની માફક ચૂકવી હતી. ધર્મની ધજાઓ હેઠળ દેશની ધરતીના ભાગલા સામે ગાંધીનું રોમરોમ વિવશતા અને અસહાયતાથી આક્રંદ કરી રહ્યું હતું. 'તમારે હિંદના ભાગલા પાડતા પહેલા મારા શરીરના ભાગલા કરવા પડશે."

સદીઓથી ગુલામ ભારતને સ્વતંત્ર બનાવવું એ ગાંધીજીનું મહાન કાર્ય હતું. પચ્ચીસ વર્ષો કરતાં પણ વધુ સમય સુધી તેમણે અંગ્રેજી શાસનનો અહિંસક સામનો કર્યો. તેમના પુરુષાર્થ અને હિંમતે જ ભારતને આઝાદી અપાવી. તેમની હિંમતને કારણે જ આપણે સંકટના સાગરો ઓળંગી ગયા. જનસેવા અને માનવકલ્યાણ ખાતર ધૂપસળીની જેમ પોતે બળીને સુવાસ ફેલાવવામાં તેમણે ગૌરવ અનુભવ્યું છે.

જ્ઞાતિભેદ, ઉંચનીચના ભેદભાવ, દારૂબંધી, અસ્પૃશ્યતા, નિરક્ષરતા, અંધશ્રદ્ધા વગેરેને નિર્મૂળ કરવા માટે તેમણે ભગીરથ પ્રયાસો કર્યા હતા. સ્ત્રી-શિક્ષણ,

ગ્રામોદ્ધાર વગેરે માટે પણ તેમણે ખૂબ જ પ્રયત્નો કર્યા હતા. દેશમાં એકસૂત્રતા જળવાય તે માટે તેમણે રાષ્ટ્રભાષાનો પ્રચાર કર્યો અને હિન્દુ-મુસ્લિમ એકતા માટે પણ તેમણે આજીવન પ્રયત્ન કર્યા.

ગરીબોના બેલી, માનવ કલ્યાણ ખાતર આત્મબલિદાન આપનાર, હત્યારાને ક્ષમા આપનાર, દેશ સેવાના પવિત્ર યજ્ઞમાં સર્વસ્વ હોમી દેનાર આ મહામાનવ ખરેખર સત્ય અને અહિંસાના પૂજારી હતા. ક્ષમા, પ્રેમ, ત્યાગ, બલિદાન, શૌર્ય અને જનસેવાની મૂર્તિ હતા. સાદગી અને સદ્ભાવનાનું પ્રતીક હતા અને દેશ પર પોતાના પ્રાણોની આહુતિ આપનાર સૈનિક હતા, કર્મવીર હતા. સદાજાગ્રત કર્મયોગી, પ્રત્યક્ષ ગીતાયોગી, સૌમ્ય મહાપુરુષ, અજાતશત્રુ અને સ્થિતપ્રજ્ઞ હતા. તેમનામાં બુલંદ રાષ્ટ્રભાવના, શોષિતો પ્રત્યેની હમદર્દી તેમજ એક વૈશ્વિક ચેતના હતી.

અહિંસક ક્રાંતિના વિનમ્ર મસીહા એટલે ગાંધી, નોખી માટીના એક અજોડ ક્રાંતિકારી એટલે ગાંધી, દુનિયાની એક અજાયબ ચળવળના પયગંબર એટલે ગાંધી, માંડ પાંચ ફૂટ ઉંચા અને ૧૧૪ રતલની કાયા ધરાવતા, હિંસાથી વ્યાકુળ બની ગયેલી સદી માટે અહિંસાનો પર્યાય આપનાર ગાંધી. સદીના સૌથી વધુ ઊર્જાશીલ આદમી એટલે ગાંધી, ત્રાસવાદીઓના બૉમ્બ ધડાકાને બદલે અવેર મૌન, મશીનગનની ધણધણાટીને બદલે પ્રાર્થનાનો ગુંજારવ કરનાર ગાંધી, હથિયાર માનવ મહેરામણને સાબદો કરનાર ગાંધી. ભારતીય સ્વરાજ સંગ્રામનું ગુરુત્વ મધ્યબિંદુ એટલે ગાંધી. દયા, પ્રેમ અને ધર્મનો ત્રિવેણી સંગમ તેમના દયમાં નિરંતર વહેતો હતો. માટે તો તેઓ 'યુગ-પુરુષ' કહેવાયા. લોકોએ એમને 'બાપૂ' કહ્યા. દુનિયાએ એમને 'સંત' કહ્યા. હિંદના નોબેલ પ્રાઇઝ વિજેતા કવિવર રવીન્દ્રનાથ ટાગોરે તેમને 'ભિખારીના વેશમાં આવેલા 'મહાત્મા' કહીને નવાજ્યા અને મહાત્મા શબ્દ ગાંધી સાથે જડાઈ ગયો. ત્યારે ઇતિહાસકારોએ 'મહાત્મા' કહીને તેમનું અભિવાદન કર્યું. હાથમાં સત્યની સોટી અને શરીર પર એકમાત્ર લંગોટી ધારણ કરનાર આ બેજોડ અને બેમિસાલ માનવને અંગ્રેજોએ 'અર્ધનગ્ન ફકીર' કહ્યા. જ્યારે સાબરમતીના આ સંતને ભારતની પ્રજાએ પોતાના રાષ્ટ્રપિતાના ગૌરવશાળી પદે સ્થાપી દીધા અને તેઓ વિશ્વવંદ્ય બન્યા.

ગાંધી...

*"નહીં જેવા તો ય ઈશ્વરના જ અંશ*
*કૃષ્ણના સુદર્શન ચક્ર જેવા,*
*ધરો તો એ ધર્મ છે,*
*ફેંકો તો એ ધ્વંસ છે."*

ગાંધી... કોમી એખલાસના મહાન ફિરસ્તા ગાંધી, કોમી વૈમનસ્યની આગ ઠારવા ૭૮ વર્ષની જૈફ ઉંમરનો આખલીના જળબંબાકાર પ્રદેશમાં પદયાત્રા કરનાર ગાંધી, ત્રીસ વર્ષની વયે કઠોર બ્રહ્મચર્યનું વ્રત લેનાર આ ભીષ્મ ગાંધી. ભારતને રક્તવિહીન રાહે સત્યાગ્રહ અને સવિનય કાનૂન ભંગના અમોઘ શસ્ત્રથી આઝાદી અપાવનાર ગાંધી... અખંડ ભારતના હિમાયતી, ભારતમાતાને ખંડિત સ્વરૂપમાં મળતા સ્વાતંત્ર્યને ઉપવાસથી આવકારતા ગાંધી. પોતાના જાનની આહુતિ આપનાર, ભગવાન ઈસુ અને સત્યવીર સોક્રેટીસની કક્ષાના ફિરસ્તા ગાંધી.

ગાંધીજીએ સમાનભાવ અને એકતાની એક ઈમારત ઊભી કરી હતી. ગાંધીજી હતા ત્યારે કરોડો લોકો એક દૃષ્ટિએ જોઈ શકતા હતા. એ પારસમણિનો પ્રભાવ હતો. લોહનો ટુકડો પણ સુવર્ણ બની જતો. ગાંધીજીનું જીવન સ્પષ્ટ હતું. દુનિયા ગાંધીને મનુષ્ય ઈતિહાસના સર્વોત્તમની કક્ષામાં મૂકે છે.

ભારતીય તખ્તા પરના આગમનથી માંડીને મૃત્યુ સુધીના લગભગ ૩૦થી વધુ વર્ષો સુધી ગાંધીજી ભારતીય સમાજ અને રાજકારણમાં એક ચુંબકની જેમ પોતાની શક્તિથી અન્યને પ્રભાવિત કરતાં રહ્યાં. આ કાળ દરમિયાન ગાંધીજીએ આ સમયના ઈતિહાસને આગવો વળાંક આપ્યો. આ સમગ્ર સમય દરમિયાન ગાંધીજી ભારતના પનોતા પુત્ર હતા, અને એ કરતાંયે એમની

વિચારધારા ભારતીય સમાજની એક મોટી અસ્કયામત બની છે.

"ત્યાગમાં ભોગ અનેક માણ્યા,
સેવા મહીં સ્વાદ-અખૂટ માન્યા
ઉદ્યોગની સુંદરતા પિછાણી
ખેતી અને વણકરી નિજવૃત્તિ માની
એવો પુરા સંત થયો કબીર,
વણ્યાં જતો ચાદર એ ફકીર
વિરાટનાં ગીત અખંડ ગાતો,
ને મસ્તીમાં નિત્ય રહંત માતો,
કાં તો તમેયે નિત કર્મવીર,
દરિદ્ર કાજે દમતા શરીર.
તમે ભારતવાસી હૈયે
જન્મી ચૂક્યા છો જ કરોડરૂપે
જગજજનોનાં ઉરમાં તમારું
શોભે સદા સદા આસન દિવ્ય ન્યારું."

હું ગુલામ ? સૃષ્ટિ બાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ ? સ્વતંત્ર પુષ્પ ખીલતાં, સ્વચ્છંદ પંખી ઊડતાં, હલાવતાં સુડાળ ઝાડ, ના કોઈ કહેતું ના, તો એક માનવી જ કાં ગુલામ ?

બાપુની બુલંદ રાષ્ટ્રભાવના, શોષિતો પ્રત્યેની હમદર્દી અને એક વૈશ્વિક ચેતનાને કારણે જે દિવસની આપણે રાહ જોતાં હતાં તે ૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટની સવાર અનેક સ્વપ્નો, આશાઓ અને આકાંક્ષાઓ લઈને આવી. પણ... પણ ૩૦ જાન્યુઆરી ૧૯૪૮. મોહનદાસ કરમચંદ ગાંધીના જીવનનો છેલ્લો દિવસ મળસ્કે પ્રાર્થનાથી શરૂ થયો અને જીવનની છેલ્લી પળોમાં પણ રેંટિયો ચલાવતા રહ્યા હતા. "શ્રમ કર્યા વગર ખાવું તે ચોરી છે." એ સિદ્ધાંત પ્રમાણે ગાંધી છેલ્લા કલાકોમાં પણ શ્રમ કરતાં રહ્યાં.

ગાંધી પ્રાર્થના સભાના લાલ શામિયાણાં તરફ ચાલતા હતા ત્યાં જ નથુરામ ગોડસેની કાળી બેરેટો પિસ્તોલમાંથી પ્રાર્થના સભાની શાંતિમાં ત્રણ તીખા ધડાકા થયા અને એ ત્રણે ગોળીઓ એ નાજુક હાડકાંના પિંજરમાં ખૂંપી ગઈ.

'હે રામ ! આમ તો વ્યથામાંથી પ્રકટેલો આ શબ્દ છે. પણ આ માનવીના મુખમાંથી રત્નની જેમ ઝળહળી ઊઠે છે. હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાય ? એ સાથે શરૂ થયેલી તેમની જીવનયાત્રા, હે રામ ! શબ્દોથી વીરમી ભારતીય સંસ્કૃતિનું આ પુણ્યફળ જીવનના નિભાડામાં પાકતું જ રહ્યું અને ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીની સાંજે 'હે રામ' વદીને ખરી પડ્યું. તેમણે આશા રાખી હતી તે જ રીતે 'હે રામ' સાથે તેમનો છેલ્લો શ્વાસ છૂટ્યો. એ ક્ષણે સત્યાગ્રહ મહાયાત્રાએ નીકળ્યો. ત્યારે આઠ શિલિંગમાં ખરીદેલી તેમની ઇંગરસોલ ઘડિયાળમાં પાંચ વાગીને સત્તર મિનિટ થઈ હતી. મહાત્માના મૃત્યુના સમાચારથી સમગ્ર ભારત સ્વયંભૂ રીતે સ્થગિત થઈ ગયું હતું. વિશાળ મેદાનોમાં, ખેતરોમાં, માનવ બસ્તીઓમાં આજ હવા પણ સ્થિર થઈ ગઈ હતી. હિંદની રાત્રિના આકાશમાં ક્યાંય છાણનો ધુમાડો ન હતો. ચૂલા-સગડીઓ ઠારી દેવામાં આવ્યા હતા. કરોડો લોકોએ મહાત્માના વિયોગમાં ખાધું પણ નહીં, પૂર્વે ને પશ્ચિમે સર્વે કબ્રસ્તાનો હલી ઊઠ્યા. મુંબઈ તો ભૂતિયા શહેર જેવું બની ગયું હતું. મલબાર હીલની મહાલતોથી માંડીને ખરેલની ઝૂંપડીઓમાં રહેલા લોકોની આંખોમાંથી નીકળતાં આંસુ આજ ખૂટતા ન હતા. હિન્દના શિલ્પીના મૃત્યુના શોકમાં દિલ્હી ભણી વિલાપ કરતાં લોકોનો ગંજારવ જથ્થો થઈ રહ્યો હતો. મહાત્માના શરીરની આજુબાજુ ડઝન દીવા પ્રગટાવવામાં આવ્યા. તેની કેસરી જ્યોત મહાત્મા પર વિષાદ ઠાલવતી રહી. અગરબત્તીનો ધુમાડો પણ સ્થિર થઈ ગયો હતો.

બિરલા હાઉસની બહાર સ્તબ્ધ અને અવાક થઈ ગયેલા લોકો આગળ ભાંગી પડેલા નહેરુ, ગાંધીજીના મૃત્યુની જાહેરાત કરતાં બોલ્યા કે, આપણી વચ્ચેથી પ્રકાશ ચાલ્યો ગયો છે. ચારે તરફ અંધકાર છવાયો છે. આપણા પ્યારા બાપુ હવે આપણી વચ્ચે નથી.

હિંદના છેલ્લા વાઈસરૉયે પોતાની માતામહનાં સામ્રાજ્યનો અંત લાવનારા, ચટ્ટાઈ પર સૂતેલા મહાત્માને


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

અંજલિ આપતાં વિચાર્યું કે, 'મહાત્મા ગાંધીનું નામ ઈતિહાસમાં બુદ્ધ અને જિસસ ક્રાઈસ્ટની હરોળમાં જ મૂકાશે.'

જ્યૉર્જ બર્નાડ શૉએ કહ્યું કે, 'આ બતાવે છે કે દુનિયામાં 'સારા' બનવું એ કેટલું ખતરામય છે ! અતિ ભલમનસાઈનું આનાથી બીજું કયું પરિણામ આવી શકે ? શું પ્રત્યેક યુગમાં આ કલ્પનાવિહોણા લોકોને ઉગારવા માટે ઈસુએ વેદનાપૂર્ણ મૃત્યુ સ્વીકારી લેવું ?

ગાંધીના સૌથી કટ્ટર રાજકીય પ્રતિસ્પર્ધી મહંમદઅલી જિન્હાએ કહ્યું, "હિંદુ કોમે પેદા કરેલા મહાન માણસોમાંથી તે એક હતા."

"હિન્દુસ્તાન સ્ટાન્ડર્ડ"ના તંત્રી લેખવાનું પાનું કોરું રખાયું હતું. કાળી પટ્ટીથી શોક દર્શાવતા પાનાની વચ્ચે કેવળ કેટલાંક વાક્યો લખ્યા હતાં.

"જેમની મુક્તિ માટે તે જીવ્યા હતા તે જ લોકોએ તેમની હત્યા કરી છે. દુનિયાના ઈતિહાસમાં આ બીજો ઈસુવધ છે. આવા જ એક શુક્રવારે એક હજાર નવસો અને પંદર વર્ષ પહેલાં જિસસને મોત ભેગા કરાયા હતા. ઓહ વિશ્વવિધાતા ! તું અમને માફ કર !"

અહિંસાના મસિહાની અંતિમયાત્રામાં પૃથ્વી પડ પર સૌથી મોટો માનવ સમુદાય એકઠો થયો. તેમની નાનકડી કાયા પર સ્વતંત્ર ભારતનો ધ્વજ ઓઢીડીને ભારતીય સૈન્યની રણગાડી પર સુવાડીને તેમને લઈ જવામાં આવ્યા. અને જે અંગ્રેજ વૉઈસરૉયો સો ત્રણ દાયકાથી મહાત્મા લડતા હતા. તેમના વળાવિયા તરીકે વૉઈસરૉયના અંગરક્ષકોનું દળ હતું. મહાત્માની મશીનયુગ તરફની નાપસંદગીને ખ્યાલમાં રાખીને રણગાડીના એન્જિનને ચાલુ કરવામાં નહોતું આવ્યું. તેને બદલે દેશના તરી, ખુશ્કી અને હવાઈદળનો ૨૫૦ સૈનિકો ગાડી ખેંચીને લઈ ગયા હતા. ઈતિહાસમાં પ્રથમવાર જ જૂના વૉઈસરૉયના અંગરક્ષક દળ દ્વારા એક ભારતીય પ્રજાજનનું આવું બહુમાન થયું હતું. અહિંસાના ફિરસ્તાની છેલ્લી યાત્રા લશ્કરી કામગીરીની માફક યોજાઈ.

આખુંયે જીવન જે શાંતિ માટે જીવ્યા હતા. એ ગાંધીના મૃત્યુએ કેવી આંધી પ્રગટાવી ? એમની વિદાયથી આખીય પૃથ્વીનું હૈયું સ્તબ્ધ અને સ્થગિત થઈ ગયું હતું.

લૉર્ડ માઉન્ટ બેટનની વડદાદીએ અને તેમના પ્રધાનોએ જે સામ્રાજ્ય સ્થાપ્યું હતું તે સામ્રાજ્યને ઉથલાવી નાખનાર, તાજ વગરના, ગરીબ પહેરવેશધારી સમ્રાટની ચિતા આગળ, દિલ્હીની દિવાલોની બહાર આવેલા રાજઘાટ પર લાખો હિંદવાસીઓ, રાજપુરુષો, રાજનૈતિકો, રાજાઓ, પ્રધાનો, માઉન્ટબેટન અને તેમનો પરિવાર જોડાયો હતો.

સાંજના ચાર વાગ્યા હતા. સૂરજ ડૂબે તે પહેલાં અગ્નિદાહ દેવાનો શિરસ્તો હતો. ડૂબતા સૂરજના કિરણો મહાત્માના ઐહિક શરીર પર છેલ્લા આશીર્વાદ ઢોળતાં પથરાયા હતાં. મહાત્માની ચિતાને શિયાળાનો સૂસવતો પવન પ્રજ્વલિત કરતો રહ્યો અને લાખો લોકો ચિત્કારતા રહ્યા, 'મહાત્મા ગાંધી અમર રહો.' ગાંધીનો આત્મા રાત્રીના નીબીડ પડછાયાને આંબીને અનંતમાં ભળી ગયો હતો. મહાત્મા મહતતત્ત્વ સાથે એકરૂપ થઈ ગયા હતા. ત્યારે તો આ વસુંધરા પણ હીબકાં ભરી રહી હતી. હિમાલયનાં શિખરો સ્તબ્ધ બની ગયા હતાં. સરિતાના વહેણ બદલાઈ ગયા. મહાસાગરોમાં ઝંઝાવાતો ઊઠ્યા, સમય થંભી ગયો. ઉષાની લાલીમા, સંધ્યાની શીતળતા અને તારાઓનો ઝગમગાટ અદૃશ્ય થઈ ગયા. અરે ! સાગરનો ઘુઘવાટ, સરિતાનો કલકલ નાદ અને સરોવરોના મંદ તરંગો પણ શાંત થઈ ગયા. મોહક મેઘધનુષમાં પણ પ્રકૃતિનાં દર્દનું દર્શન થયું.

હૈયાના આવકાશમાં ભયાનક ચિત્કારથી માત્ર એક જ બ્રહ્માનંદ ગુંજતો રહે છે. મહાત્મા ગાંધી... મહાત્મા ગાંધી... એ ગાંધી ક્યાં છે ? એ નથી એનો જ પરિતાપ છે. એ નથી તેનો જ આક્રોશ છે, એ નથી તેની જ નિઃસહાયતા છે, શૂન્યાવકાશ છે.

અંગ્રેજોને મૂંઝવનારો, પરમ સત્યને જાણનારો, ગુણવત્તા અને નીતિમત્તાને ધોરણે ભારતને આઝાદી

અપાવનાર ગાંધી... પયગંબરોની હરોળના, પૂણ્યશ્લોકી, પ્રાતઃ સ્મરણીય, સાચા ઈતિહાસ પુરુષ, મૂઠી ઉંચેરો માનવી. જ્યાં તેઓ બેસતા એ સ્થાન મંદિર બની જતું અને જ્યાં તેમા પગલાં પડતાં તે સ્થાન પવિત્ર થઈ જતું હતું. ગાંધીજી સૂર્યનારાયણ જેવા છે. જ્યાં એમના કિરણો પડે ત્યાં નવી સૃષ્ટિની પ્રફુલ્લતા આવે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં કહીએ તો, “અંતે તો એ જીવંત સત્ય હતો, પુસ્તકોમાંનું એક અવતરણ નહતો. મહાત્મા, એ જ એનું સાચું નામ હતું.” ગાંધીજીએ આહવાન કર્યું અને હિન્દુસ્તાન ખીલી ઊઠ્યું. એ નૂતન મહાનતામાં પ્રાચીન કાળની જેમ, જ્યારે બુદ્ધે દરેક જીવ માટે અનુકંપા અને ભ્રાતૃત્વનું સત્ય કહ્યું હતું.

માણસો જન્મે છે, જીવે છે અને મરે છે. સમયચક્ર ફરતું જ રહે છે. નદી સદાય વહેતી રહીને જ નદી તરીકે ટકી રહે છે.

દોઢ બે અબજ સેંકડો પહેલાં આ પૃથ્વી પર ગાંધી નામનો એક માણસ પણ ચાલતો હતો. એના જીવનમાંથી આપણને, વિશ્વને અનેક સમસ્યાઓની વ્યૂહરચના સાંપડે છે.

આઈન્સ્ટાઈનના શબ્દોમાં કહીએ તો, “આવનારી પેઢીઓ તો, ગાંધીજી જેવો લોહી-માંસનો બનેલો માણસ આ પૃથ્વી પર હરતો ફરતો હતો એમ માનવાને પણ તૈયાર નહીં હોય.”

પણ, ભલે મૃત્યુ મલકાય, ભલે બાપુ વિના આપણે સૌ રંક ! ભલે બાપુ આપણા વચ્ચેથી ગયા છે. પણ એમની દોરતી અને પ્રેરતી શક્તિ તો આપણી વચ્ચે છે જ. મહાપુરુષોનાં જીવન એ મૃત્યુથી અટકે એવા નથી હોતાં. એમના ક્ષરદેહના વિલય પછી પણ એમનું જીવન વિસ્તરતું જ હોય છે.

આજે પ્રશ્ન એ છે કે, ગાંધીજીએ રૂદનને સ્મિતમાં પલટાવવાનું જે અવતારકાર્ય ઉપાડ્યું હતું એ આપણે પૂરું કરી શકીશું ખરા ?

---

## રાષ્ટ્રીય પ્રવેશ પરીક્ષામાં પ્રાદેશિક ભાષાઓ

પ્રાદેશિક ભાષાઓને બાદ કરતાં અન્ય ભાષાઓનો માધ્યમ તરીકે ઉપયોગ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા સાવ અલ્પ હશે. ગુજરાત અને બંગાળ જેવાં રાજ્યોમાં જ્યાં હજુ શાળા કક્ષાએ ગુજરાતી માધ્યમ પ્રમાણમાં ટકી રહ્યું છે એ માધ્યમનો ઉપયોગ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા મોટી હોવાની સંભાવના છે. વિદ્યાર્થીઓના પક્ષે અંગ્રેજી માધ્યમની પસંદગી વિચારપૂર્વકની નેશનલ છે. જો આગળના અભ્યાસમાં અંગ્રેજી માધ્યમનો જ ઉપયોગ કરવાનો હોય તો તે માટેની તૈયારી શાળા કક્ષીએ જ કરવામાં આવે તે વિચારપૂર્વકનો નિર્ણય ગણાય. ITI જેવી બહુપ્રતિષ્ઠિત સંસ્થાઓમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે તેમાં બહુમતી વિદ્યાર્થીઓ સમાજના ઉપલા વર્ગોમાંથી આવે છે અને તેઓ બાલમંદિરથી જ અંગ્રેજી માધ્યમમાં ભણેલાં હોય છે તેથી, અનામતના આધાર ઉપર જતા દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓએ સંસ્થાઓમાં ટકી શકતા નથી. આ સ્થિતિમાં પ્રાદેશિક ભાષાઓનો ઉપયોગ પ્રવેશપરીક્ષા માટે કરવામાં આવે તેનાથી કોઈ મોટો તફાવત પડવાનો નથી.

સરકારે કેટલીક ITI અને ટૅક્નોલૉજી રાષ્ટ્રીય સંસ્થાઓમાં પ્રાદેશિક ભાષાનો ઉપયોગ શિક્ષણના માધ્યમ તરીકે કરવાનું વિચાર્યું છે. આ વિચાર દેખીતી રીતે જ અવ્યવહારુ છે ITI અને તેની સમકક્ષ ટૅક્નોલૉજી શિક્ષણસંસ્થાઓમાં રાષ્ટ્રીય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. તેથી વિવિધ પ્રાદેશિક ભાષાઓમાંથી આવતા વિદ્યાર્થીઓએ તેમાં પ્રવેશ મેળવ્યો હોય તે સહજ છે. આ સ્થિતિમાં રાષ્ટ્રીય સંસ્થાઓમાં પ્રાદેશિક ભાષાનો ઉપયોગ શિક્ષણના માધ્યમ તરીકે થઈ શકે એમ નથી. જે-તે પ્રદેશમાં આવેલી ટૅક્નોલૉજીની કૉલેજો જેમાં એ જ પ્રદેશના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો હોય ત્યાં પ્રાદેશિક ભાષાનો ઉપયોગ શિક્ષણના માધ્યમ તરીકે થઈ શકે, પણ એમાં પણ વિદ્યાર્થીઓ માટે પ્રાદેશિક ભાષામાં વાચનસામગ્રી તૈયાર કરવાનો વિકટ પ્રશ્ન ઊભો થાય.

# વિશ્વ વન દિવસે આપણે શું કરી શકીએ...

**નટવર હેડાઉ 'વનવિહારી'**
'અરણ્યાલય', ૫, ડુપ્લેક્ષ, હરિનગર સોસાયટી,
મુ. વાવોલ, તા. જિ. ગાંધીનગર-૩૮૨૦૧૬.
મો. ૯૪૨૮૪૧૭૪૦૬

માનવ જીવનમાં વૃક્ષનું યોગદાન અમૂલ્ય છે. વૃક્ષ એક સાચા મિત્રની ગરજ સારે છે. તે માનવીના જીવનમાં આવી રીતે વણાઈ ગયેલ છે કે તેના વગર જીવન લગભગ અશક્ય લાગે છે. તે માનવીનું જતન કરે છે. છતાં બદલામાં કોઈ વળતરની આશા રાખતાં નથી. એક વફાદાર મિત્ર તરીકે કાયમ પોતાનું કાર્ય કરે છે છતાં આપણે તેમનો આભાર માનવાનું ભૂલી ગયા છીએ. આવા સાચા મિત્રની વફાદારીને બિરદાવવા તથા તેના પ્રત્યે આભાર પ્રગટ કરવા આપણે જે રીતે સ્નેહીજનો, સગાં-સંબંધીઓ કે મિત્રોનો જન્મ દિવસ ઘણાં ઉમંગથી ઉજવીએ છીએ તે જ રીતે વૃક્ષનો પણ જન્મદિવસ ઉજવવો જોઈએ.

આ જન્મ દિવસને 'વિશ્વ વન દિવસ' નામ આપવાથી વૃક્ષના જન્મ દિવસને આપણે સારી રીતે ઉજવણી કરી શકીશું અને તેના જતન માટે પ્રયત્નો કરી શકીશું. સ્નેહીજનો કે મિત્રો આપણને જે રીતે સામાજિક કે આર્થિક મદદ પૂરી પાડે છે. તે કરતાં વૃક્ષ આપણને વધુ મદદરૂપ થાય છે. અને બદલામાં આપણી પાસે કોઈ અપેક્ષા રાખતું નથી. જેથી વૃક્ષનો ઉપકાર માનવ કરતાં વધુ છે. આવાં વૃક્ષોને આપણે કેમ ભૂલી શકીએ.

વૃક્ષ આપણો આદર્શ મિત્ર છે. જેથી દર વર્ષે ૨૧ માર્ચના દિવસને આખા વિશ્વમાં 'વિશ્વ વન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ વન દિવસ ઉજવવાનો શ્રેય યુરોપિયન ફેડરેશન ઑફ એગ્રીકલ્ચરને જાય છે. ઈ.સ. ૧૯૭૧માં મળેલી ૨૩મી યુરોપિયન કો-ફેડરેશન ઑફ એગ્રીકલ્ચરની સામાન્ય સભામાં આ દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. જેને યુનાઈટેડ નેશન્સ ફૂડ ઍન્ડ એગ્રીકલ્ચર ઑર્ગેનાઈઝેશન (FAO) દ્વારા પણ સહકાર મળ્યો અને ઈ.સ. ૧૯૭૨ની ૨૧મી માર્ચે પહેલો વિશ્વ



વન દિવસ ઉજવવામાં આવ્યો. ત્યારથી વિશ્વમાં દર વર્ષે ૨૧મી માર્ચના દિવસે વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવે છે.

૨૧મી માર્ચ "વિશ્વ વન દિવસ" નિમિત્તે આપણે વન બચાવવા અને વન વિસ્તારમાં વધારો કરવા માટેના પ્રયત્નો કરવા જોઈએ. પરંતુ શહેરનાં કૉંન્ક્રીટના બિલ્ડીંગોના જંગલમાં રહેતા આપણા માટે જંગલ વિસ્તારમાં વૃક્ષ ઉછેરવાનો અને બિન અધિકૃત રીતે વૃક્ષો કાપવા પર નિયંત્રણ કરવાનું કામ ઘણું જ અઘરું છે. ઘણી જગ્યાએ શહેર વિસ્તારથી વન વિસ્તાર દૂર હોય છે. જેથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારની વ્યક્તિઓને પોતાનાં રહેઠાણ નજીકમાં કે બિન જંગલ વિસ્તારમાં જ્યાં જમીન ઉપલબ્ધ હોય ત્યાં વધુ વૃક્ષો ઉછેરવાનું નક્કી કરે અને પોતાની આજુ-બાજુના વિસ્તારમાં હયાત વૃક્ષોનું

રક્ષણ કરે તો શહેરી વિસ્તારમાં વૃક્ષોની સંખ્યામાં વધારો થશે. જેથી ગ્લોબલ વૉર્મિંગની અસર ઓછી કરી શકાય. વૃક્ષોની સંખ્યા વધતા વાતાવરણમાં અકલ્પનીય સુધારો થશે. જેથી ઉનાળામાં ગરમીનું પ્રમાણ ઓછુ થશે. અને ચોમાસામાં વરસાદ થશે. વન વિસ્તારનાં હયાત વૃક્ષોને ચોમાસા દરમિયાન પુષ્કળ પાણી મળતાં વૃક્ષ ઘટાદાર અને મજબૂત બનશે અને વન વિસ્તારમાં કુદરતી રીતે ઉગતાં વૃક્ષોમાં વધારો થશે. ઉનાળા દરમિયાન ગરમીનું પ્રમાણ ઘટતાં ગરમીથી સુકાઈ જતાં વૃક્ષોની સંખ્યામાં ઘટાડો થશે. આમ, શહેરી વિસ્તારમાં રહીને પણ શહેરી વિસ્તારના લોકો પોતાના પ્રયત્નોથી વન વિસ્તારમાં વધારો કરવામાં મદદ કરી શકે તેમ છે. જે માટે થોડો સમય ફાળવવો અત્યંત જરૂરી છે.

૨૧મી માર્ચ વિશ્વ વન દિવસ નિમિત્તે આપણે સૌ નક્કી કરીએ કે જ્યારે પણ અને જ્યાં પણ તક મળે ત્યાં વૃક્ષો વાવીએ અને આપણી આજુબાજુના હયાત વૃક્ષોને કાપતાં કે નુકસાન કરતાં જોઈએ તો તેને અટકાવવા માટે યોગ્ય પગલાં લઈએ. જેથી વિશ્વ વન દિવસ મનાવવાનું સાર્થક થાય અને સાચા અર્થમાં વૃક્ષોનો આભાર માની શકાય. કેમકે આમ જુઓ તો આપણી સંસ્કૃતિ વનમાં જ વિકસેલી છે. વટવાવિત્રી, પીપળાનું પુજન, ખીજડાનું મહત્ત્વ અને ઘર આંગણે તુલસી એ આપણા સંસ્કારમાં વણાયેલ ગુણો છે. આશ્રમોમાં રહી શિક્ષણ મેળવવાની આપણી ઋષિ પરંપરામાં વૃક્ષો અને વનો પ્રત્યે ભારોભાર આદર રહેલો છે. જેને જીવનના દરેક તબક્કે યાદ કરી વન અને વૃક્ષોના જતન માટે તેના પ્રત્યે આપણે સંવેદનશીલ બનીએ તો જ સાચા અર્થમાં વિશ્વ વન દિવસની ઉજવણી કરી શકાય.

## ૨૨મી એપ્રિલ એટલે 'પૃથ્વીદિવસ' સર્વ જીવોના આધારરૂપ પૃથ્વીનું આપણે જતન કરીએ

આપણી આસપાસની હવા અને વાતાવરણ પ્રદૂષિત થઈ રહ્યું છે. આ સ્પષ્ટ રીતે સૂચિત કરે છે કે માનવજાતિને માથે ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે.

વૈજ્ઞાનિકો સ્પષ્ટ કરે છે. જો આપણે આજની ઝડપે કાર્બનડાયૉક્સાઈડ અને વાતાવરણને પ્રદૂષિત કરનાર અન્ય ગૅસ પેદા કરતા રહીશું તો આવતા પચાસ વર્ષમાં પ્રકોપ વધતા હવામાનમાં એવા અણધાર્યા ફેરફારો થશે. જેની પરિણામે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડાં, હિમવર્ષા, ભૂકંપો, જવાળામુખીઓ, ત્સુનામીઓ દુનિયાને તહેસનહેસ કરી નાખશે તેમજ હિમપ્રદેશો જો બરફ પીગળતાં પૃથ્વી જેવી સ્થિતિ સર્જાશે.

આમાંથી ઊગરવાનો અને પૃથ્વીને ઉગારવાનો ઉપાય શું ? ઉપાય સ્પષ્ટ છે. આ સૃષ્ટિને જળવાયુ પરિવર્તનની ઉપર્યુક્ત વિનાશક અસરોથી બચાવવી હશે તો આજના માનવીએ 'વિકાસ'નો ભ્રામક ખ્યાલ ત્યજી ભૌતિક સંપત્તિ પાછળની આંધળી નિરંકુશ દોડને થંભાવી દેવા અને પોતાના વર્તમાન સુખોપભોગવાદી જીવનશૈલીમાં બદલાવ લાવવા તૈયાર રહેવું પડશે.

ફ્રિટમેફ કાપ્રા કહે છે, 'એકવીસમી સદીનો આપણી સામેનો સૌથી મોટો પડકાર એ છે કે આજની આપણી અર્થવ્યવસ્થા ધરમૂળથી બદલીને નૈતિક અને માનવીય મૂલ્યોને આધારે નવેસરથી રચવી મતલબ કે આ દુનિયાની માનવજાતિ હાલની ખોટી વિકાસદોડ પાછળ રહેલી સંપત્તિની ઘેલછા ત્યજીને તેના સ્થાને આટલું પર્યાપ્તની પર્યાવરણને હામી ન થાય તેવી માનવમૂલ્યો પર આધારિત સંયમિત જીવનશૈલી અપનાવવા તૈયાર થવું જોઈએ. આ માટે દુનિયાના સર્વ દેશોએ પોતાની જીવનશૈલીમાં ધરમૂળથી પરિવર્તન લાવી સર્વ પ્રકારના પ્રદૂષણ ઊર્જાસ્રોતો અપનાવવા અને તેનો એક સાથે અમલ કરવા સજ્જ થવું પડશે. આપણે સૌ આપણી પૃથ્વીનું જતન કરીએ.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ૨૨મી એપ્રિલ એટલે ‘પૃથ્વીદિવસ’ સર્વ જીવોના આધારરૂપ પૃથ્વીનું આપણે જતન કરીએ



પ્રા. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ
મુ. રંગાઈપુરા, પોસ્ટવાળું ફળિયું,
તા. પેટલાદ, જિ. આણંદ.
મો. ૯૭૨૪૧૩૭૮૫૧


૨૨મી એપ્રિલ એટલે પૃથ્વી દિવસ. યુનેસ્કોએ ઓક્ટોબર ૧૯૬૯માં સાનફ્રાન્સિસકોમાં મળેલી સભાએ કરેલા અનુરોધને પગલે યુ.એન. દ્વારા પૃથ્વીદિવસ તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવ્યું. ત્યારથી દુનિયાના ૧૯૨ દેશોમાં ૨૨ એપ્રિલે પૃથ્વીદિવસની ઉજવણી થાય છે.

સમસ્ત બ્રહ્માંડમાં આપણી પૃથ્વી અદ્ભુત અને અજોડ છે. આ પૃથ્વી બ્રહ્માંડમાંના અબજો તારાઓ પૈકીનો એક તારો અને સૂર્યની ગ્રહમાળાનો એક ગ્રહ છે, પરંતુ બ્રહ્માંડમાં કોઈ ગ્રહ પૃથ્વી જેવી વિલક્ષણતા ધરાવતો હોય એવું આજ સુધી જાણવા મળ્યું નથી. બીજા કોઈ ગ્રહ પર પૃથ્વીના જેવી કે અન્ય પ્રકારની જીવસૃષ્ટિ અસ્તિત્વ ધરાવે છે કે કેમ તે વિશે હજુ સુધી કોઈ ખાતરીપૂર્વક કરી શક્યું નથી. એ દૃષ્ટિએ અસંખ્ય પ્રકારની જીવસૃષ્ટિ ધરાવતી આપણી સૃષ્ટિ બ્રહ્માંડનો એક અતિ વિલક્ષણ અને અદ્વિતીય એવો ગ્રહ છે.

આપણી આ સૃષ્ટિ બ્રહ્માંડનો એક બિંદુથીયે નાનો અંશ છે. એવાં બ્રહ્માંડમાંની અનંતતા અને અગાધતાનો હજુ સુધી કોઈ પાર પામી શક્યું નથી. આ બ્રહ્માંડમાં અસંખ્ય તારા વિશ્વો આવેલાં છે અને સૂર્ય પણ એમાંનો એક તારો જ છે જે આપણી પૃથ્વી કરતાં ૧૩ લાખ ગણો મોટો છે, પરંતુ આ બ્રહ્માંડમાં ઘણા તારાઓ સૂર્ય કરતાં પણ ખૂબ મોટા છે. આ બ્રહ્માંડરૂપી આકાશમાં કેટલા તારાઓ હશે ? કલ્પના કરવી મુશ્કેલ છે. આપણે જેને ‘આકાશગંગા’ ગૅલેક્સી તરીકે ઓળખીએ છીએ. તે એક જ ‘ગેલેક્સી’ અર્થાત્ તારાવિશ્વમાં ૪૦૦થી ૫૦૦ અબજ તારાઓ હોવાનું મનાય છે અને આ બ્રહ્માંડમાં આવી તો સો અબજથી યે વધારે ગેલેક્સીઓ આવેલી છે. આકાશમાં આ બધા છે




કે તે અંતરને માઈલો કે કિલોમીટરમાં દર્શાવવા મુશ્કેલ છે, કેમ કે માઈલ કે કિલોમીટરથી અંતર દર્શાવવા એટલા બધા આંકડા અને મીંડા લખવાં પડે કે તે ગણવાનું અને સમજવાનું જ મુશ્કેલ બને. આથી અવકાશી પદાર્થો વચ્ચેના અંતરને માપવા માટે પ્રકાશવર્ષનો એકમ વપરાય છે. પ્રકાશના કિરણો એક સેકન્ડમાં ત્રણ લાખ કિલોમીટરનું અંતર કાપે છે તે ઝડપે એક આખા વર્ષ દરમિયાન પ્રકાશના કિરણો જેટલું અંતર કાપે તેને ‘પ્રકાશવર્ષ’ અંતર કહે છે. સૂર્ય આપણી પૃથ્વીથી લગભગ ૧૫ કરોડ કિલોમીટર દૂર આવેલો છે. તેના પ્રકાશને પૃથ્વી ઉપર પહોંચતાં માત્ર સાડા આઠ મિનિટ લાગે છે. પરંતુ બ્રહ્માંડમાં આવેલા કરોડો તારઓ એકબીજાથી કેટલાંયે લાખ પ્રકાશવર્ષ દૂર હોય છે અને એમાંના કેટલાંક તારાઓ પ્રકાશવર્ષ દૂર હોય છે. પહોંચતા લાખો વર્ષ નીકળી જાય છે.

આ હકીકતથી બ્રહ્માંડમાંની અગાધતાનો થોડો ખ્યાલ કરી શકાશે. આ બ્રહ્માંડમાં કશું સ્થિર નથી, તેમાં રહેલા અબજો-અબજો તારાઓ જુદી-જુદી ગતિથી ઘૂમી રહ્યા છે,

પણ તેમના નિયમિત ભ્રમણમાં ક્ષણનો પણ ફરક પડતો નથી. આ તારાઓમાંના એક સૂર્ય, જે આપણી પૃથ્વીની સમગ્ર ગતિવિધિ અને જીવસૃષ્ટિના આધારરૂપ છે, તે યુગોથી અવકાશમાં પોતાની ધરી પર ફરતો રહે છે અને તેની આસપાસ તેની ગ્રહમાળાના પૃથ્વી, મંગળ, ગુરુ વગેરે ગ્રહો પોતાની ધરી ઉપર ફરે છે, તેમજ સૂર્યની આશપાસ ઘૂમતા રહે છે ! વળી આ પૃથ્વી વગેરે ગ્રહોની આસપાસ તેમના ઉપગ્રહો પણ ઘૂમતા હોય છે, સમગ્ર બ્રહ્માંડમાં આવા અસંખ્ય ગ્રહો, તેના તારાઓ એકબીજાથી અમુક નિશ્ચિત અંતર જાળવીને ઘૂમ્યા કરે છે. દા.ત., Fomalhauts નામનો ગ્રહ તેના તારાની આજુબાજુ કલાકે ૧૭ અબજ કિલોમીટર દૂર રહીને ફરતો રહે છે, જ્યારે HD 80606b નામનો ગ્રહ તેના તારાની આજુબાજુ કલાકના ૧,૪૦,૦૦૦ કીલોમીટરની ઝડપે ફરતી વખતે અમુક સમયે સાડા ચાર લાખ કિલોમીટર જેટલો નજીક અને અમુક સમયે ૧૩ લાખ ઉપરાંત કિલોમીટર જેટલો દૂર રહીને પરિભ્રમણ કરે છે.

આ બધા ગ્રહોની યુગોથી પોતાની ધરી ઉપર ફેરફુદરડી ફરવાની ગતિ, તેમની સૂર્યની આસપાસ અમુક અંતર રાખીને પરિભ્રમણ કરવાની ગતિ અને તેમની આસપાસ તેમના ઉપગ્રહોની પરિભ્રમણ કરવાની ગતિ અને તેમના સમયમાં અદ્ભુત અને આશ્ચર્યજનક નિશ્ચતતા જોવા મળે ! સમગ્ર બ્રહ્માંડમાં સર્વ પદાર્થનું આ વૈશ્વિક નૃત્ય સેકન્ડનીય ચૂક વગર યુગોથી અત્યંત લયબદ્ધ રીતે ચાલી રહ્યું છે.

આપણી પૃથ્વી આવા અનંત વિસ્તારી બ્રહ્માંડમાં સર્વ અબજો તારાઓ પૈકીનો એક તારો છે. માત્ર આપણી આ પૃથ્વી ઉપર જ વિચારશીલ અને બુદ્ધિશાળી મનુષ્ય સહિતની અસંખ્ય પ્રકારની જીવસૃષ્ટિ અસ્તિત્વ ધરાવે છે. બીજા કોઈ ગ્રહ ઉપર માનવજાત જેવી જ નહિ બલકે અન્ય કોઈ પ્રકારની પણ જીવસૃષ્ટિ હોવા વિશે ખાતરી નથી. આવી અદ્ભુત રળિયામણી પૃથ્વીની ગોદમાં માનવજાતનું અન્ય સર્વજીવોનું યુગોથી પાલન પોષણ થઈ રહ્યું છે.

પૃથ્વી એવો ગ્રહ છે, જેનો એક ચતુર્થાંશ ભાગ ભૂમિ અને ત્રણ ચતુર્થાંશ ભાગ પાણી છે. આ ભૂમિ જંગલો, મેદાનો, ફળો, ફૂલોથી તેમજ ઊંચા-ઊંચા હિમાચ્છાદિત પર્વતશિખરો, નદીઓ, સરોવરો અને ઝરણાથી રળિયામણી બનેલી છે. એના પર અસાધારણ પ્રજ્ઞા શક્તિવાન માનવજાત ઉપરાંત પશુઓ-પક્ષીઓ અને સહિતની અસંખ્ય પ્રકારની જીવસૃષ્ટિ અસ્તિત્વ ધરાવે છે. તેમજ આ જીવસૃષ્ટિના આધારરૂપ સૂર્યપ્રકાશ, વાયુ અને જળ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, આથી આ સૃષ્ટિ ઉપરના માનવજીવન, અન્ય સર્વપ્રકારની જીવસૃષ્ટિ અને પ્રકૃતિતત્ત્વો વચ્ચેના પરસ્પર આધારિત આંતર-સંબંધો અત્યંત સંતુલિત રીતે જળવાઈ રહેલા છે.

પૃથ્વીના આરંભકાળથી આજ સુધી માનવી અને પ્રકૃતિ વચ્ચેનો ગાઢ, આત્મિય નાતો જળવાઈ રહ્યો છે. કેમ કે માનવી મૂલતઃ પ્રકૃતિની ગોદમાં ઉછર્યો હતો અને પ્રકૃતિનો પૂજક હતો. માનવજીવનના આરંભનાં વર્ષોમાં ખેતીની શોધ એ એવી ક્રાંતિ હતી, જેનાથી માનવજીવનને સ્થિરતા અને વિકાસનું પરિમાણ સાંપડ્યું. પરિશ્રમ, ત્યાગ અને પ્રકૃતિ ઉપર નિર્ભરતાથી કૃષિ સંસ્કૃતિ, પેઢીઓ સુધી વિકસતી રહી. આજે પણ વિશ્વની ૫૦% અને ભારત દેશની ૬૫% વસ્તી કૃષિ આધારિત જીવન પર નિર્ભર છે.

ભારતીય સંસ્કૃતિ કૃષિ સંસ્કૃતિ હતી. જીવનમાં સિદ્ધિ ખરી, વિકાસ ખરો, પરંતુ ત્યારે જીવનમાં નીતિ ધર્મનું અને ચિરંજીવ શાંતિનું લક્ષ્ય હતું. ભારતીય સંસ્કૃતિ એ આપણને પ્રકૃતિ સાથે સંતુલન જાળવીને ત્યાગીને ભોગવવાની સ્વસ્થ અને નિરામય દૃષ્ટિ આપી હતી. તે પછી માનવીએ પૃથ્વીના પેટાળમાં રહેલી કોલસો, ગૅસ અને તેલની શોધ કરી. એનો ઉપયોગ યંત્રો ચલાવવામાં શરૂ થયો. એના પગલે આવેલ ઔદ્યોગિક ક્રાંતિએ દુનિયાના


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

માનવજીવનમાં ભારે પરિવર્તન લાદી દીધું.

ઔદ્યોગિક ક્રાંતિએ દુનિયાભરમાં મોટાઉદ્યોગો મોટા-મોટા કારખાનાઓ અને વાહનોના ઉપયોગથી ઉર્જાની જરૂરિયાત પણ વધતી ગઈ, જંગલો કપાવા લાગ્યાં, પેટાળના જળ-સ્રોતો અને ખનિજોના સ્રોત થવા લાગ્યા, કારખાનાનાં અને વાહનોના ઓકાતા ધુમાડાથી, જંતુનાશક દવાઓના છંટકાવ વગેરેથી પૃથ્વીના વાતાવરણમાં પ્રદૂષણ વધતું ગયું. પરિણામે પૃથ્વીના પર્યાવરણનું સંતુલન બેકાબુ બન્યું છે.

અનંત બ્રહ્માંડમાં આપણી પૃથ્વી અને તેની આજની સ્થિરતા વિશે આટલી વાત ભૂમિકારૂપે કહેવાની જરૂરિયાત એટલા માટે લાગી કે સમગ્ર બ્રહ્માંડમાં જીવસૃષ્ટિ ધરાવતી વિલક્ષણ અને અત્યંત રળિયામણી એવી આ સૃષ્ટિનું જતન કરવાને બદલે આજનો માનવી તેને પોતાના ઉપભોગનું સાધન માનતો હોય તેમ તેની સર્વ સંપત્તિને ચારેબાજુથી લૂંટી રહ્યો છે. એક પૈસાદાર પિતાના ઉડાઉ સંતાનની જેમ તેને મનફાવે તેમ વેડફી રહ્યો છે. ઔદ્યોગિક વિકાસના નામે એ વધુને વધુ મેળવી લેવાની આંધળી દોટમાં આ પૃથ્વીને પારાવાર રીતે પ્રદૂષિત કરીને વિનાશ તરફ ધકેલી રહ્યો છે, ત્યારે બુદ્ધિમાન માનવો કે અબુધને એ જ સમજાતું નથી, શું એને ખબર નથી કે પૃથ્વી પર વધી રહેલા પ્રદૂષણથી પૃથ્વીના પર્યાવરણનું સંતુલન તૂટતાં ગ્લોબલ વૉર્મિંગનો જે ખતરો પૃથ્વીના માથે તોળાઈ રહ્યો છે, તેની સાથે તેનો પોતાનો પણ વિનાશ નોતરશે ?

પૃથ્વી સાથે માનવીનો નાતો આરંભથી જ અત્યંત ગાઢ રહ્યો છે. આ પૃથ્વી જ માનવજાતનું અને સમસ્ત જીવસૃષ્ટિનું માતાની જેમ પાલનપોષણ કરે છે. હવા, અન્ન અને જળ જેથી સર્વના જીવનમાં આધારરૂપ બાબતો દ્વારા પર્યાપ્ત પ્રમાણમાં મળી રહે છે. જેમ બાળક માતાની ગોદમાં નિરાંતે રમતું હોય છે તેમ માનવી પૃથ્વીની ગોદમાં નિશ્ચિતપણે જીવન વિતાવી રહ્યો છે. માતાની ગોદમાં ઉછરતું બાળક મોટું થયા પછી એ માતાની સેવા-શુશ્રૂષા કરે છે, તેમ માનવીએ પણ માતા સ્વરૂપ પૃથ્વીનું સંમાર્જન સર્વધન કરવું એ તેનું કર્તવ્ય બને છે. આથી માનવીએ પૃથ્વી પાસેથી જેટલું લે તેની પૂર્તિ પણ તેના દ્વારા થતી રહેવી જોઈએ.

આ સૃષ્ટિ માનવીની એકલતાની નથી, એમાં આપણે એકલા વસતા નથી. પરંતુ પશુ-પક્ષીઓ, જીવજંતુઓ આદિ અસંખ્ય પ્રકારના જીવો વસે છે.

આસૃષ્ટિની ગોદમાં વસા સર્વજીવોનો તેની સંપત્તિ પર હક્ક છે. આથી માનવી એ એકલાએ તેની બધી સંપત્તિ પર ઉપભોગ કરવાની તેમજ તેને લૂંટાય તેટલી લૂંટી લેવાની વૃત્તિ રાખવી એ ખ્યાલ સાવ બેહૂદો-ખુદ માનવજાતને હાનિકારક છે.

આ માટે 'ઈશાવાસ્ય' ઉપનિષદનો પ્રથમ શ્લોકમાં કહેવાયું છે. આ આખીય સચરાચર સૃષ્ટિ ઈશ્વરમય છે. ઈશ્વરની માલિકીની છે. એમાં માણસે પોતાની જરૂરિયાતોની વસ્તુઓ લઈ, ત્યાગવૃત્તિથી જીવન જીવવાનું છે. બીજાની ભોગવૃત્તિની ઈર્ષ્યા કરવાની નથી. બીજાના ધનની તૃષ્ણા રાખવાની નથી.

આપણને આ સમસ્ત સૃષ્ટિ તરફ અને તેમાં વસતા સર્વજીવો તરફ જેવી દૃષ્ટિથી જોવું અને વર્તવું તેનો સ્પષ્ટ દિશાનિર્દેશ મળે છે.

પરંતુ આજે માનવી કુદરતના આ આદેશને અવગણીને આ સૃષ્ટિની બધી ચીજવસ્તુઓ તેની એકલાની માલિકીની હોય તેમ તેના પર પોતાનું આધિપત્ય જમાવવા તેનો યથેચ્છ ઉપયોગ કરવા લાગી ગયો છે.

અમેરિકાના 'મલ્ટિનેશનલ મોનિટર' સામયિકના સંપાદક રોબેટ વીઝમેન લખે છે. 'આજે પૃથ્વીરૂપી આપણા માળાને આપણે પોતે જ વીંખી-પીંખી રહ્યા છીએ. પરિણામે પૃથ્વી પર જળ ખૂટી રહ્યું છે. જંગલોનો નાશ થઈ રહ્યો છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)

# રાષ્ટ્રીય પ્રવેશ પરીક્ષામાં પ્રાદેશિક ભાષાઓ

રસેશ શાહ

૨૮-૧૧-૨૦૨૦

મેડિકલ કૉલેજોમાં પ્રવેશ માટે રાષ્ટ્રીય એક પ્રવેશપરીક્ષા યોજવામાં આવે છે. તે 'નીટ' (NEET) તરીકે ઓળખાય છે. એ પરીક્ષામાં અંગ્રેજી ઉપરાંત દેશની ૧૦ પ્રાદેશિક ભાષાઓમાં પણ આપી શકાય છે. એ ભાષાઓ આ પ્રમાણે છે : હિન્દી, તેલુગુ, અસમિયા, ગુજરાતી, મરાઠી, તમિલ, બંગાળી, કન્નડ, ઉડિયા અને ઉર્દૂ કુલ ૧૩.૬ લાખ વિદ્યાર્થીઓએ એ પરીક્ષા આપી હતી. તેમાંથી અંગ્રેજી ભાષામાં પરીક્ષામાં આપનારની સંખ્યા ૧૦.૮ લાખ હતી. એટલે કે લગભગ ૮૦ ટકા વિદ્યાર્થીઓએ અંગ્રેજી પસંદ કરી હતી. હિન્દી પસંદ કરનારની સંખ્યા ૧.૮ લાખ હતી. આમ, લગભગ ૧૩ ટકા વિદ્યાર્થીઓએ હિન્દી પસંદ કરી હતી. અન્ય ભાષાઓ પસંદ કરનારની સંખ્યા સાત ટકા હતી. એમાં પણ ગુજરાતી પસંદ કરનારની સંખ્યા ૪૭,૫૮૯ હતી. એ પછી બંગાળી આવે છે જે પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૯,૩૩૫ હતી. ત્રીજા નંબરે તમિલ આવે છે, જે પસંદ કરનારની સંખ્યા ૧૨,૮૩૫ હતી. આમ, અંગ્રેજી અને હિન્દી સિવાયની અન્ય ભાષાઓ પસંદ કરનાર વિદ્યાર્થીઓમાંથી લગભગ ૮૯ ટકા વિદ્યાર્થીઓએ ત્રણ ભાષાઓ પસંદ કરી હતી. મુદ્દો એ છે કે અન્ય પ્રાદેશિક ભાષાઓ પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા અલ્પ હોય છે. આમાં ગુજરાતી અને બંગાળીનો અપવાદ ધ્યાન ખેંચનારો છે. આનો અર્થ એવો થાય છે કે આ બે રાજ્યોમાં શાળા કક્ષાએ માતૃભાષા પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મોટી છે. એ બે રાજયોમાં અંગ્રેજીનો મહિમા છે જ, પણ દેશના અન્ય રાજયોની તુલનામાં ઓછો છે.

વિવિધ ભાષા પસંદ કરનાર વિદ્યાર્થીઓનો દેખાવ તપાસવા જેવો છે. પ્રસ્તુત પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ માટે લાયક નીવડ્યા એનું પ્રમાણ તપાસવાથી વિદ્યાર્થીઓનો દેખાવ જાણી શકાય. અંગ્રેજીમાં ૫૮.૯ ટકા વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર જણાયા હતા. બીજા નંબરે ગુજરાતી માધ્યમ પસંદ કરનાર વિદ્યાર્થીઓ આવતા હતા. ગુજરાતી માધ્યમના ૫૧.૭ ટકા વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર થયા હતા. એની સરખામણીમાં હિન્દીમાં ૪૮.૭ ટકા, બંગાળીમાં ૪૩.૪ ટકા અને કન્નડમાં ૪૦.૫ ટકા વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર થયા હતા. બીજી બાજુ મરાઠીમાં ૧૭.૨ ટકા અને તેલુગુમાં ૨૭.૬ ટકા વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર થયા હતા. આમ, ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓનો દેખાવ રાષ્ટ્રીય કક્ષાએ ઊપસી આવે છે. ભૂતકાળમાં નજર કરીએ તો તે વર્ષોમાં શાળાઓમાં ગુજરાતી માધ્યમ જ મોટા ભાગે ચાલતું હતું. એ વર્ષોમાં મેડિકલમાં જનારા વિદ્યાર્થીઓ શાળાકક્ષાએ ગુજરાતી માધ્યમાં જ ભણ્યા હતા અને છતાં એમાંથી આપણને ઉત્તમ ડૉક્ટરો મળ્યા છે. ગુજરાતે પોતાની આ પરંપરા જાળવી રાખી છે.

બીજી રીતે ગુજરાતના વિદ્યાર્થીઓનો દેખાવ તપાસીએ તો ક્રમમાં પહેલાં, ૨૦,૦૦૦માં આવનાર વિદ્યાર્થીઓમાં ગુજરાતી વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪૬ હતી, હિન્દીમાં ૨૪૪૫ અને અંગ્રેજીમાં ૧૭,૧૫૫ હતી અને ટકામાં મૂકીએ તો આ તફાવત બહુ મોટો જણાતો નથી. અંગ્રેજી માધ્યમ પસંદ કરનારા કુલ વિદ્યાર્થીઓમાં ૧.૫૮ ટકા, હિન્દી માધ્યમ પસંદ કરનાર વિદ્યાર્થીઓમાં ૧.૨૩ ટકા ગુજરાતી માધ્યમ પસંદ કરનાર વિદ્યાર્થીઓમાંથી ૧.૧૮ ટકા વિદ્યાર્થીઓ પહેલાં ૨૦,૦૦૦માં આવ્યા હતા.

સરકાર હવે ITI જેવી સંસ્થાઓ માટેની પ્રવેશપરીક્ષાઓ માટે પણ પ્રાદેશિક ભાષાઓનો ઉપયોગ કરવા માગે છે. એ માટે નવ પ્રાદેશિક ભાષાઓ પસંદ કરવામાં આવી છે. નીટનો આ અનુભવ જોતાં બે કે ત્રણ

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


# પ્રકાશન વિભાગ




**શિક્ષણપ્રયોગ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**ડોલ્ટન યોજના**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**વિરલ વિદ્યાપુરુષ**
ડો. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ





**શિક્ષણ વિચાર**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





**જીવનલક્ષી શિક્ષણ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**કોઈએ નહોતું કીધું**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૪૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**સ્મરણયાત્રા**
જશીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**સપનાં થયાં સાકાર**
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**સ્મૃતિ સુમન**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**કાળી વાદળી ઉજળી કોર**
જશીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિના અસવાર**
જશીબેન નાયક
કિંમત : ૪૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**LIGHT IN THE EAST**
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal




**સંભારણાં**
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ




**સ્મૃતિ ઝરણાં**
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ





**સ્મરણ પુષ્પ**
કિંમત : ૯૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ




**સરદાર ગાથા**
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ઘરશાળા
માર્ચ-૨૦૨૧
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-



# અશ્રુપાત નહીં આંતરવ્યથા

## ઝવેરચંદ મેઘાણી

૨૮, ઓગસ્ટ-૧૮૯૬ ● ૯ માર્ચ-૧૯૪૭

આખા રાષ્ટ્રમાં ઘૂમનારા પરદેશી વિદ્વાને કાઠિયાવાડના તળપદા સંસ્કારધનમાં દેખેલું આ સૌંદર્ય અત્યારે છેલ્લા શ્વાસ ઘૂંટી રહેલ છે. એના પર હું અશ્રુપાત કરવાનું કોઈને કહેતો નથી. કાળનું ચક્ર ફરે છે તે સારાને માટે જ છે. કાળચક્રના ફરવા સાથે જૂની સ્થિતિનું સૌંદર્ય અલોપ થાય છે, તો નવી અવસ્થાનું રહસ્ય ઉપર આવે છે. વિદાય લેતા કાળને વળામણાં દેતે દેતે આંતરવ્યથા ફક્ત આટલી જ કે એની સંપૂર્ણપરણે સુરેખ છબી, એની તવારીખ અને એના યુગબોલ આપણે આપણી અનુભવપોથીમાં અંકિત કરી શક્યાં નથી.

('જન્મભૂમિ' દૈનિક : ૧૯૩૯)

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.